# પ્રકરણઃ ૭

# વાસ્તુશાસ્ત્રમાં ફલાદેશો અને તેની પ્રાસંગિકતાઓ

# પ્રકરણ: ૭
# વાસ્તુશાસ્ત્રમાં ફલાદેશો અને તેની પ્રાસંગિકતાઓ

- દિશા સંબંધી ફલાદેશ
- ભૂખંડના ફલાદેશ
- વૃક્ષ સંબંધી ફલાદેશ
- શિલ્પી સંબંધી ફલાદેશ
- આય-વ્યય સંબંધી ફલાદેશ
- શિલાસંબંધી ફલાદેશ
- જલાશય સંબંધી ફલાદેશ
- ગૃહારંભ સંબંધી ફલાદેશ
- ગૃહપ્રવેશ સંબંધી ફલાદેશ
- ગૃહમાં દેવ સંબંધી ફલાદેશ

# પ્રકરણ-૭

# વાસ્તુશાસ્ત્રમાં ફલાદેશ અને તેની પ્રાસંગિકતાઓ

## ૭.૧ દિશાસંબંધી ફલાદેશ

### ૭.૧.૧ દિક્ પરિચય

પ્રત્યેક વ્યકિતના જીવનમાં દિશાનું અતિશય મહત્ત્વ હોય છે. વ્યકિત કઈ દિશામાં રહેલાં ઘરમાં વસવાટ કરે છે, તે ઘરનો દરવાજો કઈ દિશામાં છે તેનાં પર તેના સુખ, સમૃદ્ધિ અને આબાદીનો આધાર રહે છે.

પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ એ ચાર દિશાઓ તેમજ અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય અને ઈશાન ચારે ખૂણાઓ ગણાય છે. આ પ્રત્યેક દિશા અને ખૂણાઓ પોતપોતાનાં ગુણધર્મો ધરાવે છે. અને તે પ્રમાણે તે વસ્તુમાં રહેનાર જાતકને અસર કરે છે, ફળ આપે છે અને તેને અનુરૂપ તે વ્યકિતની જીવનશૈલી પ્રયોજાય છે. દરેક દિશાના અને ખૂણાના પોતાના સ્વામીઓ છે, જે તેમનું નિયમન કરે છે.

**પૂર્વ:-**

પૂર્વ દિશાને પ્રાચી તરીકે ઓળખવામાં આવે છે અને તેનો સ્વામી ઈન્દ્ર છે. વજ્ર તેનું હથિયાર છે. તે અંધકાર, દુકાળ અને દૂષિત વાતાવરણનો નાશ કરનાર મનાય છે. તેને પર્જન્ય વૃષ્ટિનો દેવ માનવામાં આવે છે. ધન-ધાન્ય, પશુ, વગેરેની વૃદ્ધિ કરવી હોય તો ઈન્દ્રની ઉપાસના કરવી જોઈએ. સૂર્ય, અગ્નિ, ઈન્દ્ર, જયન્ત, ઈશ, પર્જન્ય, સત્ય, ભૃશ અને આકાશ આટલા દેવતાઓ પૂર્વ દિશામાં વસ્યા છે.

**પશ્ચિમ:-**

પશ્ચિમ એટલે પછી. આ દિશામાં કરેલા કોઈપણ કાર્યનો વિકાસ થવાને બદલે શમન થઈ જાય છે.

આ દિશાનો સ્વામી વરુણ છે. અગત્સ્ય ઋષિનું પ્રાધાન્ય છે. તેનું પ્રભુત્વ પાણી ઉપર છે. તેનો નિવાસ સમુદ્રમાં છે. વરુણ, પુષ્પદન્ત, નન્દી, સુગ્રીવ, પિતર, અસુર, શેષ, પાપયક્ષ્મા અને રોગ. આટલા દેવો પશ્ચિમ દિશામાં વસે છે. વરુણને દૂર્વા અતિ પ્રિય છે. શતતારકા એ વરુણનું નક્ષત્ર છે.

**દક્ષિણ:-**

આ દિશાનો સ્વામી યમ છે. યમ એટલે સૂર્યનો પુત્ર અને વિષ્ણુનો શત્રુ. ભરણી તેનું મહત્ત્વનું નક્ષત્ર. આસો તેમજ કારતક માસના છેલ્લા આઠ દિવસો દરમ્યાન તેનું પ્રભુત્વ વધારે હોય છે. આ દિશા યમોન્મુખ હોવાથી આયુષ્ય ક્ષીણ કરનારી છે. તે સર્વ શુભ કાર્યો માટે વર્જ્ય છે.

યમ, ગંધર્વ, ભૃંગરાજ, મૃગ, પૂષા, વિથ અને ગ્રહક્ષતઃ આ દેવતાઓનો વસવાટ દક્ષિણ દિશામાં હોય છે.

**ઉત્તરઃ-**

આ દિશાનો સ્વામી કુબેર છે. કુબેર એટલે અખૂટ ધનભંડાર છે. યક્ષ અને કિન્નરોનો તે રાજા છે. રુદ્ર તેનો મિત્ર છે. કૈલાસ પર્વત ઉપર કુબેરનો વસવાટ છે. તેને ત્રણ પગ, આઠ હાથ અને એક આંખની જગ્યાએ પીળું ટપકું હોવાથી તેમનું નામ કુબેર પડયું છે.

ઉત્તરનો શબ્દાર્થ ઓળંગી જવું, અથવા સર્વોત્કૃષ્ટ, શ્રેષ્ઠ, પાર ઉતારનાર, વગેરે થાય છે. બુધ એનો ગ્રહ છે, અને અંધારિયા પખવાડિયામાં તેનું પ્રભુત્વ વધે છે. કુબેર દિતિ, અદિતિ, શૈલ, નાગ, મુખ્ય અને ભલ્લાટ વગેરે દેવતાઓ આ દિશામાં વસે છે.

### ૭.૧.૨. દિક્જ્ઞાન દર્શન[૬]

| દિશા | પૂર્વ | અગ્નિ | દક્ષિણ | નૈઋત્ય | પશ્ચિમ | વાયવ્ય | ઉત્તર | ઈશાન |
|---|---|---|---|---|---|---|---|---|
| દિશાના દેવતા | ઈન્દ્ર | અગ્નિ | યમ | નિર્ઋતિ | વરુણ | વાયુ | કુબેર | ઈશ્વર |
| ગ્રહ | સૂર્ય | શુક્ર | મંગળ | કેતુ | શનિ | ચંદ્ર | બુધ | ગુરુ |
| ગ્રહના દેવતા | અગ્નિ | ઈન્દ્રાણી | સ્કંદ | આકાશ | બ્રહ્મા | વરુણ | વિષ્ણુ | ઈન્દ્ર |
| ગ્રહના રંગ | લાલ | કર્બુર | લાલ | રંગબેરંગી | કાળો | ધોળો | લીલો | પીળો |
| તત્ત્વ | અગ્નિ | જળ | અગ્નિ | તેજ | વાયુ | જળ | ભુમિ | આકાશ |
| ગુણ | સત્ત્વ | રાજસ | તામસ | તામસ | તામસ | સત્ત્વ | રાજસ | સત્ત્વ |
| ધાતુઉપધાતુ | સોનું<br>તાંબુ | સોનું<br>રૂપુ | સોનું<br>તાંબુ | સોનું<br>ધારદાર<br>લોખંડ | સોનું<br>લોઢુ | સોનું<br>રૂપુ | સોનું<br>કાંસુ | સોનું<br>કાંસુ |
| ધાન્ય | ઘઉં | ચણા | મસૂર | તલ | અડદ | સફેદ ચોખા | મગ | ચોખા |

આ કોષ્ટક પરથી સમજી શકાશે કે કઈ દિશામાં કયા દેવ કે ગ્રહની સત્તા છે. વળી તે ગ્રહના પણ કયા દેવતા છે. વળી જે ગ્રહની પ્રિયવસ્તુ- પદાર્થ કયાં -કયાં છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે દિશામાં અથવા ખૂણામાં જે ગ્રહ અથવા દેવતાની પ્રિયવસ્તુ અથવા તે દિશાના ગુણવાળી વસ્તુ કે કાર્ય બહુ સારાં થાય અથવા સચવાય.

**શાસ્ત્રોકતગૃહરચના**[2]







વાસ્તુશાસ્ત્રના આધારે મકાનમાં વિવિધકામો કેવી રીતે કરી શકાય તેનો ખ્યાલ આપ્યો છે.

મકાન મોટુ હોવું તે અગત્યનું નથી. એક જ રૂમનું મકાન હોય તો પણ તેમા ઉપયોગી વસ્તુઓને તેની યોગ્ય દિશામાં અથવા ખૂણામાં રાખી શકાય છે અને એ રીતે સુખી બની શકાય છે.

## ૭.૧.૩ દિશાઓનો માનવજીવન પર પ્રભાવ

➢ સૂર્ય પૂર્વમાંથી ઉદય થાય છે. તેથી કોઈ પણ ભવનનું નિર્માણ કરતી વખતે પૂર્વદિશામાં ખાલી અથવા ખુલ્લુ સ્થાન છોડવું અનિવાર્ય છે. કારણકે ભવનમાં પ્રાતઃ કાળના સૂર્યકિરણોનું આગમન ભવનમાં થાય છે. તેથી લોકો સ્વસ્થ રહે છે. એક મતાનુસાર પૂર્વ દિશાને પૈતૃક સ્થાન માનવામા આવે છે. આથી પૂર્વ દિશા ખુલ્લી રાખવાથી વંશના સ્વામીને હાનિ પહોંચતી નથી.

➢ આગ્નેય દિશા માનવજીવનમાં સ્વાસ્થ્ય પ્રદાન કરે છે તે દિશામાં અગ્નિસંબંધી કાર્ય જ કરવા જોઈએ. અન્યથા હાનિની સંભાવના રહે છે.

➢ નૈઋત્ય દિશા સ્વયંના વ્યવહાર અને આચાર વિચાર માટે ઉતરદાયી બની રહે છે. તેથી નૈઋત્ય ખૂણામાં કોઈ પણ દોષ ન રહેવો જોઈએ. નૈઋત્ય કોણ ઈશાનથી ઉંચો અને ભારી હોવો જોઈએ.

➢ પશ્ચિમ દિશાનો ઉચિત પ્રયોગ સફલતા, યશ અને ભવ્યતા પ્રદાન કરે છે.

➢ વાયવ્ય દિશાનો પ્રયોગ અન્ય વ્યકિતઓ સાથે પરસ્પરસંબંધ નિયંત્રિત કરે છે. જો વાયવ્ય કોણનો પ્રયોગવાસ્તુ અનુસાર કરવામા આવે તો આજુ શત્રુ છે, કાલે મિત્ર પણ બની શકે છે.

➢ ઉત્તર પૈતૃક સ્થાન છે. ઉત્તર દિશામા ખાલી સ્થાન છોડવુ જરૂરી છે. કારણકે તેથી પૈતૃક પક્ષને હાનિ પહોચતી નથી.

➢ ઈશાન ખૂણામાં ઈશ્વરનું સ્થાન માનવામા આવે છે. તેનો સ્વામી સોમ છે, સૂર્ય છે, શિવ છે. તેનો છેદ ન થવો જોઈએ. ઈશાન વંશ-વૃદ્ધિ અને સ્થાયિત્વ પ્રદાન કરે છે. તેથી જ એમ કહેવાય છે કે આ ખૂણામા હલકો સામાન રાખવાનો અને સદૈવ શુદ્ધ રાખવાનો.

## ૭.૧.૪ દિક્ સંબંધી દેવતાઓ

વાસ્તુશાસ્ત્રમાં ચાર દિશાઓ અને ચાર ખૂણાનું મહત્વ છે. પૂર્વથી ઉદિત થવા વાળા સૂર્યની ઉપાસનાનુ મહત્વ છે. સૂર્ય કિરણોની જીવનદાયિની શકિતનો ભરપૂર લાભ ઉઠાવવા માટે પૂર્વ દિશાની પ્રધાનતાને સ્વીકારી છે. પ્રાચીન ઋષિઓએ પહેલા જ આ વાત કરી હતી જેના પર આજે વિજ્ઞાને મહોર મારી દીધી છે.

दिशा - देवता चक्रम[3]

| दिशा | स्वामी | निवास स्थान |
|---|---|---|
| पूर्व | इन्द्र | विष्णु, सूर्य, चंद्र |
| पमि | वढण | विश्वकर्मा, सागर, नदी, वढण |
| उत्तर | कुबेर | विशाखा, स्कंद, सोम कुबेर |
| दक्षिण | यम | गणेश, भूत, प्रेत, यमराज |
| आग्नेय | माढति | सनत कुमार, सावित्री, हनुमान |
| नैऋत्य | राक्षस | भद्रकाली, पितृगण |
| वायव्य | शनि | शनि, कात्यायनी |
| इशान | शंकर | महेश, लक्ष्मी, अग्नि |

ઈશાનકોણમાં પૂજા સ્થલ સર્વાધિક યોગ્ય છે. પૂજા સ્થળમાં મૂર્તિનું મુખ પૂર્વ-પશ્ચિમ યા તો દક્ષિણ તરફ હોવુ જોઈએ. બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઈન્દ્ર, સૂર્ય, કાર્તિકેય કે જેની મૂર્તિઓનું મુખ પૂર્વ યા પશ્ચિમ દિશા તરફ હોવુ જોઈએ. શ્રીગણેશ, કુબેર, અને માતૃદેવીઓનુ મુખ દક્ષિણ દિશામાં હોવુ જોઈએ. હનુમાનજીની મૂર્તિ નૈઋત્યકોણમાં હોવી જોઈએ.

માનવ મસ્તક શરીરનું પ્રધાન અંગ છે. ઈશાન કોણમાં અર્ચના સમયે ચુંબકીય તરંગો ઉત્તર તરફથી પ્રાપ્ત થવાવાળી શુદ્ધ હવા આપણને અનુકૂળ ઉર્જા આપે છે. જેનાથી અનુકૂળ પ્રભાવ પડે છે. ઘરમાં પણ એકાગ્રતા અને શાંતિ મળે છે.

સૂર્યદેવનું પૂજન વાસ્તુ પુઢષમાં વિભિન્ન દેવતાઓનાં રૂપમાં કરવામાં આવે છે. તેની પાછળ નું કારણ એ છે કે સૂર્યથી સર્વાધિક લાભ મળી શકે છે.

વાસ્તુને ધાર્મિક કૃત્યો જોડીને આપણે સાકાર બ્રહ્મ સાથે સંબંધ સ્થાપિત કરીને ભવનને મંદિર જેવું માનીને પૂજા,આરાધના, સાધના કરી શકીએ છીએ. જેનાથી આપણને સુખ-સમૃદ્ધિ અને શાંતિ પ્રાપ્ત કરી શકીએ છીએ.

માનવ મસ્તક શરીરનું સંવેદનશીલ અંગ છે. ઈશાન કોણમાં અર્ચના સમયે ચુંબકીય તરંગો અને ઉત્તરદિશા તરફથી પ્રાપ્ત થવાવાળી શુદ્ધ હવાથી આપણને ઉર્જા પ્રાપ્ત થાય છે. જેનાથી અનુકૂળ પ્રભાવ પડે છે. જેનાથી આપણને એકાગ્રતા અને આત્મિક શાંતિ પ્રાપ્ત કરવામાં સહાય મળે છે.

## ૭.૧.૫ પૂર્વોન્મુખી ભવનનું ફલાદેશ

દિશા-પૂર્વ, સ્વામી- બ્રહ્મા-ઈન્દ્ર, આયુધ-વજ્ર

**સુપરિણામ**

➢ પૂર્વ ભાગમાં વધારે ખાલી જગ્યા હોય તો તે ધન અને વંશ વૃદ્ધિની સાથે પુત્ર-સંતાનનો લાભ આપે છે.

➢ મકાનનું પ્રવેશદ્વાર પૂર્વ દિશામાં હોય તો તેનો સ્વામી સૂર્ય ના ગુણધર્મ અનુસાર તે મકાનના સ્વામી નો સ્વભાવ સંતોષી, મહત્વાકાંક્ષી અને સાહસી હશે.

➢ ઘરની પૂર્વ દિશામાં દિવાલ જેટલી નીચી તેટલો મકાન માલિકને યશ પ્રપ્ત થશે.

➢ મકાનમાં પાણીનો ઢાળ પણ જો પૂર્વ દિશામાથી થઈને બહાર નીકળે તો ઘરના પુઢષનું સ્વાસ્થ્ય સારું રહેશે.

➢ પૂર્વ દિશામાં કૂવો અથવા પાણીની ટાંકી હોય તો તે શુભ ફલદાયી રહેશે.

➢ ભૂખંડ પર બનાવેલા ભવન, ઓરડા-ઓસરીઓનો પૂર્વ ભાગ પણ જેટલો નીચો હશે તો

બધીજ  સંપત્તિની સાથે- સાથે મકાનમાં રહેવાવાળાને સ્વાસ્થ્ય સારું રહેશે એમ ભૃગુ સંહિતા અધ્યાય-૩૮માં કહ્યું છે.

➢ પૂર્વ દિશામાં માથું રાખી સૂવાથી રક્તપ્રવાહની ગતિ એકસરખી રહે છે. મન પ્રફુલ્લિત રહે છે.

प्राक्शिरा शयने विद्या दक्षिणे सुखसंपदा ।
पमि प्रबले चिंता हानिः मृत्युः तदोतरे ।। [४]

### દુષ્પરિણામ

➢ પૂર્વ દિશાની જગ્યા ઉચી હશે તો ગૃહસ્વામી દરિદ્ર બની જાય છે. તેમનું સંતાન  અસ્વસ્થ અને મંદબુદ્ધિ વાળું બને છે.

➢ પૂર્વ દિશામાં બનાવેલું મુખ્ય દ્વાર અથવા અન્ય દ્વાર આગ્નેયમુખી હોય તો દરિદ્રતા,અદાલતી કિસ્સાઓ,ચોરો અને અગ્નિનો ભય રહે છે.

➢ પૂર્વ દિશામાં સડકથી મકાનના પશ્ચિમમાં ખાલી નીચી જગ્યા હોય તો મકાનમાં રહેવા વાળા રોગ વિકારનો શિકાર બને છે.

➢ પૂર્વભાગમાં કૂડા, કચરા, પથ્થરોના ઢગલાં,માટીના ઢગલાં,વગેરે હોય તો ધન અને સંતાનની હાનિ થાય છે.

➢ પૂર્વ દિશામાં ખાલી જગ્યા હોવી ન જોઈએ જો ઓસરીનો ઢાળ પૂર્વ ને બદલે પશ્ચિમ તરફ હોય તો તેના માલિકને આંખની બીમારી, લકવા વગેરેનો શિકાર  થાય છે.

➢ પૂર્વ દિશામાં બનાવેલી ચાર દિવાલો પશ્ચિમ દિશા બનાવેલી દિવાલોથી ઉચી હોય તો સંતાનની હાનિ થાય છે.

## ૭.૧.૬ ઉત્તરોન્મુખી ભવન

### સુપરિણામઃ-

➢ ઉત્તરોન્મુખી પ્રવેશ દ્વારવાળા મકાનના પૂર્વમાં ખાલી જગ્યા ન હોવી જોઈએ. ઉત્તરભાગમાં ગૃહનિર્માણ કરતી વખતે તેની ઉલ્ટી દિશાના ઓરડાનુ સ્તર ઘટાડીને તેનું નિર્માણ કરવું. તે શ્રેયસ્કર છે.

➢ ઉત્તરભાગથી થઈને વરસાદનુ પાણી ઈશાન તરફવહે તો શુભ ફલ પ્રાપ્ત થાય છે.

➢ ઉત્તર દિશાનું દ્વાર ઈશાન દિશા તરફ હોય તો તેના સંતાનો યોગ્ય હશે. તે મકાનમાં રહેવા વાળા પરિવાર સુખ શાંતિથી જીવન વિતાવશે.

➢ ઉત્તર દિશામાં ઢળાવદાર ઓસરી બનાવવાથી તે મકાનમાં રહેવાવાળી સ્ત્રીઓનું સ્વાસ્થ્ય ઠીક રહેશે. અને તેને લાંબી ઉંમર પ્રાપ્ત થશે.

➢ ઉત્તરદિશામાં ખાલી જગ્યા હોય તો તેને ખરીદી લેવી અને પોતાના મકાનની સાથે ભેળવી દેવી. ઐશ્વર્ય, સુખ, અને સંતોષ પ્રાપ્ત થશે.

➢ મકાનની ચાર દિવાલની ઉત્તરમાં ખાલી જગ્યા હોય તો ઐશ્વર્ય સાથે-સાથે અધિક સમૃદ્ધિ મળે છે.

➢ ઉત્તરદિશાનો ઓટલો મધ્યસ્થાનની સરખામણીમાં નીચો હોય તો આર્થિક પ્રગતિ થાય છે.

**દુષ્પરિણામ**

➢ ઉત્તરદિશા જો ઉંચી હોય તો ઘરની સ્ત્રીઓ રોગગ્રસ્ત હોય અનેપારિવારિક સંપતિનો ક્ષય થાય છે.

➢ ઉત્તરદિશામાં ખાલી જગ્યા ન હોય અને દક્ષિણમાં ખાલી જગ્યા હોય તો તે મકાન ઉજડીને બીજાની સંપત્તિ બની જાય છે.

➢ ઉત્તરભાગનું દ્વાર વાયવ્યમુખી હોવાથી ચોર અગ્નિનો ભય રહે છે.

➢ ઉત્તર દિશામાં કૂડા, કચરા,ગાયનું છાણ વગેરે હોય તો ધનહાનિ થાય છે.

➢ ઉત્તરદિશામાં ઓટલો ઉચો હોય તો મકાનમાં રહેવાવાળા પર અધિક કરજ થાય છે. ઘરમાં અશાંતિ રહે છે.

## ૭.૧.૭ દક્ષિણોન્મુખી ભવનઃ-

દિશા-દક્ષિણ, સ્વામી- યમ, આયુધ-દંડ

**સુપરિણામઃ-**

➢ જો દક્ષિણભાગ ઉચો હોય તો મકાનમાં રહેવાવાળાનું સ્વાસ્થ્ય ઉતમ રહે છે.

➢ દક્ષિણ દિશા ઉંચી કરાને બેકાર સામાનને ત્યા રાખવાથી શુભ ફળ મળે છે.

➢ દક્ષિણભાગના દ્વાર કેવળ દક્ષિણોન્મુખી હોય તો મકાન માલિક સમૃધ્ધ બને છે.

➢ ભૂખંડની બાજુમાં દક્ષિણમાં રસ્તો હોય તો દક્ષિણભાગની બાજુમાં ગૃહનિર્માણ કરાવવું જોઈએ. જો દક્ષિણમાં ભૂખંડની બાજુમાં જ બીજા કોઈની જમીન હોય યા તો નાલા હોય છે. પહેલા ચાર દિવાલો બનાવીને તેને બે કે ત્રણ ફૂટ દૂર છોડીને મકાન બનાવવું. ત્યારે જ ગૃહ શાંતિપૂર્વકનું બને છે.

➢ દક્ષિણી ભાગમાં ઓરડા ઊંચા બનાવવામાં આવે તો મકાન માલિકને ઐશ્વર્ય મળે છે.

➢ દક્ષિણ ભાગમાં ઘર કરતાં ઓટલો થોડોક પણ ઉચો હોય તો સ્વાસ્થ્ય અને આર્થિક લાભ પ્રાપ્ત થાય છે.

➢ દક્ષિણ દિશાનું ઘરનું પાણી ઉત્તર દિશામાં થઈને બહાર નીકળે તો અર્થ લાભ થશે અને સ્ત્રીઓનું સ્વાસ્થ્ય સારું રહે છે.

➢ દક્ષિણ ભાગ ઊંચો હોય અને છાણના ઢગલા તથા પથ્થરના ઢગલા હોય તો બધા જ પ્રકારનું શુભ પરિણામ પ્રાપ્ત થાય છે.

➢ ઘરની અંદરનું પાણી તથા વરસાદનું પાણી ઉત્તર દિશામાંથી નીકળવાની સ્થિતિ ન હોય તો પૂર્વ દિશામાં તેનો નિકાસનો પ્રબંધ કરવો જોઈએ. આમ કરવાથી તે પુઢ્ષ સ્વસ્થ તથા યશસ્વી બને છે.

**દુષ્પરિણામ**

➢ ખાલી જગ્યા, ઘરની ચાર દિવાલો તથા ઓસરીનો દક્ષિણભાગ નીચો હોય તો તેની ઘરની સ્ત્રીઓ હંમેશા બિમાર રહે છે અને આકસ્મિક મૃત્યુનો શિકાર બને છે.

➢ દક્ષિણ ભાગમાં જો કૂવો હોય તો અર્થહાનિ તથા દુર્ઘટનાઓને કારણે મૃત્યુ પણ સંભવે છે.

➢ કેટલાક લોકોનું કહેવુ છે કે દક્ષિણમા યમનો વાસ છે. તેથી થોડી જગ્યા ઓછી કરીને અથવા ચાર દિવાલને હદ બનાવીને નિર્માણ કરાવવામાં આવે તો દોષ રહેતો નથી.

➢ દક્ષિણ ભાગમાં ચાર દીવાલો તથા મકાનની દીવાલો પણ તેની દીવાલો કરતાં ઊંચી હોવી જોઈએ,નહિ તો અશુભ ફળ મળે છે.

➢ દક્ષિણ ભાગમાં અંદરના ભાગની અપેક્ષાએ ઓટલો નીચો હોય તો આવક ઓછી અને બિમારીનો ભય બની રહે છે.

➢ દક્ષિણ ભાગના દરવાજા આગ્નેયમુખી હોય તો ચોર અને અગ્નિભય તથા શત્રુતા અને કાનુની મુશ્કેલીઓમાં ફસાઈ રહેવું પડે છે.

➢ દક્ષિણભાગનો દરવાજો નૈઋત્યમુખી હોય તો રોગ, શત્રુભય અને આકસ્મિક મૃત્યુની સંભાવના રહે છે.

➢ દક્ષિણભાગમાં સ્લેબનુ નિર્માણ સ્તંભ વગર થવું જોઈએ. સ્તંભના કારણે દક્ષિણભાગ નીચે થઈ જાય છે. દક્ષિણભાગનું નીચુ હોવુ તે અનર્થોનું કારણ છે.

## ૭.૧.૮ પશ્ચિમોન્મુખી ભવન – દુષ્પરિણામ

સ્વામી-વઢણ, આયુધ-પાશ, પ્રતિનિધિ ગ્રહ- શનિ

➢ ઘરનો મુખ્ય માર્ગ પશ્ચિમ દિશાવાળો હોય તો ગૃહસ્વામીની આવક ઠીક નહી રહે અને ગુપ્તાંગોની બિમારી રહે છે.

➢ જો ઘરનુ પ્રવેશદ્વાર પૂર્વમાં હોય પશ્ચિમમાં ભારી પથ્થર, ચટ્ટાન, કૂવો હોય તો ઠીક છે. પરંતું પશ્ચિમ કારણથી શનિ, કેતુ, ચંદ્રમાં,મંગલ વગેરે ગ્રહોનો મિશ્ર પ્રભાવ તેમાં રહેવાવાળા લોકો પર પડે છે. આવી સ્થિતિમાં મકાનમાલિક અવરોધને, સંઘર્ષનો સામનો કરવો પડે છે.

➢ પશ્ચિમમાં સ્નાનગૃહ હોય અથવા ગૃહસ્વામીનો શયનકક્ષ પશ્ચિમમાં હોય તો પતિ-પત્નીને વારે ઘડીએ નોકરી અથવા બીજા કોઈ કારણોસર અલગ રહેવું પડે છે.

➢ પશ્ચિમમાં રસોઈઘર હોય તો ગૃહસ્વામી પૈસા કમાય પરંતુ તેની કમાણીમાં બરકત હશે નહિ.

➢ જો પશ્ચિમમાં પૂજા સ્થાન હોય તો ગૃહસ્વામી જયોતિષ, તંત્ર, મંત્ર અને અન્ય ગૂઢવિદ્યાઓનો જાણકાર બનશે અને પશ્ચિમમાં ટોયલેટ, જૂનુ ગોદામ હશે તો ગૃહસ્વામી પર રાહુનો પ્રભાવ રહેવાનો.

➢ ઘરનુ સ્થળ, ઓરડા, ઓસરીનો પશ્ચિમનો ભાગ નીચો હશે તો અપયશ પ્રાપ્ત થશે અને ધનહાની થશે.

➢ પશ્ચિમ દિશામાં રહેલું દ્વાર નૈઋત્ય દિશા તરફનું હશે તો લાંબી બિમારી,આકસ્મિક મૃત્યુ અને આર્થિકહાનિ થવાનો સંભવ રહે છે.

➢ પશ્ચિમી ભાગનું પાણી પશ્ચિમ તરફથી જ બહાર નીકળે તો પુરુષ લાંબી બિમારીનો શિકાર બને છે.

**સુપરિણામ**

➢ પશ્ચિમમાં પાણીની ટાંકી નૈઋત્યમાં હોય તો તેના ગૃહસ્વામીને લાંબી બિમારી નડતી નથી.

➢ જો ચબૂતરા વગેરે ઘરના પશ્ચિમમાં ન રાખવામાં આવે તો ધનહાનિ થતી નથી.

➢ જો રસોઈઘર અગ્નિમાં રાખવામાં આવે તો જ ઘરમાં ગૃહસ્વામી પર કોઈ બાધા આવતી નથી.

➢ પશ્ચિમને બદલે ઈશાન ખૂણામાં નિષ્પ્રયોજન જલ પ્રવાહિત થવું જોઈએ.આથી સમૃદ્ધિ, સિદ્ધિ અને સદ્દવિચારોનું જનક ઘર બની રહે છે.

## ૭.૧.૯ કોણસબંધી ફલાદેશ : આગ્નેયમુખી ભવન : દુષ્પરિણામ (અગ્નિખૂણા)

इशान्यम् देवतागृहम् पूर्वस्यम् स्नानमंदिरम् ।
आग्नेयम् पाकसाधनम् भांडागारम् उत्तरे ।।
आग्नेय पूर्वयोमघ्ये आंज्यग्रहम् पश्यते ।
यमया नैऋत्ययो र्मघ्ये पुरीषं त्याग मंदिरं ।।

नैऋत्यं बुदयोर्मघ्ये विद्याभ्यासस्य मंदिरम् ।
पमिं निलयोर्मघ्ये रोद नधर्म गृहमृस्तृतम् ।। [४]

➢ અગ્નિમાં નિર્મિત ભવન પૂર્વી-આગ્નેય ઊંચો હોય અથવા દક્ષિણ આગ્નેય તથા પૂર્વ દક્ષિણના ભેગો થતા કોણ ઉચો હોય તો ગૃહસ્વામી પર અકલ્પનીય હાનિ થાય છે.

➢ અગ્નિખૂણાના બ્લોક માટે જો પૂર્વ આગ્નેયનો માર્ગનો પ્રહાર થાય અર્થાત્ તો વિઘ્ન રૂપ હોય તો તે પુઢષ ચરિત્રહીન હશે. અને તે ઘરમાં સ્ત્રીની સત્તા ચાલતી હશે.

➢ દક્ષિણમાં મુખ્ય દ્વાર હોય અને પૂર્વ- ઉત્તરને સીમા બનાવીને પૂર્વ-આગ્નેયમાં પાણીની નિકાસ હોય તો બીજા સંતાન પર તેનો ખરાબ પ્રભાવ પડે છે.

➢ પૂર્વ દિશામાં મુખ્ય દ્વાર હોય, ઉત્તરને સીમા બનાવીને દક્ષિણમાં ખાલી સ્થાન હોય અને અગ્નિ ખૂણામાં કૂવો હોય તો દુર્ઘટનામાં સ્ત્રીનું મૃત્યુ થાય છે.

➢ અગ્નિ ખૂણાના બ્લોકની પૂર્વ દિશામાં રસ્તો સીધો ઉત્તરની તરફ નહિ વધીને તે મકાનની પાસે જ સમાપ્ત થાય તો મકાન માલિક પરાધીન થઈ જાય છે.

➢ પૂર્વમાં મુખ્ય દ્વાર હોય, અગ્નિ દિશામાં એક ફાટક હોય અને ઘરનો ઈશાન ખૂણો કપાય જતો હોય તો મકાન માલિક બુદ્ધિમાન હોવા છતાં આત્મહત્યા કરે છે.

➢ મકાનની પૂર્વમાં અગ્નિખૂણામાં દ્વાર ન હોવું જોઈએ નહિ તો ચોર અને અગ્નિનો ભય રહે છે.

➢ અગ્નિખૂણો ઉંચો, નૈઋત્ય, વાયવ્ય, અને ઈશાન નીચો હોય તો મકાનમાં રહેવાવાળાની બદનામી થાય છે.

**ઉપદિશા : આગ્નેયમુખી ભવન**

**સુપરિણામ**

➢ અગ્નિખૂણામાં નિર્મિત રસોઈઘર સમસ્ત સુખ પ્રદાન કરે છે.

➢ આગ્નેય દિશાની દિવાલ નીચી હોય તો સંતાનની હાનિ થતી નથી. તેની દિવાલ અન્ય દિવાલની અપેક્ષાએ નીચી હોવી જોઈએ. મકાનમાં રહેવાવાળાની બદનામી થતી નથી.

➢ અગ્નિ ખૂણામાં બનેલું મકાન પૂર્વી-આગ્નેય નીચું હોય અને દક્ષિણ અગ્નિનું તથા પૂર્વ-દક્ષિણના મળવાવાળો ખૂણો નીચો હોય તો તેની મકાનમાલિકને સુખ મળે છે.

➢ દક્ષિણમાં પ્રવેશદ્વાર હોય તો પશ્ચિમમાં ખાલી સ્થાન ન હોય અને ઉતર અને પૂર્વ દિશાઓમાં ખાલી સ્થાન હોય, ઈશાનમાં કૂવો હોય અને પશ્ચિમની અપેક્ષાએ પૂર્વ દિશાનું સ્થાન નીચુ હોય,

દક્ષિણની અપેક્ષાએ ઉત્તર દિશાની જગ્યા નીચી હોય તો તેવા મકાનના સ્વામી સુખ-વૈભવપૂર્ણ જીવન વિતાવે છે.

➢ આગ્નેય દિશામાં ખાડો ન હોવો જોઈએ અને મકાનમાં ઉપયોગમાં થવાવાળું પાણી અગ્નિ દિશાથી થઈને બહાર નીકળવું ન જોઈએ. જેથી તેના બીજા સંતાનને હાનિ થતી નથી.

### નૈઋત્યમુખી ભવન

### સુપરિણામ

➢ દક્ષિણ, પશ્ચિમ અને નૈઋત્ય દિશામાં અન્ય દિશાઓની અપેક્ષાએ ઉંચી હોવી જોઈએ. આવા ઘરની અંદર રહેવાવાળ બધા જ પ્રકારની સુખ-સુવિધા પ્રાપ્ત કરે છે.

➢ નૈઋત્યમાં મકાન બનાવતી વખતે રસ્તાની દિશામાં નૈઋત્ય ખૂણો આગળ ન વધતો ન હોવો જોઈએ. નૈઋત્યને આગળ વધતો અટકાવવા માટે ઈશાનમાં કૂવો ખોદીને દક્ષિણ-પશ્ચિમ જગ્યા ખાલી જગ્યા ઓછી રાખવી જોઈએ. આથી લોકો ઐશ્વર્યસંપન્ન રહે છે.

➢ નૈઋત્ય ભાગમાં મોટા-ઉંચા વૃક્ષો હોય તો તેને કાપવા જોઈએ નહીં. નૈઋત્યનો ભાગ ઉંચો હોવાથી ધન-સુખની પ્રાપ્તિ થાય છે.

➢ નૈઋત્યમાં ઉંચા મકાન પર ગોળાકાર ઝૂંપડી હોય તો શુભ ફળદાયી બને છે. નૈઋત્યમાં રહેલ ચબૂતરા પણ ઉંચા હોવા જોઈએ.

➢ નૈઋત્યમાં છાણના ઢગલાં, પથ્થરના ઢગલા વગેરે હોય તો ધન અને સ્વાસ્થ્યનો લાભ થાય છે.

### દુષ્પરિણામ

➢ નૈઋત્યનો ખૂણો મકાનને અનુકૂળ હોવો જોઈએ. નહિ તો દુષ્પરિણામ ભોગવવું પડે છે.

➢ નૈઋત્યમાં કૂવો હોય તો લાંબી બિમારી અથવા મૃત્યુનો ભય રહે છે.

➢ નૈઋત્ય દક્ષિણથી જોડેલો અથવા પશ્ચિમથી જોડેલો ઉંચો ન હોવો જોઈએ. દક્ષિણ-નૈઋત્યમાં વૃદ્ધિ સ્ત્રીઓને માટે, પશ્ચિમ-નૈઋત્યમાં વૃદ્ધિ પુઢષોને માટે અને પશ્ચિમ-નૈઋત્ય બંને દિશાઓ મળીને અથવા કોણમાં ઉન્નત હોય તો સ્ત્રી અને પુઢષ બંને માટે કષ્ટપ્રદ છે.

➢ દક્ષિણ-નૈઋત્ય અથવા તો પશ્ચિમ-નૈઋત્યમાં ચાર દિવાલ અથવા મકાનને માટે દ્વાર હોય તો અપયશ, જેલ, આત્મહત્યા વગેરે દુર્ઘટના થાય. આ દ્વાર શત્રુસ્થાન પર હોવાથી હૃદયસબંધી તકલીફો વગેરે ઉદ્ભવે.

➢ ઈશાનની અપેક્ષાએ નૈઋત્ય ખૂણો નીચો હોય તો અથવા તો ઈશાનથી નૈઋત્ય તરફ પાણીનો ઢાળ હોવાથી શત્રુતા વધે છે.

➢ નૈઋત્યમુખી મકાનો માટે પશ્ચિમ-દક્ષિણમાં પૂર્વ-ઉત્તરની અપેક્ષાએ અધિક ખાલી જગ્યા દક્ષિણ ભાગમાં અધિક હોય તો પુઢષ અલ્પાયુ અને અસ્વસ્થ થશે.

➢ નૈઋત્યકક્ષનો ઉપયોગ સ્નાનાગર કે ટોયલેટના રૂપમાં ઉપયોગ કરવો જોઈએ નહિ, નહિ તો આર્થિક નુકશાન થાય છે.

➢ નૈઋત્યમાં કૂવા ન હોવા જોઈએ. નહિ તો તે મકાનના સ્ત્રી પુઢષ નકામા રોગોના શિકાર બને છે.

## ✵ વાયવ્યમુખી ભવન

### સુપરિણામ

➢ વાયવ્યદિશાનો બ્લોક પર પશ્ચિમ-વાયવ્ય માર્ગ પ્રહાર હોય તો તે મકાનમાં રહેવાવાળાને યશ પ્રાપ્ત થાય છે.

➢ ઉચ્ચ સ્થાનવાળા પશ્ચિમ -વાયવ્ય દિશાનું ગમન ઉત્તમ ફલદાયી છે.

➢ વાયવ્ય ઓરડામાં ગૃહોપયોગી ભારી સામાન, સીડી હોય, અગ્નેયની અપેક્ષાએ વાયવ્ય નીચો હોય અને ઈશાનની અપેક્ષાએ ઉંચો હોય તો સ્થિતિ ઉત્તમ ફલદાયક રહેવાની.

➢ પશ્ચિમોન્મુખ દ્વારવાળા મકાન માટે પશ્ચિમની અપેક્ષાએ પૂર્વમાં વધારે ખાલી જગ્યા, દક્ષિણની અપેક્ષાએ ઉત્તરમાં ખાલી જગ્યા હોય અને પૂર્વ-ઉત્તરની ચાર દિવાલો પર કોઈ પ્રકારનું નિર્માણ કર્યા વિના ઈશાનમાં કૂવા અને અગ્નિ ખૂણામાં રસોઈઘર હોય તો તેવા મકાનમાં બુદ્ધિમાન અને ન્યાયપ્રિય વ્યકિત નિવાસ કરે છે.

### દુષ્પરિણામ

➢ ઉતર વાયવ્ય માર્ગ પ્રહાર હોય તો તેવા મકાનમાં રહેવાવાળી સ્ત્રીઓ સુખી થતી નથી.

➢ ઉત્તર વાયવ્ય ખૂણો ઉચો હોય તો તેમાં રહેવા વાળા અદાલતી કાર્યવાહી, ચોર તથા અગ્નિના ભયથી ડરતા રહે છે.

➢ ઈશાનની અપેક્ષાએ વાયવ્ય નીચે હોય અને કૂવા તથા ખાડા પણ તે દિશામાં હોય તો મકાનના નિવાસીઓને બિમારી તથા અદાલતી કાર્યવાહીઓ કરવી પડે છે.

➢ વાયવ્ય કક્ષમાં રસોઈઘર હોય તો તે ઘરમાં હંમેશા અતિથિઓની દોડધામ રહેવાની અને ભોજન ખર્ચ અધિક હોવાનો.

- વાયવ્ય ખૂણો ઉચો હોય અથવા ઢાંકેલો હોય તે મકાન માલિકની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે અને તે આત્મહત્યા કરવા પર મજબૂર થઈ જાય છે.

## ✵ ઈશાનોન્મુખી ભવન

- ઉત્તરમાં મુખ્ય દ્વાર હોય અથવા પૂર્વમાં તે બન્ને શુભદાયક છે તો પણ ઈશાન દિશામાં દ્વાર બનાવીને તેને ખુલ્લુ રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ.

- ઈશાન ખૂણામાં પૂર્વ ઈશાનમાં નિર્ગમ દ્વારમાં (નિકળવાનો માર્ગ)રાખવો આવશ્યક છે જે ઐશ્વર્ય લાભ આપે છે.

- નિવાસ સ્થાનથી પૂર્વ ઉતર દિશા કે ઈશાન ખૂણા બાજુમાં પાણીનો કૂવો, નદી, નાળા, તળાવ જેવા જળ સ્થળ આવેલા હોય તે ઈચ્છનીય છે. આવા નિવાસ સ્થાનમાં રહેનારને તે ધન, સંપતિ બક્ષે છે.

- જમીન પરનો ટાંકો પણ ઈશાન ખૂણા તથા ઉત્તર દિશા તરફ રાખવો જોઈએ.

- બાથરુમમાંથી બહાર નીકળતુ પાણી ઈશાન તરફ વહે તે રીતે ઢાળ રાખવાથી રહેનારનુ આરોગ્ય સારુ રહે છે.

- ઈશાન ખુણા તરફ કે ઉત્તરમાં કે પૂર્વમાં વધારાની જમીન મળતી હોય તે લેવાથી લાંબે ગાળે ફાયદો થશે એની ઉલટી દિશામાં જમીન લેવાથી હાનિ થવાનો સંભવ રહે છે.

- ઈશાન દિશા કોઈપણ ઉંચી હોવી જોઈએ તેનાથી તે ભવનના સ્વામીને શુભફળ પ્રાપ્ત થાય છે. ઈશાનની દિશા જેટલી ઉચી તેટલી ઉન્નતિ મકાન માલિકને થાય છે.

- ઈશાન ખૂણો મંદિર માટે શ્રેષ્ઠ છે ઈશાન કોણમાં પૂજા વખતે ચુંબકીય તરંગો અને ઉત્તર તરફથી પ્રાપ્ત થવા વાળી વાયુથી આપણને અનુકૂળ ઉર્જા પ્રાપ્ત થાય છે જેનાથી આપણને એકાગ્રતા અને આત્મિક શાંતિ પ્રાપ્ત કરી શકીએ છીએ.

### દુષ્પરિણામ

- ઈશાનમુખી મકાનના દક્ષિણ દ્વારની અપેક્ષાએ ઉત્તરી દ્વાર, પશ્ચિમ દ્વારની અપેક્ષા એ પૂર્વી દ્વાર ઊંચાઈ પર હોય તો દુષ્પરિણામનો ભોગ બનવુ પડે છે.

- મકાન યા તો ચાર દિવાલોની ઈશાન દિશા ઘટી જાય તો પુત્ર સંતાનની પ્રાપ્તિ થતી નથી. અથવા તો તે મંદ બુદ્ધિ યા તો અલ્પાયુ હોય છે.

- મકાનના ઈશાન છોડીને અન્ય કોઈપણ દિશામાં કૂવો કે ખાડો હોય તો નિવાસ કરવા વાળાનો નાશ થાય છે.

➢ ઈશાનમાં વાસ્તુશાસ્ત્રાનુસાર કોઈ ત્રુટિ કે દોષ હોય તો તે મકાનમાં થવા વાળી સંતાન વિકલાંગ થાય છે.

➢ ચાર દિવાલોનો ઈશાન ઠીક હોય પરંતુ મકાનનો ઈશાન લુપ્ત થવો ન જોઈએ. મકાન માલિકને મુશ્કેલીઓનો ભોગ બનવુ પડે છે.

➢ ઈશાન ખૂણામાં કૂડા કચરા યા તો પથ્થરોનો ઢગલો રાખવાથી શત્રુતા વધે છે. આયુષ્ય ઘટે છે.

➢ ઈશાનમાં રસોઈ ઘર હોવાથી ગૃહ કલેશ સાથે ધનક્ષય પણ થાય છે.

➢ ઈશાનમાં ટોઈલેટ હોય તો તે ભવનના નિવાસી ગૃહ કલહ,ચારિત્ર્યહિનતા અથવા રોગોનો શિકાર પણ બને છે.

## ૭.૧.૧૦ મંદિર નિર્માણ સંબધી ફલાદેશ

### ❋ મંદિર યોગ્ય ભૂમિ

આ અતિ મહત્વની વાત છે કે મંદિર યોગ્ય ભૂમિ પર નિર્માણ કરવામાં આવે કારણ કે દીર્ઘકાળ સુધી ત્યાં જ રહી જીવોનું કલ્યાણ સાધન બની શકે છે. આથી મંદિર નિર્માણ હેતુ ભૂમિ શુદ્ધ, સ્નિગ્ધ, સુગંધયુકત, દૂર્વાથી આચ્છાદિત હોય. પરંતુ પોલી, કીડા-મકોડાવાળી, સ્મશાનવાળી ભૂમિ ન હોવી જોઈએ. ખાડાથી યુકત, સૂપાકાર, વાંસયુકત, રેતીલી, નિસ્તેજ, ભૂત-પિશાચવાળી ભૂમિ ત્યાજય છે. આચાર્ય જયસેને નગરની મધ્ય શુદ્ધ પ્રદેશમાં અટવીમાં નદીની બાજુમાં તથા પવિત્ર તીર્થ ભૂમિમાં મંદિર નિર્માણને શુભ બતાવ્યુ છે.

અન્ય મતાનુસાર નગર મધ્યમાં બનાવેલું મંદિર શુભ અને શાંતિદાયક કહેવાય છે.

प्रासादो मण्डप बिना शास्त्रेण यः कृतः ।
विपरीतं विभागेषु योऽन्यथा विनिवेशयेत् ।।
विपरीतं फलं तस्य, अरिष्टं तु प्रजायते ।
आयुर्नाशो मनस्तापः पुत्रनाशः कुलं क्षय ः ।। [५]

અર્થાત્ શાસ્ત્રપ્રમાણ વિના જો દેવાલય, મંડપગૃહ, દુકાન અને જમીનનો ભાગ વગેરે બનાવવામાં આવે તો તેનું વિપરીત ફળ મળે છે, અનિષ્ટ થાય છે. કસમયે મૃત્યુ થાય છે. પુત્રનાશ, કુલક્ષય, મનસ્તાપ થાય છે.

બધાંજ સંપ્રદાયોના અનુયાયીઓ ઈશ્વરની પૂજા માટે કોઈને કોઈ ધર્મસ્થળ રાખે છે. વાસ્તુઅુસાર પુજા સ્થળ યા ધર્મસ્થળ ઈશાન ખૂણામાં હોવુ જોઈએ. તેમા સ્થાપિત મૂર્તિ ઉત્તર યાતો પૂર્વમાં હોવી જોઈએ.

- વિષ્ણુ, શિવ, ઈન્દ્ર, સૂર્ય, કાર્તિકેયની પૂર્વ અથવા તો પશ્ચિમમાં સ્થાપના કરવી જોઈએ.

- બ્રહ્માનું મુખ કોઈપણ દિશામાં રાખવુ જોઈએ.

- નવગ્રહ, ચામુડાં, કુબેર, ગણેશ, ભૈરવની સ્થાપના દક્ષિણમુખ તથા હનુમાનજીનું નૈઋત્યમુખ સ્થાપના કરવી જોઈએ.

- મકાનના ઈશાનખૂણામાં દેવતાઓનો વાસ હોય છે ત્યા શંકરનુ મંદિર કે અન્ય દેવતાઓનું મંદિર બનાવી શકાય છે.

- ગણેશની મૂર્તિ એવી રીતે રાખવી જોઈએ કે જયારે ચરણ સ્પર્શ કરતી વખતે મુખ દક્ષિણ તરફ રહે. મંગલનું પ્રતિક ગણેશજી છે તેથી ગણેશની મૂર્તિ વિર્ચાયા વગર શત્રુ સ્થાનમાં સ્થાપિત કરવાથી નુકશાન થાય છે.

- જો પૂર્વ દિશામાં ગણેશજીની મૂર્તિ સ્થાપના કરવામાં આવે તો અંગારક યોગ બને છે. તેનાથી મકાનમાં રહેવા વાળાને માનસિક પરેશાની, ભાઈઓનું અચાનક મૃત્યુ, હૃદય રોગ વગેરે કષ્ટ સહન કરવુ પડે છે.

- જો ગણેશની સ્થાપના પશ્ચિમ દિશામાં કરવામાં આવે તો શનિ-મંગળ ભેગા થાય છે અને ઘરમાં અકલ્પિત સમસ્યાઓ ખડી થઈ જાય છે કે વળી ગણેશજી દક્ષિણ દિશામાં સ્થાપના કરવાથી દૃષ્ટિ ઉત્તર તરફ રહેશે. ઉત્તરમાં હીમાલય પર્વત છે જયાં તેના માતા પિતા શંકર પાર્વતીનું નિવાસ સ્થાન છે આથી કષ્ટ ઓછુ પડે છે.

- હનુમાનજીની મૂર્તિ યા ચિત્ર ઉત્તર દિશામાં સ્થાપિત કરવાથી તેની દૃષ્ટિ દક્ષિણમાં રહેશે.

- બાકી બધાં દેવતાઓની સ્થાપના એવી રીતે કરવી જોઈએ કે પૂજા કરવા વાળાનુ મુખ ઉત્તર દિશામાં રહે.

- ઘરમાં શિવજીનુ મંદિરમાં બનાવવુ જોઈએ નહી. દેવી દેવતાઓનું ચિત્ર અવશ્ય રાખવું જોઈએ. પરંતુ મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરવી જોઈએ નહી. નહિ તો દેવ દોષ લાગે છે.

- મહોલ્લામાં પીપળાનુ વૃક્ષ અને તેની ચબુતરો (ઓટલા) પર શિવલિંગની સ્થાપના ન કરવી જોઈએ. આમ કરવાથી માનસિક, શારીરિક, સામાજીક દૃષ્ટિથી બરબાદ થાય છે. તેનો અર્થ એમ નથી કે શિવજી બધાનું અકલ્યાણ કરે છે. વાસ્તવમાં આપણે જ શિવજીને આવુ કરીને કષ્ટ પહોંચાડીએ છીએ. ત્યારે તે ક્રોધિત થાય છે. ઈશાનમાં દેવ મદિર કે યા દેવાલય બનાવવા કરતાં પાઠશાળા કે અધ્યયન કક્ષ બનાવવો જોઈએ.

## ✵ દેવાલય (મંદિર) સંબધી દિશા વિચાર

- દેવાલયનો જયારે મુહૂર્ત હોય ત્યારે સૂર્ય જે દિશામાં હોય તે અનુસાર રાહુ મુખનું જ્ઞાન થાય છે. રાહુ મુખથી પાછળની દિશાથી પાયા મુહૂર્ત અથવા શિલાન્યાસ કરવુ જોઈએ.

➢ જો સૂર્ય, મીન, મેષ, વૃષભ રાશિ પર હોય તો રાહુ મુખ ઈશાન કોણ અને પુચ્છ નૈઋત્યમાં હોવાથી રાહુ મુખ ઈશાનમાં હોય તો પાયો અને શિલાન્યાસ અગ્નિખૂણામાં કરવો જોઈએ.

➢ જો સૂર્ય, મીથુન, કર્ક, સિંહ રાશિ પર હોય તો રાહુ મુખ વાયવ્ય અને પુચ્છ અગ્નિ ખૂણામાં હોવાથી આ સ્થિતિમાં નીવ (પાયો) અને શિલાન્યાસ ઈશાન ખૂણાથી કરવો જોઈએ.

➢ જો સૂર્ય, તુલા, કન્યા,વૃશ્ચિક રાશિ પર હોય તો રાહુ મુખ નૈઋત્ય ખુણામાં હોવાનું અને પુચ્છ ઈશાનમા હોવાની રાહુ વાયવ્યમાં હોય તો આ રીતે હોય તો નીવખનન અને શિલાન્યાસ વાયવ્ય કોણથી શરૂ કરવુ જોઈએ.

➢ જો સૂર્ય, ધનુ, મકર, કુંભ રાશિ પર હોય તો રાહુ મુખ આગ્નેયકોણમાં અને પુચ્છ વાયવ્ય કોણમાં હોવાની રાહુ મુખ આગ્નેય કોણમાં હોય તો નીવખનન શિલાન્યાસ નૈઋત્ય કોણથી કરવો જોઈએ.

## ૭.૨ ભૂખંડના ફલાદેશ

### ૭.૨.૧ ભૂમિકા

ભવન નિર્માણની પ્રક્રિયાનું પ્રથમ ચરણ ભૂમિપસંદગીની છે. વાસ્તુશાસ્ત્રમાં ભૂખંડની મહત્તા સ્વીકારી છે. ભૂમિને માતાનું સ્થાન આપવામાં આવ્યું છે. તેથી ભૂમિ આરાધ્ય છે.

### ૭.૨.૨ ભૂમિપરીક્ષણ રીત

व्योम विस्तारं थो रैक्यं ग्रामाक्षर समन्वितम् ।
चतुर्गुणं नाम युक्तं शिवनेक्षेणे भाजितम् ।।
एकेन जीविता भूमिद्वर्भ्या च समता भवेत् ।
शून्यशेषे तु शून्यं स्वादित्युक्तं रूदयामाले ।। [६]

ભૂમિની લંબાઈ અને પહોળાઈને ગુણી તેમાં ગામના નામાક્ષર જોડવાં. ચાર ગુણા કરીને તેમાં ઘરધણીના નામાક્ષર જોડવા. ત્રણભાગ કરતા એક વધે તો જીવિત બે શેષ વધે તો સમતા અને ત્રણ વધે તો મૃતા ભૂમિ જાણવી.

खातं भूमिपरीक्षणे करमितं तत्पुरयेतन्मुदा ।
हीने हीन फलं समे सम फलं लाभोरजोवर्धने ।।
तत्कृत्वा जलपूर्णमा शतपद गत्वा परीक्ष्यं पुनः ।
पाद्योनेऽर्ध विहिनकेऽथ निभृते मघ्याऽधमेष्टाम्बभिव ।। [७]

અર્થાત્ પૃથ્વીની પરીક્ષા બીજા પ્રકારે પણ કરવાનું કહ્યું છે. ગૃહ કરવાની જમીનમાં એક હાથ ખાડો ખોદવો. અને તે ખાડો ખોદતા નીકળેલી માટી તે ખાડામાં પૂરતા ઘટે તો હીન ફળ જાણવું.

બરાબર થાય તો સાધારણ જાણવું અને માટી વધે તો લાભદાયક જાણવું. બીજી રીત, ખાડામાં પૃથ્વીની સપાટી બરાબર પાણી ભરી તેનાથી સો ડગલા દૂર જઈને પાછા આવી ભરેલું પાણી જોવું, જો ચોથા ભાગનું પાણી ઘટયુ હોય તો મધ્યમ અર્ધા ભાગનું ઘટયુ હોય તો અધમ ફળ જાણવું અને ભર્યું હોય તેટલું રહ્યું હોય તો ઉત્તમ ફળ જાણવું.

शस्त्रौषधि द्रुम लता-मधुरा-सुगन्धा, ।
स्निग्धा समा न सुषिरा च मही नराणाम
अप्यध्वनि श्रम- विनोदमु पागतानाम्
धत्ते श्रियं किमुतं शाश्वत मन्दिरेषु । [૮]

અર્થાત્ શ્રેષ્ઠ ભૂમિ તે છે કે જે અનેક પ્રકારની પ્રશંસનીય ઔષધિ, વૃક્ષ અને લતાઓથી સુશોભિત છે. મધુર સ્વાદવાળી, ઉત્તમ સુગંધવાળી, ચિકણી, ખાડા અને છિદ્રોથી રહિત હોય, માર્ગનાં શ્રમને શાંત કરવાવાળી અને આનંદ દેવાવાળી હોય, તેવી ભૂમિ પર ઉત્તમ મંદિર અથવા ભવન શા માટે બનાવવામાં ન આવે?

ભૂમિમાં પાણીનું વહન (પ્લવ) પૂર્વ,ઉત્તર, ઈશાન એ ત્રણ દિશાએ હોય તો સુખ થાય, અગ્નિકોણે અગ્નિભય, દક્ષિણ તરફ મૃત્યુભય નૈઋત્યે ચોરનો ભય,વાયવ્યે અન્નનાશ, પશ્ચિમે શોક, પરિતાપ, ઉત્તર પ્લવ બ્રાહ્મણને શ્રેષ્ઠ,પૂર્વપ્લવ બ્રાહ્મણને શ્રેષ્ઠ, પૂર્વ પ્લવ ક્ષત્રિય શ્રેષ્ઠ, દક્ષિણ પ્લવ વૈશ્યને શ્રેષ્ઠ, પશ્ચિમ પ્લવ (ઢાળ),શૂદ્રને શ્રેષ્ઠ જાણવી.

## ૭.૨.૩ ભૂમિના પ્રકાર સંબંધી ફલાદેશ

ભૂમિનાં મધ્યભાગને પૃષ્ઠભાગ કહેવાય છે. તે પ્રમાણે ભૂમિના ચાર પ્રકાર પડે છે.

(૧) ગજપૃષ્ઠ ભૂમિ

(૨) કૂર્મ પૃષ્ઠ ભૂમિ

(૩) દૈત્યપૃષ્ઠ ભૂમિ

(૪) નાગપૃષ્ઠ ભૂમિ

### ✵ ગજપૃષ્ઠ ભૂમિ

જયારે ભૂમિ દક્ષિણ, પશ્ચિમ, નૈઋત્ય તથા વાયવ્યમાં ઊંચી હોય તો તેવી ભૂમિને ગજપૃષ્ઠ કહેવાય છે. જેના પર નિવાસ કરવાથી લાભ તથા આયુષ્યવૃદ્ધિ થાય છે.

### ✵ કૂર્મપૃષ્ઠ ભૂમિ

જે ભૂમિ પર ચારે બાજુ નીચી તથા વચ્ચે ઊંચી હોય, જેના પર નિવાસ કરવાથી ઉત્સાહ, સુખ તથા ધન-ધાન્યની વૃદ્ધિ થાય છે.

## ❋ દૈત્યપૃષ્ઠ ભૂમિ

જે ભૂમિ ઈશાન, અગ્નિ અને પૂર્વ દિશામાં ઊંચી પરંતુ પશ્ચિમમાં નીચી હોય તો તે ભૂમિ દૈત્યપૃષ્ઠ કહેવાય છે. જેના પર મકાન બનાવવાથી ધન-જન, સુખ-શાંતિની હાનિ થાય છે.

## ❋ નાગપૃષ્ઠ ભૂમિ

જે ભૂમિ પૂર્વ-પશ્ચિમ દિશામાં લાંબી અને ઉત્તર-દક્ષિણ દિશામાં ઊંચી તથા વચ્ચે નીચી હોય તો તેને નાગપૃષ્ઠ ભૂમિ કહી છે. આના પર ઘર બનાવવાથી મૃત્યુ-ભય, જાનહાનિ, પત્ની, બાળકોની હાનિ અને શત્રુવૃદ્ધિ થાય છે. સમરાંગણ સૂત્રધારમાં કહ્યું છે કે,

જે ગ્રીષ્મઋતુમાં ઠંડી, શીતઋતુમાં ગરમ, વર્ષાઋતુમાં ગરમ તથા ઠંડી રહે છે તે પ્રશંસનીય છે.

જેવી રીતે તૃપ્તિદાયક ભોજન શરીરને સુખી અને સ્વસ્થ રાખે છે. તેવી જ રીતે આનંદદાયક ભૂખંડ મનની સાથે સાથે સંપૂર્ણ શરીરને શીતળતા પહોંચાડે છે. તેવી જ રીતે કેટલાક ભૂખંડ ભવન-નિર્માણ માટે લાયક હોય છે તો કેટલાક નિકૃષ્ટ હોય છે. સૌ પ્રથમ ભૂખંડની માટીની પરીક્ષા કરીને ત્યાર બાદ ભૂખંડ પસંદગી કરવામાં આવે છે. આકારો અનુસાર કયુ ભૂખંડ મકાન બનાવવા માટે ગ્રાહ્ય છે અને કયું ત્યાજય છે તે જોવું જરૂરી છે.

વાસ્તુશાસ્ત્રરહસ્ય ભુખંડ ચંયન પ્રકરણમાં પૃષ્ઠ ૪૫ અનુસાર ભૂખંડનાં જુદા જુદા પ્રકાર પડે છે જે નીચે મુજબ છે.

## ❋ ઉત્તમ ભૂખંડ

## ❋ વર્ગાકાર ભૂખંડ

વર્ગાકાર ભૂખંડ સમકોણ હોય છે તે સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. આ ભૂખંડ પર મકાન બનાવવાથી માનસિક શાંતિ અને આર્થિક સંપન્નતા પ્રાપ્ત થાય છે.



## ❋ આયતાકાર સમકોણ ભૂખંડ

મકાન બનાવવા માટે આ ભૂખંડ શ્રેષ્ઠ છે. તેની લંબાઈ પહોળાઈ અધિક હોવી જોઈએ નહી. આ પ્રકારનું ભૂખંડ બનાવવાથી સુખી સંપન્ન થવાય છે.



❋ **વૃત્તાકાર ભૂખંડ**



આ ૩૬૦ અંશનો થાય છે. આ દુર્લભ છે. બહુ ઓછી જગ્યાએ દેખાય છે. આ મકાનમાં રહેવાવાળો સંપૂર્ણ પરિવાર સુખી થાય છે.

❋ **કાકમુખી ભૂખંડ**



આ ઉત્તમ માનવામાં આવે છે. ત્યાં વસવાવાળો ગૃહસ્વામી ધનવાન બને છે.

❋ **ભદ્રાસન ભૂખંડ**



જેની લંબાઈ, પહોળાઈ સમાન હોય, મધ્યભાગ સમતળ હોય તે ભદ્રાસન ભૂમિ કહેવાય છે. તે ભદ્રાસન ભૂમિ પર  વાસ કરવાથી દરેક પ્રકારની સુખ-શાંતિ મળે છે. આ ભૂમિ આવાસ-વ્યવસાય ફેકટરી વગેરે માટે શુભ માની છે.

❋ **ગૌમુખાકાર ભૂખંડ**



જે ભૂમિ આગળથી ઓછી અને પાછળથી આધિક હોય તેવી ભૂમિ પર વસવાથી લાભ થાય છે પરંતુ વ્યાપારિક કાર્યો માટે હાનિકારક થાય છે.

❋ **વિભન્ન પ્રકારના અન્ય ભૂખંડ**

**અશુભ ફળકથન**

❋ **ચતુષ્કોણીય સૂર્પાકાર ભૂખંડ**



સૂર્પાકાર ભૂખંડ જે ભૂમિનો આકાર સૂર્પ અથવા સૂપડો કે છાજલી જેવો દેખાય છે તેને સૂર્પાકાર ભૂમિ કહેવાય છે. આમાં વસવાથી ધન-સંપત્તિની હાનિ થાય છે.

❋ **શકટાકાર ભૂખંડ**



જે ભૂમિ જોવામાં લગભગ બળદગાડા જેવી લાગે તેવી ભૂમિ પર વાસ કરવાથી બિમારી આવવાનો ભય રહે છે અને ધનનો નાશ થાય છે.

❋ **અષ્ટકોણીય લાંબો ભૂખંડ**



જે આઠ બાજુથી લાંબો ભૂખંડ છે તે કષ્ટ અથવા પીડા પહોંચાડે છે. તેમાં રહેવાવાળા પરેશાન થાય છે. વકીલો અને ડોકટરોનો ચકકર લગાવવા પડે છે.

❋ **ત્રિકોણાકાર ભૂખંડ**



આ ભૂખંડને અશુભ માનવામાં આવે છે. તેમાં નિવાસ કરવાવાળી વ્યકિત ધનસંચય કરી શકતી નથી. રાજભય ઉભો થાય છે, કાનૂની અડચણોનો સામનો કરવો પડે છે.

❋ **ધનુષાકાર ભૂખંડ**



જે ભૂમિ ધનુષ્યનાં આકારની હોય તે ધનુષાકાર કહેવાય છે. આ ભૂમિ થી અનેક પ્રકારનાં કષ્ટ અને શત્રુભય રહે છે.

❋ **અંડાકાર ભૂખંડ**



ઈંડાના આકારની ભૂમિ હોય તે ભૂમિ પર વાસ કરવાવાળા ચારે તરફથી અને સંકટોનો સામનો કરવો પડે છે. અને તે લગભગ ઉદાસીન રહે છે.

❋ **વિષમબાહુ ભૂખંડ**



આ ભૂમિની એક બાજુ વાંકી હોય છે. તે વિષમબાહુ કહેવાય છે. આ ભૂમિ ખરાબ છે. તેમાં વસવાથી મનની અશાંતિ, બિમારી, આર્થિક હાનિ થાય છે.

❋ **મંદિરનુમા ભૂખંડ**



આ મંદિર આકારની ભૂમિમાં રહેવાવાળા ગૃહસ્વામી વૈરાગી બની ઘરનો ત્યાગ કરે છે. તેનું ભાગ્ય ખરાબ હોય છે.

❋ **મૃદંગાકાર ભૂખંડ**



જે ઢોલ કે મૃદંગ આકારની જમીન છે તેમાં રહેવાવાળાની સ્ત્રીઓ માટે તે કષ્ટ અથવા મૃત્યુદાયક બને છે.

❋ **ચક્રાકાર ભૂખંડ**



ચક્રનાં આકારવાળી ભૂમિ પર વાસ કરવાથી દરિદ્રતા વધે છે. રોગોનો શિકાર બને છે. તે ભૂમિનો ત્યાગ કરવો જોઈએ.

## ૭.૨.૪ કોણછેદી ભૂખંડ શુભાશુભ પરિણામ

કોઈ ખૂણા તરફનું ક્ષેત્ર વધવાથી તે ખૂણા સાથે સંબંધિત ગ્રહ કે દેવતાની શકિતમાં વધારો થતો હતો, જેથી તે ગ્રહ કે દેવતા સંબંધી બાબતોમાં અભિવૃદ્ધિ જોવા મળતી હતી. અહીં ખૂણાઓ કપાઈ જવાથી  ઉભી થતી પરિસ્થિતિની ચર્ચા કરેલી છે. આવી પરિસ્થિતિમાં કપાઈ ગયેલ ખૂણા સાથે સંબંધિત ગ્રહની સંપદાઓ કે બાબતોમાં ઘટાડો જોવા મળે છે.

❋ **ઈશાનછેદી પ્લોટ**

પ્લોટનો ઈશાનખૂણો કપાયેલો હોય તો, ધન આવકમાં ઘટાડો, ધર્મમાં ઘટાડો, વડીલ, સુખ અને ગુઢજનોના સુખમાં ઉણપ, દાન તથા સાત્વિકતામાં ઘટાડો, વંશવૃદ્ધિમાં અવરોધ કે સંતાનોને કષ્ટ થઈ શકે છે.

બધા ગ્રહોમાં ગુઢ સૌથી મોટો અને શુભ ગ્રહ છે. અન્ય ગ્રહોની અનિષ્ટ અસરોમાંથી બચાવવાની શકિત દેવગુઢ બૃહસ્પતિ ધરાવે છે તે ગુઢ જ કપાઈ જાય, તે ઘરમાં તકલીફોથી બચાવ કે શુભત્વની આશા કેવી રીતે રાખી શકાય?

❋ **નૈઋત્યછેદી પ્લોટ**

જેમ વાસ્તુશાસ્ત્ર ૯૦° ના ખૂણાઓવાળા પ્લોટને જ સર્વશ્રેષ્ઠ ગણે છે, છતાં તેમા એક માત્ર ઈશાન કોણને જ અપવાદ ગણીને તે ખૂણો ૯૦° થી નાનો હોય તે ખૂણા તરફની ભૂમિ વૃદ્ધિ પામેલ

હોય, તો તેને કંઈક સારી ગણીને છૂટ આપે છે તેવી જ રીતે વાસ્તુશાસ્ત્ર ચાર થી વધારે ખૂણાવાળા પ્લોટની છૂટ આપતું નથી, પરંતુ નૈઋત્ય બાબતમાં જરા છૂટછાટ આપે છે.

નૈઋત્યકોણ કપાતાં આસુરી વૃત્તિઓ અને રાહુ સંબંધી અનિષ્ટો કપાઈ જાય છે. આસુરી શકિતનો હ્રાસ થાય છે. આવા પ્લોટમાં ભૂત-પ્રેત ઘૂસી શકતા નથી. ન મટતાં રોગોનું નિદાન થઈ શકે છે. અંધશ્રદ્ધા દૂર રહે છે. તામસી વૃત્તિઓથી ઘર મુકત રહે છે.

### ❋ વાયવ્યછેદી પ્લોટ

વાયવ્યમાં ચંદ્રનો વાસ હોઈ, ચંદ્ર મનનો કારક હોવાથી અને આવા પ્લોટમાં ચંદ્ર કપાઈ જતો હોવાથી આવા પ્લોટમાં રહેનારાઓની માનસિક શકિતઓ ક્ષીણ થઈને મનોદૌર્બલ્ય જોવા મળે છે. આવા ઘરમાં ડિપ્રેશન-પાગલપનનાં કિસ્સાઓ જોવા મળે છે. ચંદ્ર રૂધિરાભિસરણનો કારક હોઈ તથા તે કપાયેલો હોઈ ઘરના એક કે વધુ સભ્યોમાં લો બી.પી. જોવા મળે છે. ચંદ્ર જળતત્ત્વનો કારક હોવાથી આવા પ્લોટમાં વસનાર વ્યકિતઓનો ચંદ્ર નિર્બળ હોઈ શરદી, શ્વાસ, કાકડાં, પેશાબને લગતાં દર્દો, ક્ષય, ફેફસાના રોગો થાય છે. વળી, ચંદ્ર ધન-ધાન્યનો કારક હોવાથી આવા પ્લોટનાં બનેલ ઘરમાં રહેવાથી અનાજની કમી કે અનાજનું સડી જવું બને છે. વળી, વાયુ ખૂણો કપાઈ જતો હોવાથી કફ, પિત્ત પ્રકૃતિમાં વધારો જોવા મળે છે.

### ❋ અગ્નિછેદી પ્લોટ

અગ્નિછેદી પ્લોટમાં શુક્ર કપાઈ જતો હોવાથી શુક્રકારક બાબતો જેમ કે આનંદ-પ્રમોદ, મોજ-શોખ, સ્ત્રી સુખ, કામવૃત્તિનો ક્ષય થાય છે. આવા પ્લોટમાં વસનારાઓમાંથી ઘણાખરાં વીર્યહીન બની જાય છે.

અગ્નિ અર્થાત્ શરીરનો પ્રાણ છે. જે ઘરમાં અગ્નિ ખૂણો કપાયેલ હોય તેમાં વસનારાં લોકો જઠરાગ્નિ, મંદ કામાગ્નિવાળા તથા નિર્માલ્ય બની શકે છે. પ્રાણબળની કમી જોવા મળે છે. આવો પ્લોટ કુહાડી જેવો બને છે તે નિષિદ્ધ છે.

## ૭.૨.૫ કોણવૃદ્ધિ ભૂખંડનું શુભાશુભ ફલ

### ❋ ઈશવૃદ્ધિ પ્લોટ

જયારે પ્લોટનાં ઈશાનખૂણામાં ભૂમિ વૃદ્ધિ પામેલી હોય, એટલે કે ઈશાનથી વાયવ્ય તરફ ઢાળ જોવા મળે તેવો પ્લોટ ધર્મ, ધનની વૃદ્ધિ કરનારો છે. તેમાં વસવાટ કરનારને કાકા, પિતા અને અન્ય વડીલોનું સુખ સારું મળે છે. પ્રભાવ વધે છે, સાત્વિક કાર્યો થાય છે.

જેનો વાયવ્યખૂણો ૯૦° કરતાં વધારે હોય અને ઈશાનખૂણો ૯૦° કરતાં નાનો હોય તે પ્લોટ સારો ગણાય છે. ગુઢ તરફની જમીન વધેલી હોઈ ગુઢની ઉપરોકત કારક બાબતોમાં વૃદ્ધિ જોવા મળે છે. એમ પણ કહી શકાય કે, ઈશાનમાં ઈશ વસે છે, તે તરફની ભૂમિ વૃદ્ધિ પામેલી હોઈ ત્યાં

વસનારના ઐશ્વર્યમાં વધારો થાય છે. જો કે ઈશવૃદ્ધિ પ્લોટમાં રહેનાર અહંકારી હોઈ શકે છે, ગુઢતાગ્રંથી હોય છે.

### ❋ વાયવ્યવૃદ્ધિ પ્લોટ

આને ચંદ્રવૃદ્ધિ પ્લોટ કહેવાય છે. વાયવ્ય ખૂણામાં ભૂમિ વૃદ્ધિ થવાથી ચંદ્રની કારક બાબતોમાં અને વાયુમાં વૃદ્ધિ જોવા મળે છે.

ચંદ્ર ઔષધિઓનો કારક છે. આ પ્લોટમાં ચંદ્રનો લાભ વિશેષ મળતો હોવાથી આવા પ્લોટમાં વસનારને ઘરે ધન-ધાન્યની વૃદ્ધિ થાય છે તથા ચંદ્ર જળનો કારક હોવાથી આ પ્લોટ પર મકાન બનાવીને રહેનારને ત્યાં પાણી ખૂટતું નથી. ચંદ્રને નોકરી સાથે સંબંધ છે તેથી ચંદ્રવૃદ્ધિ પ્લોટમાં વસનારને નોકરી મળે છે.

આવા પ્લોટમાં વાયવ્ય ખૂણામાં વૃક્ષ કે છોડ સારા ઉગી શકે છે. કારણ કે તે ખૂણામાં ચંદ્રનું બળ વધારે હોય છે. વળી, ચંદ્ર મનનો કારક હોવાથી તેનો સંબંધ ઉન્માદ સાથે છે. તેથી ઘણાં લોકો માનસિક ચિંતાનો શિકાર બને છે.

ચંદ્ર યાત્રા-પ્રવાસનો કારક હોવાથી વ્યકિતઓને વારંવાર બહાર જવું પડે છે. નોકરીમાં અપ-ડાઉન કરવું પડે છે. વાયુનો સ્વભાવ ચંચળ છે શરીરમાં વાયુગુણ, ચિંતા, ઉત્પાત અને દુર્બળતા જોર કરે છે અને બુઢાપાના ચિહ્નો દેખાય છે.

### ❋ નૈઋત્યવૃદ્ધિ

નૈઋત્યમાં નૈઋતિ નામક રાક્ષસનો વાસ છે. આ ભૂમિવૃદ્ધિનો અર્થ તમોગુણમાં વૃદ્ધિ. આ પ્લોટમાં રાહુની આસુરી શકિતઓનો વાસ રહે છે. આ ભૂખંડોમાં રહેવાવાળા વ્યકિતઓમાં પરસ્પર કલેશ વધે છે. પતિ-પત્ની, પિતા-પુત્ર, માતા-પુત્રમાં પરસ્પર મધુર સંબંધ રહેતો નથી. પરિવારનાં લોકો ઉગ્ર હોય છે. આવા પરિવારોમાં આગ, વિષપાન, શસ્ત્રપ્રયોગ, ઉગ્રતા વગેરે હોય છે. આત્મહત્યા જેવી ઘટનાઓ પણ બને છે. યમનો પણ ભય રહે છે. આવા પ્લોટ પર મકાન બનાવવા વાળા યમનો શિકાર બને છે. અંધવિશ્વાસ હોય છે. બબ્બે-બબ્બે પત્નીઓ થાય છે. નૈઋત્યમાં બનાવેલો ઓરડો ભૂત-પ્રેતનો નિવાસ નિશ્ચિત રૂપનાં હોય છે. આ પ્લોટમાં રહેવાવાળાને હનુમાનજીની ઉપાસના શ્રેષ્ઠ છે.

### ❋ આગ્નેયવૃદ્ધિ પ્લોટ

અગ્નિવૃદ્ધિ પ્લોટમાં અથવા શુક્રવૃદ્ધિ પ્લોટમાં આગ્નેય ખૂણો વધેલો હોવાથી કામવૃતિ પર પ્રભાવ રહે છે. આવા પ્લોટમાં રહેવાવાળા લોકોનો કામાગ્નિ તીવ્ર હોય છે. મોજ-શોખ ગ્લેમર તરફ આકર્ષણ, સંગીત, ગાયન, નૃત્ય, સિનેમા નાટક વગેરે કલાઓમાં રૂચિ, રંગીલાપન જોવા મળે છે. પહેલાનાં જમાનાની રાજા-મહારાજાઓ આ ખૂણામાં નૃત્ય-શાળા, નાટયશાળા, સંગીતકક્ષ બનાવતા હતા. તેનું પાછળનું કારણ આ હતું.

બ્યુટી પાર્લર માટે આ કોણ શ્રેષ્ઠ છે. આધુનિક યુગમાં ત્યાં શયનકક્ષ બનાવવો જોઈએ. આમાં દક્ષિણ સાથે આગ્નેય વધેલો હોવાથી અગ્નિ અને યમનો ભય રહે છે.

આવા ઘરોમાં રૂપવાન સ્ત્રી યા પત્નીનું ચલણ રહે છે. રાજસી વૃત્તિનું પ્રાધાન્ય રહે છે. વાયવ્ અને અગ્નિકોણમાં વૃદ્ધિ થવાથી શુભાશુભ બંને ફળ મળે છે.

આમ, ઈશાનમાં વધેલો પ્લોટ વિશષ શુભ ફલદાયક છે. ધન-ધર્મનો કારક છે. વાયવ્ય અને અગ્નિવૃદ્ધિ પ્લોટ શુભાશુભ ફળ આપે છે. નૈઋત્યવૃદ્ધિ યુકત પ્લોટનું અનિષ્ટ જ ફળ મળે છે.

## ૭.૨.૬ માર્ગસ્થિત ભૂખંડનું શુભાશુભ ફલ

ભૂખંડની સ્થિતિ પર ભૂખંડના માર્ગોના બહું જ મોટો પ્રભાવ છે.

- **એક તરફ માર્ગવાળા ભૂખંડ (દક્ષિણમુખી)**

આ ભૂખંડ સામાન્ય સ્થિતિનું છે. દક્ષિણને યમનું દ્વાર માન્યુ છે. બને ત્યાં સુધી તે ખરીદવું નહિ.

- **બે તરફ માર્ગવાળા દક્ષિણમુખી ભૂખંડ**

આ ભૂખંડ ઉત્તમ છે. આમા નિવાસ કરવાવાળા દાકતરી વ્યવસાયમાં સફળ હોય છે. વળી, વ્યાપારીઓ માટે તે શ્રેષ્ઠ છે.

- **ત્રણ તરફ માર્ગવાળા દક્ષિણમુખી ભૂખંડ**

આ ભૂખંડ લોઢાનાં વેપારીઓ માટે શ્રેષ્ઠ છે. નવી પેઢી આ ભૂખંડ પર ફૂલે ફાલે છે.

- **ચાર તરફ માર્ગવાળા દક્ષિણમુખી ભૂખંડ**

પાનની દુકાન માટે સર્વશ્રેષ્ઠ છે. ઈલેકટ્રોનિક વસ્તુઓ માટે પણ લાભદાયક છે.

- **એક તરફ માર્ગવાળા ઉત્તરમુખી ભૂખંડ**

આ ભૂખંડ પારિવારિક લોકો માટે સામાન્ય મનાય છે. મધ્યમ શ્રેણીનો પરિવાર આમા સુખે રહી શકે છે.

- **બે બાજું માર્ગવાળા ઉત્તરમુખી ભૂખંડ**

આ ભૂખંડ ગૃહસ્થો માટે ઉત્તમ છે. અહીંયા નિવાસ કરવાવાળા શાંતિપૂર્ણ જીવન જીવે છે.

- **ત્રણે તરફ માર્ગવાળા સ્થિત ઉત્તરમુખી ભૂખંડ**

આ ભૂખંડ વ્યવસાયની દષ્ટિથી શ્રેષ્ઠ માનવામાં આવે છે.

## ✵ ચારેય તરફ માર્ગવાળા ઉત્તરમુખી ભૂખંડ

આ ભૂખંડ શ્રેષ્ઠ છે. આ ભૂખંડ પર રહેનારની ઉન્નતિ થાય છે. ગૃહસ્થ અને વેપારીઓ બંને માટે લાભદાયક છે.

## ✵ એક તરફી માર્ગ પર સ્થિત ભૂખંડ

આ ભૂખંડ ઉત્તમ છે. આ ભૂખંડ પર રહેવાવાળા આજીવન નિરોગી રહે છે.

# ૭.૨.૭ ભૂમિ ઢાળ સંબંધી શુભાશુભ પરિણામો

## ✵ પૂર્વપ્લવ ભૂમિ

भूमिनामष्टप्लवादि गुणदोषान् बवीमि ते ।
पूर्वाप्लवा धराश्रेष्ठा ह्ययायुः श्री बल वर्द्धिनी ।।
सर्व संपत्करी पुंसां प्रसादानां विभूतिदा ।
राज्य पूज्या सदानंदा प्राक्फलवा चैभेवेन्मही ।। [९]

પૂર્વ પ્લવ તરફ નીચી ભૂમિ, સંપૂર્ણ ગુણયુકત, શ્રેષ્ઠ આયુષ્ય, બળ આપનાર છે. તે સર્વ પ્રકારની સંપત્તિને આપનાર છે. પ્રાસાદ માટે વિશેષ શ્રેષ્ઠ, રાજયમાં સન્માન આપનાર, આનંદદાયી પૂર્વ પ્લવ ભૂમિ છે.

## ✵ ઉત્તર પ્લવ ભૂમિ

पूज्या लाभकारी नित्यं पुत्रं पौत्र विवर्धनी ।।
कामदा भोगदा चैव धनदा चोत्तरप्लवा ।। [१०]

ઉત્તરી પ્લવભૂમિ પૂજય, નિત્ય લાભદાયી, પુત્ર પૌત્રાદિની વૃદ્ધિ કરનાર, સર્વ પ્રકારના સુખ અને ધન સંપત્તિ વધારનાર છે.

## ✵ ઈશાન પ્લવ ભૂમિ

नर सौख्यं सती सत्य सौभाग्याविविवर्द्धिनी ।।
धनायैश्वर्य संपन्ना धर्मदेशानकप्लवा ।। [११]

આ ભૂમિ પતિ-પત્નિને સુખ આપનારી ધન, ઐશ્વર્ય ધર્મને આપનારી છે.

## ✵ અગ્નિપ્લવ

आग्नेयप्लबका भूमिरन्नि दाह भयावहा ।
शत्रु सन्तापदां नित्यं कलिदोऽन्नाप्लवः स्मृतः ।। [१२]

અગ્નિ ખૂણા તરફ નીચી ભૂમિ અગ્નિનો ભય કરે, શત્રુનો ભય અને સંતાપ નિત્ય કલેશ કર્તા અગ્નિ પ્લવ ભૂમિ છે.

✵ **દક્ષિણ પ્લવ**

> नश्यन्तिं पुरूषास्तत्र देवतां च प्रणश्यति ।
> धन हानि करो नित्यं रोगकृद् दक्षिणप्लव ।। [१३]

આ ભૂમિમાં જે ઘર બંધાય તેમા હંમેશા પુઢષોનો તેમજ દેવોનો નાશ થાય છે તેમાં હંમેશા ધનહાનિ તથા રોગનો ઉપદ્રવ રહે છે.

✵ **નૈઋત્ય પ્લવ**

> प्रकृतयेद् गृहे पुंसा रोगां मृत्युदष्थकान् ।
> धनहानि तथा नित्यं कुढते नैऋतिप्लवाः ।। [१४]

આ પ્રકારની ભૂમિ હંમેશા કલેશ, રોગ અને  મૃત્યુદાયક છે. ધનહાનિ કરે છે.

✵ **પશ્ચિમ પ્લવ**

> पमि प्लबका भूमिर्धन धान्य विनाशिनी ।
> शोकं दाह्यं कुलं तत्र पत्रभूः पमिप्लवा ः ।। [१५]

પશ્ચિમ પ્લવ વાળી ભૂમિ હંમેશા ધન-ધાન્યનો વિનાશ અને શોક દુઃખની વૃદ્ધિ કરે છે.

✵ **વાયુદિક્ પ્લવ**

> शत्रुकर्त्री विरामा च गोत्र क्षय करी तथा ।
> गृहे च कन्यकाहन्त्री सदा दुःख भयावहा ।। [१६]

આ ભૂમિ શત્રુને ઉત્પન્ન કરનાર, કડવાશ વધારનાર, કુળનો નાશ કરનાર, ગૃહસ્વામીનો નાશ કરનાર, કુટુંબમાં સદા દુઃખ, ભય ઉત્પન્ન કરનાર છે.

## ૭.૨.૮ નિષેધિત ભૂમિ

જે ફાટેલી, શલ્યયુકત, રાફડાવાળી, ઊંચી નીચી એવી ભૂમિનો દૂરથી ત્યાગ કરવો કારણ કે આવી ભૂમિ કર્તાને દૂરથી ત્યાગ કરવો કારણ કે આવી ભૂમિ કર્તાને આયુ અને ધનનો નાશ કરનારી છે. ફાટેલી ભૂમિ નાશ કરનાર, શલ્યયુકત ભૂમિ સર્વદા કલેશ કરાવનાર છે. ઊંચી નીચી ભૂમિ શત્રુને વધારનાર છે.

જે ભૂમિ વૃક્ષ આદિ વનસ્પતિથી લીલી રહે અને ખેતીની ઉત્પત્તિ ઉત્તમોત્તમ થાય તે ભૂમિ જીવિત સમજવી અને તેથી અતિરિકત ભૂમિને મૃત જાણવી.

ભૂમિખંડ ચાર પ્રકારના છે.

### (૧) કઠોર ભૂમિ

ઠોસ જમીનને કઠણ કહેવાય છે. તેમાં તિરાડ પડતી નથી પાણી જામે તો પણ ઘસાતી નથી ને ભવન નિર્માણ માટે શ્રેષ્ઠ છે.

### (૨) સામાન્ય ભૂમિ

પાણીનો કેટલોક અંશનું શોષણ કરવાવાળી, તિરાડો વગરની, નહી કઠોર, નહી અધિક, મુલાયમ, સામાન્ય ભૂમિ કહેવાય છે. ભવન નિર્માણ માટે સાધારણ કહેવાય છે.

### (૩) રેતીલી

જે ભૂમિમાં સાત હાથ ઉંડાણ સુધી કયાંય પણ રેતીનો ઢગલો આવે તે રેતીલી મિટ્ટિ કહેવાય છે તે ભવન નિર્માણ માટે ઉપયુકત છે.

### (૪) પોપલી ભૂમિ

જે ભૂમિની માટીમાં વાંસ વગેરે હોય અથવા સાત હાથથી ઓછું ઊંડાણમાં જળનો પ્રવાહ વહેતો હોય તો અનુચિત છે. તેને પોપલી ભૂમિ કહેવાય છે.

### (૫) તિરાડોવાળી ભૂમિ

જે ભૂમિનીમાં માટીમાં પાણી એકઠું થયા પછી સૂકાઈ ગયા બાદ મોટી મોટી તિરાડો પડે તેને તિરાડોવાળી ભૂમિ કહેવાય છે. આ ભૂમિ પણ રહેઠાણ માટે અનુચિત છે.

## ૭.૩ વૃક્ષ સંબંધી ફલાદેશ

### ૭.૩.૧ ભૂમિકા

આ જગતમાં વનસ્પતિજીવન પછી માનવજીવનની શરૂઆત થઈ છે. તે કારણે જીવ, જગત, વનસ્પતિ વિના રહી શકતા નથી. જયાં સુધી ભવનનો વાસ્તુ સાથે સંબંધ છે ત્યારે ભવનમાં કયા-કયા વૃક્ષો લગાવવા ફાયદાકારક છે તેનું વિસ્તૃત વર્ણન વાસ્તુશાસ્ત્રમાં કરવામાં આવ્યું છે.

## ૭.૩.૨ જુદી-જુદી દિશાઓમાં વૃક્ષોનું શુભાશુભ ફળ

अथनिवासां सन्नतढ शुभाशुभ लक्षणानि ।
गृहस्य पूर्व दिग्भागे न्यग्रोधः सर्व कामिका ।।
उदुम्बरस्तथा याम्ये वाढण्यां पिप्पलः शुभ ।
प्लक्षश्वोत्तरतो धन्यो विपरीतास्तु वर्जयेत् ।।
वर्जयेतत्पूर्वताश्वत्थां प्लक्षः दक्षिणतो गृहात् ।
पमिचैव न्यग्रोधस्तथोदुम्बरभुत्तरे ।।
देवदानवगन्धर्वा : किन्नरोरंगराक्षसाः ।

पशुपक्षिर्मनुष्याश्च संश्रयन्ति सदा तरून् ।।
सर्वेषां वृक्षजातिनां छाया वर्ज्या गृहे सदा ।
अपि सौवर्णिको वृक्षो गृहद्वारे न रोपयेत् ।।
बदरी कदली चैव दाडिमं बीजपूरकम् ।
प्ररोहति गृहे यस्य तदगृहं न प्ररोहति ।।
पलाशाः काच्चनाराश्व तथा श्लेश्मातकार्जुनाः ।
करज्जाश्चेत्यमी वृक्षाः न रोप्याः सुखिना गृहो ।
असनाः कण्टकिनो रिपु भयदाः क्षिरीणोऽर्थः नाशाय ।
फलिनः पूजा क्षयकाराः दारूण्यपिव्रर्जयेदेषाम् ।।
नीलां हरिद्राज्व नरः स दोहया ।
पुत्रधनै क्षयमष्युपेयात् ।। [१७]

### ફલાદેશ

અર્થાત્ ઘરની પૂર્વ દિશામાં વડ હોય તો તેનાથી સર્વ મનોરથો સિદ્ધ થાય છે. તેવી જ રીતે દક્ષિણમાં ઉમરાનું અને પશ્ચિમમાં પીપળાનું ઝાડ પણ શુભ ફળદાયક છે. પરંતુ ઘરની પૂર્વમાં પીપળો, પશ્ચિમમાં વડ અને ઉત્તરમાં ઉમરો તો ન જ હોવા જોઈએ.

➢ દેવ, દાનવ, ગંધર્વ, કિન્નર, સાપ, રાક્ષસ, પશુપક્ષી અને માણસો. આમ, સૃષ્ટિ પર વસનારાં સહુ પ્રાણીઓ વૃક્ષોનો આશ્રય લે છે. આ સર્વકાલિન સત્ય હોવા છતાં કોઈપણ વૃક્ષની છાયા ઘર પર ન પડવી જોઈએ. માટે જ કોઈ વૃક્ષની નીચે ઘર ન બાંધવું જોઈએ. કદાચ સોનાનું વૃક્ષ હોય તો પણ ઘરના દરવાજા સામે ન હોવું જોઈએ.

➢ બોર, કેળ, દાડમ, બિજોરૂ વગેરે ફળઝાડ જેના ઘરમાં વધે છે તેના ઘરનો વિસ્તાર અને વિકાસ થતો નથી. તે જ રીતે ખાખરો કંચન, ચંપો, કરેણ વગેરે ઝાડો સુખ વાચ્છું છે.

➢ માણસે પોતાનાં પ્રાંગણમાં ઉગાડવા નહી. બાવળ અને તેવા કાંટાળા ઝાડો ઘરની જગ્યામાં વાવવાથી શત્રુવટ ઉદ્દ્ભવે છે અને જે ઝાડમાંથી ક્ષીર– એટલે કે રસ નીકળતું હોય તેવા ઝાડ રોપવાથી ધનક્ષય થાય છે.

➢ ફળના વૃક્ષોના પ્રભાવથી પ્રજાનો નાશ સંભવે છે, માટે ઘરની ઈમારત અથવા રાચરચીલું બનાવવામાં ફળના લાકડાનો ઉપયોગ ન કરવો. તે જ રીતે લિંબોળી, દારૂ, હળદર અથવા હળદર ઘરની જગ્યામાં કદી પણ ન વાવવાં. તેનાથી સંપતિ અને સંપત્તિનો ક્ષય થાય છે.

➢ પોતાના ઘરના અગ્નિ, દક્ષિણ અથવા નૈઋત્ય ખૂણામાં બગીચો કરે તેના ઘરમાં અકારણ કંકાસ થાય છે. મનની અશાંતિ વધે છે અને જીવન કષ્ટમય બને છે.

➢ આંગણામાં ધાણાનું વૃક્ષ વાવવાથી ઘરધણીને સ્થાનફેર કરવું પડે છે. ઘરધણી નોકરિયાત હોય તો બદલી થાય છે. હળદર, કાંટાળા બાવળ, ખીજડો, બોરડી, કેતકી, ગુલાબ, ખાખરો, ગોકર્ણી,

આમલી, ફળ ન આવે તેવાં વાંઝિયા ઝાડ, લિંબોળી, ઉમરો, ચંપો વગેરે ન વાવવા. તેનું અશુભ પરિણામ આવે છે. તેથી શત્રુઓનો ભય રહે છે.

➢ ઘર પર કોઈ વૃક્ષની છાંયા પડતી હોય, તો ઘરમાં નિંદ્રાદેવીનું બળ રહે, ઘરમાં તમોગુણ, અંધશ્રદ્ધા, વાયુ, હાડકા, મણકા અને પિત્તના દર્દ તથા ક્ષય જેવા મહારોગ અને સાઈટીકા, સંધિવા કે આર્થરાઈટીસ જેવા ભયાનક રોગો થાય છે. આવા ઘરમાં થતાં રોગોને ડોકટર પણ પકડી શકતા નથી. આવા ઘરમાં તમોગુણની છાયા વધે છે. કારણકે વૃક્ષ તમોગુણી સૃષ્ટિ જ છે. માટે ઘર પર વૃક્ષની છાંયા પડતી હોવાથી ઘરમાં અંધશ્રદ્રા, ભૂવા, ડાકલાનું ચલણ રહે છે. વૈજ્ઞાનિક રીતે પણ વૃક્ષો રાત્રે કાર્બન ડાયોકસાઈડ વાયુ હવામાં છોડતા હોવાથી નુકશાનકારક છે.

➢ દેવનાં ઝાડો પણ આંગણામાં રાખવા નહીં, જેમ કે કેળ ગંધર્વોનું ઝાડ છે તે ન વાવવું, લાલ કરેણ સૂર્યદેવની છે, તે ન વાવવી. શેરડી, જાઈ, ટગર પણ ન વાવવા. બીલી આંગણામાં ન વાવવા.

➢ ઘરની પૂર્વમાં પિપળો, દક્ષિણમાં પાનખર એટલે કે રામઅંજીર, પશ્ચિમમાં વડ, ઉત્તરમાં ઉદુમ્બુરનું ઝાડ વાવવું નહી, પૂર્વમાં પિપળો ભયપ્રદ અને હાનિકારક છે. દક્ષિણમાં ખાખર પરાજય લાવે છે. પશ્ચિમ તરફ વડ હોય તો વારંવાર સરકારી દખલગીરી અને કોર્ટકચેરીના ચકકર કરાવે છે, ઉત્તરમાં ઉદુમ્બુરથી ચક્ષુરોગ અને અંધાપો આવે છે.

➢ પ્રવેશદ્વારની સામે આંબલીનું ઝાડ હોય તો કર્તાનું અકસ્માતે મૃત્યુ થાય છે.

## ૭.૩.૩ ગૃહસંબંધી વૃક્ષોનું શુભાશુભ ફળ

### ❋ શુભ

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે પણ જેની આત્યંતિક મહત્તા સમજાવી છે તે પીપળાનાં ઝાડનું મહત્ત્વ વાસ્તુશાસ્ત્રમાં પણ એટલું જ છે.

उर्ध्वमूलमधः शाखमश्वत्थं प्राहुरव्ययम् ।
छन्दांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् ।। [१८]

➢ અન્ય વૃક્ષનાં પાંદડા કરતા પીપળાનાં પાનની લહેરમાંથી વધુ મોટો ધ્વનિ પ્રગટે છે. વાસ્તુકથન મુજબ ઘરની પશ્ચિમ દિશામાં પીપળો હોવો જોઈએ. આ વૃક્ષથી ઘરમાંના અશુભ તત્ત્વો સત્વરે નાબુદ થાય છે. વડના ઝાડની માફક પિપળાનાં ઝાડનું આયુષ્ય ઘણું જ લાંબુ છે.

➢ પીપર અને ચંદન આંગણામાં વાવી શકાય પણ તે દ્વાર સામે ન આવવા જોઈએ. એ સિવાય તુલસી વાવવા જોઈએ.

तुलसिश्रासरिव शिवे पापहारिणी पुण्यदे ।
नमस्ते नारदनुते नमो नाराणयप्रिये ।। [१९]

કારણકે તે અનેકાનેક ઔષધિથી યુકત છે વાયુ શોધક છે.

➢ શમી, અશોક, નાગકેસર, ચંપો, બિલી, દાડમ વગેરે વૃક્ષો આંગણામાં હોય તો તે શુભ પરિણામ આપે છે.

➢ કેસર, અશોક, માલતિ, નાગકેશર, જાસવંતિ, ચંદન, નારિયેળી અને ફણસ ઘરની કોઈપણ બાજુએ હોય તો તે શુભ છે.

वटः पुरस्तान्द्धन्यः स्यादक्षिणे चाप्युदुम्बरम् ।
अश्वत्थः पमि मागे प्लक्षस्तूत्तरतो भवेत् ।। [२०]

જો ઉત્તરમાં વડ, દક્ષિણમાં ઉદુમ્બુર, પશ્ચિમમાં પીપળો, ઉત્તરમાં ખાખર હોય તો – અથવા વાવવામાં આવે તો – સુખ સમૃદ્ધિકારક નીવડે છે માટે આ રીતે ઘરની આસપાસ ઉદ્યાનરચના કરવી હિતાવહ છે. શુભકારક છે.

➢ રૂ– જો ભૂમિ ઉપર કોઈ રૂનું વૃક્ષ હોય તો તે જમીન સૂર્યપ્રધાન હોય છે. સંસ્કૃતમાં અર્કનો અર્થ છે સૂર્ય તેથી આંકડા (રૂ) સૂર્યની વનસ્પતિ છે. જે લાભદાયક છે.

➢ તુલસી– જે ભૂમિ પર જંગલી તુલસીના છોડ પણ જો પોતાની મેળે જ ઉગી જાય તો શુભ પરિણામ આપે છે.

➢ અંગૂર – જે ભૂમિ પર અંગૂરવાળી વેલ હોય તો તે જમીન મકાન બનાવવા મટે શુભ છે.

➢ ઘરની પૂર્વદિશામાં વડ હોય તો તેનાથી સર્વ મનોરથો સિદ્ધ થાય છે. તેવી જ રીતે દક્ષિણમાં ઉમરાનું અને પશ્ચિમમાં પીપળાનું ઝાડ પણ શુભદાયક છે.

## ૭.૩.૪ફલેટ સંબંધી વૃક્ષોનું શુભાશુભ

➢ બ્રાહ્મણ જ્ઞાતિની વ્યકિત જો દેવદાર, ચંદન અને મહુડાના ઝાડ વાવે તો તે શુભ પરિણામ આપે છે.

➢ પૂર્વ દિશામાં ચંપો, ચમેલી, કેતકી, સફેદ ગુલાબ, નારિયેળી, લાલફૂલ આવે તેવા કોઈપણ રોપા, લીંબુ, સોપારી, જાંબુ અને આંબા વગેરે વાવવા જોઈએ.

➢ ઘર પાસે અશુભ ફળદાયક ઝાડ હોય તો તે કાપી નાખવું જોઈએ. પરંતુ સંજોગોવશાત્ તે કાપી શકાય તેમ ન હોય તે ઝાડ અને ઘરની વચ્ચે અશોક, નાગકેસર, ફણસ, શમી, ચંપો, ચમેલી, નારિયેળીનો છોડ ઉગાડી શકાય.

### ✵ તુલસીનું મહત્ત્વ

પ્રાચીનકાળમાં તુલસીનાં છોડનું મહત્ત્વ અનેરું છે. તે છોડને આંગણમાં લગાવીને પ્રતિદિન તેને પૂજવાનું વિધાન છે. મંદિરમાં પણ તુલસીયુકત જલપ્રસાદનાં રૂપમાં પાન કરવાનું વિધાન છે.

તુલસીના છોડ, તેની ઔષધિઓ, ગુણોની ચર્ચા અનેક ગ્રંથો કરે છે. તુલસીને વનસ્પતિ તરીકે ઓળખાય છે.

સફેદ અને કાળી બે તુલસી જોવા મળે છે. તેની પત્તી સુગંધિત હોય છે. વાયુમંડલમાં હવાનાં પ્રવાહથી પ્રદૂષણ દૂર થાય છે. તુલસીનાં પ્રવેશથી મચ્છરોનું આગમન પણ ઘટી જાય છે. વળી, તે કફ, જવર, ખાંસીમાં પણ કામ આવે છે. વ્યકત અને અવ્યકત ઉર્જાઓનો ભરપૂર લાભ આના દ્વારા મળે છે.

## ૭.૪ શિલ્પી સંબંધી ફલાદેશ

### ૭.૪.૧ ભૂમિકા

યોગ્ય દેશ, કાળ, સમય તેમજ ગ્રહાદિનો યોગ, ભૂમિ આદિની શુદ્ધિ, પાષાણ વગેરેની પરીક્ષા અને ઉત્તમ સંયોજનાપૂર્વક પ્રાસાદ કે ગૃહનિર્માણ કરવું એવો પ્રાચીન શિલ્પશાસ્ત્રનો મુખ્ય આશય છે. આવા સર્વાંગસંપૂર્ણ કાર્ય માટે શિલ્પીની ખાસ આવશ્યકતા રહે છે અને તેટલા માટે શિલ્પીનાં ગુણોની આવશ્યકતા રહે છે.

શિલ્પીના હૃદયમાં બ્રહ્મા વશે છે તેના બંને હાથમાં વિષ્ણુ અને શિવ રહે છે. તેની બે આંખોમાં સૂર્ય અને ચંદ્ર બિરાજે છે તેના અંગોપાંગમાં સર્વ દેવતાઓ વસે છે. [૨૧]

### ૭.૪.૨ શિલ્પીના ગુણો

'શિલ્પરત્નાકરઃ'ની પ્રસ્તાવનામાં કહ્યું છે કે,

"સ્થપતિ મુખ્ય શિલ્પી–સૂત્રધાર સ્થાપના રચનાવિધિમાં સંપૂર્ણ યોગ્યતાવાળો સર્વ શાસ્ત્રોને જાણકાર, દીનાંગ, અધિકાંગ વગેરે શિલ્પીનાં ૧૪ દોષોથી રહિત, ધાર્મિક, દયાવાન, મત્સર રહિત, ઈર્ષારહિત, તંત્રશાસ્ત્રના જાણકાર, ઉત્તમ સોમપુરાના કુળમાં ઉત્પન્ન થયેલો, ગણિતશાસ્ત્રનો વિદ્વાન, પુરાણોનો જ્ઞાતા, આનંદી સ્વભાવવાળો, લોભવૃત્તિથી રહિત, ચિત્રકળાનો વિજ્ઞાતા, સર્વ દેશોનું જ્ઞાન ધરાવનારા, સાચુ બોલનારો, નિરોગી, અપ્રમાદી, સપ્ત મહાવ્યસનોથી મુકત, સુંદર નામ વાળો, ઘણા બંધુવર્ગવાળો અને વાસ્તુવિદ્યામાં પારંગત હોવો જોઈએ.

### ૭.૪.૩ શિલ્પીના ૧૪ દોષો

हीनांगो ह्याधिकागं प्रलंबो वामनस्तथा ।
कुष्ठांगो त्यन्धकत्वैव मुखबकः कृशस्तथा ।।
अस्वरः शब्दहीन कृष्णांगस्तस्करस्तथा ।
विकलैव वैरूपः शिल्पिदोषा चतुर्दश ।। [२२]

"ઓછા અંગવાળો, અધિક અંગવાળો, પ્રમાણથી ઊંચો, ઠીંગણો, કોઢવાળો, આંધળો, વાંકા મુખવાળો, પાતળો, સ્વરહીન, તોતડો, રંગે કાળો, ચોરવૃત્તિવાળો, વિકલાંગ એટલે અપંગ, અર્ધાંગ, વાયુ વગેરેથી દુઃખી તેમજ બેડોળ – આ ચૌદ દોષોથી શિલ્પી રહિત હોવો જોઈએ.

"વળી, બીજા ચાર પ્રકારનાં શિલ્પીનું વર્ણન કરેલ છે. સ્થપતિ, સૂત્રગ્રાહી, તક્ષક, વર્ધકિ ક્રમે પતિપોતાના કામમાં દક્ષ હોવા જોઈએ."

સ્થપતિનો પુત્ર જાણવો અથવા શિષ્ય સૂત્રગ્રાહી જાણવો, સૂત્ર, દંડ અને પ્રમાણને જાણનારો, સ્થૂલ-સૂક્ષ્મ પાષાણને ઘડનારો તક્ષક જાણવો.

માટીનું કામ જાણનારો, ગુણવાન, સશકત દરેક કાર્યમાં સ્વતંત્ર, ગુઢભકત હંમેશા પ્રસન્ન ચિત્ત અને સ્થપતિ વગેરેની આજ્ઞાને વશ વર્તનારો ઘડેલા પાષાણોને સુધારો-વધારો કરી વૃદ્ધિ કરનારો જાણવો. તે વર્ધકિ કહેવાય છે.

આમના સિવાય કોઈપણ કાર્ય કરી શકે નહિ. સ્થપતિ વગેરે ચાર શિલ્પકારોની સદા-માન પ્રતિષ્ઠા કરવી.

एक हस्ते तु कल्याणं द्विहस्ते मृत्युरेव च ।
गृहदेवैकशिल्पिनं भाषितं विश्वकर्मणा ।। [२३]

એક હાથે થયેલું કાર્ય કલ્યાણકારી થાય છે અને બે હાથે થયેલા કાર્યમાં મૃત્યુનો સંભવ છે, માટે ગૃહકાર્ય અને દેવકાર્ય એટલે કે મંદિરો એક જ શિલ્પીનાં હાથે કરાવવાં એવું શ્રી વિશ્વકર્માએ કહ્યું છે. વળી, દેવમંદિર કે ગૃહ કાર્ય જો એક શિલ્પી દ્વારા ન થાય તો શાસ્ત્રસિદ્ધ કાર્ય થઈ શકે નહી તેથી શિલ્પીએ રાજા પ્રત્યે કે ગૃહસ્થ પ્રત્યે વફાદાર રહેવું જોઈએ.

વિશ્વકર્મા કહે છે કે શાસ્ત્રજ્ઞ કુશળ, ચતુર વાસ્તુવિદ્યાનો બોધ કરી શકે તેવો મહાજ્ઞાનવાળો નિત્ય, ષટકર્મ કરનાર ગૃહાદિના સૂત્ર પ્રમાણ જાણનાર સૂત્રધાર જાણવો. નગર, ગામ, ખેટ, કૂટ, કર્વટ અને કુપાદિના વાસ્તુવેદ સૂત્ર જાણનાર નગરના દુર્ગ, પ્રાસાદના સૂત્રને જાણનાર, પ્રાસાદ પ્રતિમાલિંગ, જગતી, પીઠ, મંડપ, વેદિકુંડ શુચિ જાણનાર વિભકિત, ઉંચાઈ તલ છંદના સૂત્ર જ્ઞાન જાણનાર, પ્રાસાદ રેખાનાં વિવિધ આકાર અને ઉત્તમ શિખર, ઘંટા, કલશ, ધ્વજાદિ જ્ઞાન જાણનાર, દ્વાર શાખાની વિધિ, મૂલ પ્રાસાદ છંદ મુજબ દ્વારપાળની વિધિ જ્ઞાનસૂત્ર જાણનાર, દ્વાર દષ્ટિ અને પદસ્થાન અને વાહનાદિના દષ્ટિ સ્થાન અને અંતરજ્ઞાન જાણનાર દ્વાર લક્ષણે લિંગનામ્નોન્માન પ્રમાણ જ્ઞાનસૂત્ર જાણનાર, વિતાનના વિચિત્ર ક્ષિપ્તા, ન્યુક્ષિપ્તાના લક્ષણ મંદિર સભા પદ્માદિ જ્ઞાનસૂત્ર, વિતાનાદિના સંવરણા ઘંટા ફૂટની પંકિત સિંહ કલશ જ્ઞાનસૂત્ર જાણનાર સૂત્રધાર જાણવો.[२४]

વળી,

स्वलक्षणैव संपूर्ण यस्मिन्राज्ये सुशिल्पिनः ।
न तत्र जायते विघ्नं कथितं विश्वकर्मणा ।। [२५]

પોતાના લક્ષણોથી સંપન્ન એવા સુજ્ઞ શિલ્પીને જે રાજયમાં માનપૂર્વક નિવાસ કરાવવામાં આવે છે તે રાજયમાં કોઈપણ પ્રકારનું વિધ્ન આવતું નથી.

## ૭.૪.૪સૂત્રધાર સૂચન

હસ્તના પર્વ (અંગુલ) પર એકેક દેવતા સ્થિત છે. (૧) ઈશ્વર (૨) વાયુ (૩) વિશ્વદેવ (૪) અગ્નિ (૫) બ્રહ્મા (૬) સૂર્ય (૭) રૂદ્ર (૮) કાલ (૯) વિશ્વકર્મા (૧૦) વસુ (૧૧) ગણેશ (૧૨) વઢણ (૧૩) કાર્તિક સ્વામી (૧૪) ઈચ્છા દેવી (૧૫) ક્રિયા દેવી (૧૬) જ્ઞાનદેવ (૧૭) કુબેર (૧૮) ચંદ્રમા (૧૯) જય (૨૦) વસુદેવ (૨૧) બલભદ્ર (૨૨) કામ (અનિરૂદ્ધ) (૨૩) વિષ્ણુ

હસ્તનાં પર્વ ઉપર દેવતા જાણવા તેમને પૂજવા.  હસ્તના મૂળનાં દેવતા શિલ્પીનાં હાથમાં દબાય તો ઉચ્ચાટન કરે. પહેલાં ફૂલનાં દેવતા દબાય તો રોગ કરે, બીજા ફૂલનાં દેવતા દબાય તો દુઃખ કરે, ત્રીજા ફૂલનાં દેવતા દબાય તો અગ્નિ ભય કરે, ચોથા ફૂલનાં દેવતા દબાય તો બાળકોને દુઃખી કરે, પાંચમા ફૂલના દેવતા દબાય તો મૃત્યુ કરે, છઠ્ઠા ફૂલના દેવતા દબાય કુટુંબનો નાશ કરે, સાતમા ફૂલના દેવતા દબાય તો ધન ક્ષય કરે, આઠમા ફૂલના દેવ દબાય તો મોહ કરે, ચિત્ત ભ્રમ કરે.

વળી, ગૃહ, મંદિર બનાવનાર સૂત્રધારે (શિલ્પી) કાર્ય આરંભતા બે ફૂલોનાં મધ્યભાગે યત્ન-પૂર્વક હસ્ત પકડવો. ગજ ઉપાડતા પડી જાય તો કામમાં વિઘ્ન અને દુઃખ આવે છે.

## ૭.૪.૫સૂત્રધાર સંબંધી ગજગ્રહણ વિધિનું શુભાશુભ[૨૬]



- બ્રહ્મા અને અગ્નિનાં મધ્યમાં હસ્ત પકડવાથી પુત્રલાભ થાય છે.
- બ્રહ્મા અને કાળની મધ્યમાં ગૃહકર્તા, શિલ્પીનો નાશ.
- વિશ્વદેવ અને અગ્નિના મધ્યમાં કાર્ય સંપૂર્ણ થતા નગરની વૃદ્ધિ થાય છે.
- કાળ અને વઢણનાં મધ્યે મધ્યમ વિશ્વકર્મા દેવ અને વાયુનાં મધ્યે શુભ થાય છે.
- કામપ્રદ વ ઢણ અને કુબેરનાં મધ્યભાગમાં પકડવાથી મધ્યમ ફળની પ્રાપ્તિ થાય છે.
- રૂદ્ર, વાયુનું મધ્યમાં ગજ ધારણ કરે તો લોકમાં અનાવૃષ્ટિ થાય છે.
- વિષ્ણુ અને કુબેરનાં મધ્યભાગથી હસ્ત પકડે તો વિવિધ પ્રકારનાં ભોગો તથા કાર્ય સિદ્ધિ થાય છે.

## ૭.૫ આય-વ્યય સંબંધી ફલાદેશ

### ૭.૫.૧ ભૂમિકા

કોઈપણ ઘરનું શુભાશુભ યોગની દષ્ટિએ મૂલ્યાંકન કરતી વખતે તેમાં આવક-વ્યયનાં સ્વરૂપોનો વિચાર કરવો ખૂબ જરૂરી છે. વાસ્તુશાસ્ત્રનાં પુસ્તકમાં આવક-વ્યયની શી મહત્તા એવો સવાલ સહેજે જ ઉત્પન્ન થાય પરંતુ અહીં તેનો વિશેષ અર્થ લેવાનો છે.

આવક એટલે આર્થિક લાભ, મનોરથની પ્રાપ્તિ અથવા શુભ ફળની પ્રાપ્તિ.

વ્યય એટલે ખર્ચ અથવા નુકશાન, ઈચ્છિત મનોરથો પુઢષાર્થ કરવા છતાં સફળ ન થવા તે, અથવા શુભ ફળની અપેક્ષાએ સતત અશુભ ફળપ્રાપ્તિ અથવા ફળની અપ્રાપ્તિ.

ગૃહ, પ્રાસાદ એ જીવનનું એક અંગ છે. પૂર્વાચાર્યોએ જણાવ્યા મુજબ જીવનને સ્પર્શતી બાબત છે. તેથી ગૃહો પ્રાસાદો આદિ પણ જયોતિષચક્રના આધારે બનાવવાં જોઈએ તેની અસર ગામ, સમાજ, નગર અને દેશ પર પડે છે. માટે ગૃહ, પ્રાસાદ આદિ વાસ્તુશાસ્ત્રોકત, વિધિસર, ગણિતયુકત થાય તો વિશેષ ફલદાયી રહે છે.

### ૭.૫.૨ પ્રાસાદને મેળવવાના એકવીશ અંગો

(૧) ક્ષેત્રફળ (૨) આય (૩) નક્ષત્ર (૪) નક્ષત્રગણ (૫) ચંદ્ર (૬) નક્ષત્રવૈર (૭) વ્યય (૮) તારા (૯) નાડી (૧૦) રાશિ (૧૧) રાશિવૈર (૧૨) નામાક્ષર (૧૩) અંશક (૧૪) લગ્ન (૧૫) તિથિ (૧૬) વાર (૧૭) કરણ (૧૮) યોગ (૧૯) વર્ગ (૨૦) તત્વ (૨૧) આયુષ્ય

તેમાય ખાસ કરીને

आय ऋक्षं व्ययस्तारा अंशकानि क्रमेण तुं ।
धामस्य दीर्घता व्यासे गुणिते चाष्टभातिते ।। [२७]

આય, વ્યય, અંશક, નક્ષત્ર, તારા, ચંદ્રબલ અને આયુષ્ય એ ગૃહ, પ્રાસાદાદિ વાસ્તુકર્મમાં જ્ઞાનપૂર્વક જોવું. દેવમંદિર કે રાજાના ઘર વિશે શાસ્ત્રમાં કેટલા હસ્ત વડે માપ કરવું અને સાધારણ લોકોનાં ઘરનું માપ શિલ્પીનાં હાથે કરવું.

यावदं भूरिगुणं ह्रदि स्फुरति ततावद्विबाचार्य करै ।
श्वेतोनौ तनुयादि हां गुल मुखं क्षिप्त्वा विहाया थवा ।। [२८]

અર્થાત્ પોતાના અંતઃકરણને આનંદ આપે તેવું ઘણા શુભગુણવાળું જયાં સુધી લંબાઈ ને પહોળાઈમાં હસ્તોનાં માપથી જ આયાદિક આવે ત્યાં સુધી હાથથી જ ગણત્રી કરવી પરંતુ તેમ ન મળે તો લંબાઈ-પહોળાઈમાં આંગળો ઉમેરી અથવા ઘટાડીને ક્ષેત્રફળ કાઢી આયાદિ મેળવવા.

**આય લાવવાની રીત**

પ્રથમ ઘર અથવા દેવમંદિરની જમીનને લાંબી તથા પહોળી માપી, આવેલી લંબાઈ-પહોળાઈનો ગુણાકાર કરી આઠે ભાગવા, શેષ જે વધે તે અનુક્રમે ધ્વજાદિ આય જાણવા, એમા સંશય કરવો નહિ.

## ૭.૫.૩આઠ આયો

(૧) ધ્વજ (૨) ધુમ્ર (૩) સિંહ (૪) શ્વાન (૫) વૃષ (૬) ખર (૭) ગજ (૮) ધ્વાંક્ષ એ આઠ આય પૂર્વ આદિ દિશાએથી અનુક્રમે પ્રદક્ષિણાએ સામસામી દષ્ટિ કરીને રહેલા છે. ઉપયુકત આવકના પ્રકાર ગણી શકાય. વિષમ આવક એટલે ૧, ૩, ૫, ૭ વગેરે એકી ગુણાંકમાં પ્રાપ્તિને શુભ માનવામાં આવે છે. બેકી ગુણાંકને એટલે કે ૨, ૪, ૬, ૮ વગેરે આવકને અશુભ માનવામાં આવે છે.

ઘરની લંબાઈ અને પહોળાઈના માપનો ગુણાકાર કરતા ઘરનું ક્ષેત્રફળ મળે છે. આ ક્ષેત્રફળ ને ૮ ની સંખ્યા વડે ભાગવાથી જે બાકી વધે તે, જે શેષ રહે તે ઘરની આવક સમજવી. જો જવાબ અશેષ અથવા શૂન્ય આવે તો ધ્વાંક્ષ આવક છે એમ સમજવું. દરેક આવકનું પરિણામ અલગ-અલગ હોય છે.

## ૭.૫.૪વર્ણાનુસાર આય-ફળ મીમાંસા

દેવ પ્રાસાદોમાં ધ્વજ, સિંહ વૃષ અને ગજ આય ઉત્તમ છે. અધમ વર્ણનાં લોકોને ખરાય, ધ્વક્ષાંય, ધૂમ્રાય અને શ્વાનાય સુખકારી છે.

- રાજાઓના મહેલો સિંહાય શ્રેષ્ઠ છે.
- બ્રાહ્મણોના ઘર વિશે ધ્વજાય
- વૈશ્યનાં ઘર વિશે વૃષાય
- શુદ્રના ઘર વિશે રાજાય આપવો શ્રેષ્ઠ છે.

આ પ્રમાણે ચારેય વર્ણના પોતાના અધિકાર પ્રમાણે આયો આપવાથી સર્વ કામનાઓ પૂર્ણ કરે છે, **ધ્વજાય સર્વ પ્રકારે અર્થ લાભ કરનારો છે. ધુમ્રાય સંતોષકારક છે, સિંહાય અનેક પ્રકારનાં ભાગોને આપનારો છે. વૃષાય ધન-ધાન્ય આપનારો છે. ખરાય ઘરધણીનું સ્ત્રીનું મરણ કરનારો છે. ગજાય કલ્યાણપ્રદ છે અને ધ્વક્ષાય ઘરધણીનો નાશ કરે છે માટે સ્થાનભ્રષ્ટ આય આપવા નહિ પોતપોતાના સ્થાનમાં રહેલા સર્વ આયો શુભકર્તા છે.**

**જો પ્રતિકુળ આય આપવાથી થતા દોષો** સિંહાય સ્વામીનો નાશ કરે છે શ્વાનાય પશુઓનો નાશ કરે છે. ધુમ્રાય પુત્રનો નાશ કરે છે અને ધ્વક્ષાય ઘરધણીની સ્ત્રીનું ભક્ષણ કરે છે.

## ૭.૫.૫આયાદિ સ્થાન સંબંધી શુભાશુભ [૨૯]

| | | | |
|---|---|---|---|
| (૧) | ધ્વજ | પૂર્વ | બ્રાહ્મણના ઘરે પ્રાસાદ, પ્રતિમા, લિંગ, જગતી પીઠ, મંડપ, વેદિકુંડ, ધ્વજા, ચામર, જળાશયો, ધ્વજ, દેવ પીઠિકા, વસ્ત્રાલંકાર વગેરે આભૂષણો કેયૂર, મુકુટ વગેરે માટે ધ્વજાય શ્રેષ્ઠ છે. |
| (૨) | ધૂમ્ર | અગ્નિ | અગ્નિકર્મ ઉપર જીવનારને ત્યાં યજ્ઞશાળા, રસોઈ ઘર, હોમકુંડ, હોમના સાધનોના ધૂમ્રાય શ્રેષ્ઠ છે. |
| (૩) | સિંહ | દક્ષિણ | સમસ્ત આયુધો રાખવાના સ્થાનને રાજય મહેલમાં સિંહાસને, સિંહદ્વારે, ક્ષત્રિય ઘરે શ્રેષ્ઠ |
| (૪) | શ્વાન | નૈઋત્ય | મ્લેચ્છ જાતિના ઘરે, શ્વાન ઉપર આજીવિકા કરનારને ચાંડાલને ત્યાં અશુદ્ધ સંડાસ વગેરે સ્થળે શ્વનાય શ્રેષ્ઠ છે. |
| (૫) | વૃષ | પશ્ચિમ | વણકરને ત્યાં વેપાર કરનારને ત્યાં દૂકાને, મંડપે, અશ્વશાળા, ગૌશાળા, ગોવાળ ઘરે વૃષ શ્રેષ્ઠ છે. |
| (૬) | ખર | વાયવ્ય | વાજિંત્રવાળાને ત્યાં, કલાલ, ધોબી ગધેડા પર આજીવિકાવાળાને ત્યાં ખર શ્રેષ્ઠ છે. |
| (૭) | ગજ | ઉત્તર | હસ્તિશાળા પાલખી, સુખપાલ, રથ, તંબુવાળાને ત્યાં શુદ્રના ઘરે, કીડીગૃહમાં ગજ આય શ્રેષ્ઠ છે. |
| (૮) | ધ્વાંક્ષ | ઈશાન | સંન્યાસીઓના મઠે, યંત્રશાળાએ, જિનશાલાએ, શિલ્પકારને ત્યાં ધ્વાંક્ષ આય આપવા શુભ છે. |

**આયચક્ર**ના ફળ ઉપર નિર્ભર રહીને ઘરનો દરવાજો કઈ દિશામાં હોવો જોઈએ એ પણ વાસ્તુશાસ્ત્રમાં જણાવેલ છે. દા.ત. ધ્વજ આય હોય ત્યારે ચારેય દિશાનાં ઘરના દ્વાર રખાય. સિંહ હોય ત્યારે પૂર્વ, દક્ષિણ અથવા પશ્ચિમમાં, વૃષભ હોય ત્યારે પૂર્વમાં અને ગજ હોય ત્યારે પૂર્વ અથવા દક્ષિણમાં દ્વાર કરી શકાય.

ઈમારત અથવા બંગલાની રૂમોમાં પણ વાસ્તુરચના કરતાં કરતાં 'આયનું' ધ્યાન રાખવું જરૂરી છે. **બેઠકરૂમ** અથવા **દિવાનખાનું** સિંહ ફળવાવું હોય તો સારૂ ગણાય. રસોઈ ઘર વૃષભફળ વાળુ, શયનખંડ ગજ ફળવાળુ, **ઘરના સરસ્વતીગૃહ** એટલે કે **સ્ટડી રૂમ** માટે **ધ્વજઆય શ્રેષ્ઠ છે. ધ્વજ, ગજ, સિંહ, વૃષભ આયવાળી જગ્યા શુભ ફળ આપનારી હોવા છતાં તેમાં ધ્વજ, આયવાળા હોય તો પણ ચાલે અને તે ઉત્તમ પણ ગણાય પરંતુ વૃષભ આયવાળો ઓરડો રસોઈઘર અથવા શયનકક્ષ માટે જ યોગ્ય ગણાય. જે ઘરમાં પશુધન હોય તેવા ઘરમાં અથવા ગમાણ, વાડામાં વૃષભ અથવા ધ્વજ આય સારા છે.**

આમ, આઠેય પ્રકારની આયો પોત પોતાના અનુકૂળ સ્થાને કલ્યાણકારી છે. પરંતુ પ્રતિકૂળ સ્થાને હાનિકર્તા છે. એકબીજાની પરસ્પરમાં સ્નેહ અને મૈત્રી જોઈ આય આપવાથી સર્વ પ્રકારે હિત અને કામનાઓને સફળ કરનારા છે.

ધ્વજાયના સ્થાનમાં ગજાય આપવો, વૃષાય અને ગજાયના સ્થાનમાં સિંહાય આપવામાં આવે તો સારો છે. ધ્વજાય દરેક આયોની સાથે શુભકર્તા છે. પરંતુ વૃષાય, ધ્વજાય, સિવાય બીજા કોઈપણ આયો સાથે આપવો નહિ.

> वास्तुकर्मसु सर्वेषु चाष्टावायादिसंपदः ।
> पूजिताः प्रतिपूज्यते निर्विघ्नं च पदे स्थिताः ।। [३०]

અર્થાત્ સર્વ પ્રકારનાં વાસ્તુકર્મોમાં તેમજ શુભકર્મોમાં આ આઠ આયોનું પૂજન કરવાથી પોતાના સ્થાનમાં રહી નિર્વિઘ્ન કામની સમાપ્તિ કરાવી મનોરથોને સફળ કરે છે.

### ૭.૫.૬ વ્યય

ઘર અથવા વાસ્તુમાં વ્યયની ગણતરી કરવા માટે ઘરના નક્ષત્રોનો વિચાર પણ કરવો પડે છે. ગૃહનક્ષત્રનાં ક્રમાંકને ૮ થી ભાગ્યા પછી જે શેષ રહે તે સંખ્યાને વ્યય ગણાવમાં આવે છે.

આયનો અંક વ્યયના અંક કરતા વધારે આવે તો શુભ ગણાય છે. પરંતુ વ્યયનો અંક આય કરતા વધારે આવે તો અશુભ ગણાય છે એટલે આય કરતા વ્યય વધારે હોય તેવું ઘર અથવા વાસ્તુ લાભદાયક નીવડતું નથી.

આય અને વ્યય બંને એક સરખા જ આવતા હોય તેવા ઘરને પિશાચ વાસ્તુ તરીકે ઓળખવામાં આવે છે.

આય કરતા વ્યય વધારે હોય તેવા ઘરને રાક્ષસ વાસ્તુ કહેવામાં આવે છે અને છેવટે–

આય કરતા વ્યય ઓછો હોય તેવા શુભ ફળદાયક વસ્તુને વાસ્તુને યક્ષગૃહ કહેવામાં આવે છે. યક્ષગૃહ હંમેશા ખૂબ સારું નિવડે છે.

**વ્યય શોધવાની રીત**

વ્યય શોધવાની રીત આપણે જાણી ચૂકયા છીએ. વ્યય નક્ષત્રથી શોધી શકાય છે. નક્ષત્ર શોધવા માટે મકાનના ક્ષેત્રફળને ૮ વડે ગુણી ૨૭ વડે ભાગવાથી જે બાકી રહે તે અંકને ગૃહ નક્ષત્ર ગણવું. આ નક્ષત્ર અંકને ૮ વડે ભાગવાથી જે શેષ રહેશે તે વ્યયનો અંક જાણવો. શેષ ૧ થી ૨૭ સુધીમાં હશે. જો શૂન્ય આવે તો છેલ્લું રેવતી નક્ષત્ર માનવું. નક્ષત્રનાં ભાગાકાર પછી શેષ આઠ પ્રકારની હશે. જેના નામ આ પ્રમાણે છે. (૧) શાંતા (૨) પ્રૌર (૩) પ્રદોત (૪) શ્રીયાનંદ (૫) મનોહર (૬) શ્રીવત્સા (૭) વિભવ (૮) શૂન્ય અથવા ચિન્તાત્મકં.

દા.ત.

| | |
|---|---|
| | ૧૬ પહોળાઈ |
| × | ૩૨ લંબાઈ |
| | ૫૧૨ ક્ષેત્રફળ |
| × | ૮ ગુણાંક |
| | ૪૦૯૬ |
| ÷ | ૨૭ ભાગાંક |
| | ૧૫૧.૭૦ |
| ÷ | ૮ |
| | ૧૮. ૯૬ (૧૯ બાકી) |

નક્ષત્રના શાસ્ત્રીય ક્રમ અનુસાર ૧૯મું નક્ષત્ર તે ઘરનું નક્ષત્ર ગણાય. આ દષ્ટાંત મુજબ મૂળ નક્ષત્રએ ગૃહનક્ષત્ર ગણાય.

ગૃહનક્ષત્ર અને ઘરનાં માલિકનું જન્મ નક્ષત્ર એક જ હોય તો તે અશુભ ગણાય છે. પરંતુ ગૃહનક્ષત્ર અને જન્મનક્ષત્ર એક હોવા છતાં ઘરનાં માલિકની જન્મરાશિ જુદી આવતી હોય તો સમાન નક્ષત્રનો દોષ રહેતો નથી.

તે જ પ્રમાણે ગૃહનક્ષત્રથી માંડી ઘરમાલિકનાં જન્મનક્ષત્ર સુધીના નક્ષત્રોની સંખ્યાનાં તફાવતને ૯ વડે ભાગવામાં આવે તો જે રકમ શેષ રહે તે એકી રકમ હોય તો અશુભ ફળ મળે છે, જો તે રકમ સમ એટલે કે બેકી રકમ હોય તો શુભ ફળ મળે છે.

## ૭.૫.૭ વ્યયોનું ફળકથન

ध्वजे शान्तः शुभः सत्यं ज्ञेयो नित्यं कल्याणकारकः ।
भोगपूजाबलं दत्ते गीतवाद्यं सुरालये ।। [३१]

અર્થાત્ ધ્વજઆયની સાથે શાંત નામનો વ્યય આપવો. તે હંમેશા શુભ અને કલ્યાણ કરનારો છે. તે દેવાલયમાં આપવાથી ભોગ, પૂજા, બલિ, ગીત, વાજિંત્ર, આનંદ આદિ આપે છે.

- ધૂમ્રાય આયની સાથે શાંત વ્યય આપવામાં આવે તો સોનુ, રત્ન, આદિ મળે. અગ્નિ કર્મ પર જીવનારને ધાતુ દ્રવ્ય આદિનો લાભ થાય છે.

- સિંહાય સાથે પૌર વ્યય આપવાથી સિંહના જેવો પરાક્રમી થાય અને દુશ્મનના સૈન્યનો નાશ કરી પોતાના સ્થાને મહોત્સવ થાય.

- શ્વાનાય સાથે પ્રદ્યોત વ્યય આપે તો નિત્યભોગ આદિ સુખ મળે. ઘર, શય્યા તથા અનેક કામાદિ ભોગ મળે છે. સ્ત્રી, પુત્ર આદિનું સુખ મળે છે.

- વૃષાયની સાથે શ્રિયાનંદ વ્યય આપવામાં આવે તો હંમેશા સુખ, શાંતિ અને લક્ષ્મી મળે છે. વ્યવહારમાં કુશળ થાય છે અને ગુઢ તથા દેવ અર્ચનનો અતિ લાભ મળે છે.

- ખરાય સાથે મનોહર વ્યય આપે તો સર્વ મનોરથ સિદ્ધ થાય અને સર્વજાતનાં ભોગ મળે છે અને પ્રસિદ્ધ તીર્થયાત્રા થાય.

- ગજાય સાથે શ્રીવત્સ વ્યય આપે તો સ્ત્રી આદિના ભોગો મળે છે. શૃંગાર ભોગયુકત મળે, બલ અને પુષ્ટિની વૃદ્ધિ થાય અને હાથી અને સિંહથી પણ અધિક બળ મળે છે.

- ધ્વાંક્ષાય આયની સાથે વિભવ વ્યય આપવાથી શિલ્પીને હિતકર્તા છે. સૂત્ર તથા શાસ્ત્રમાં નિપુણ થાય, સર્વ કાર્યની સિદ્ધિ થાય છે. શૃંગાર, ભોગ, નાશ ન થાય તેવા મળે ચિદાત્મક (ચિંતાત્મક) વ્યય આઠે આયોમાંથી કોઈ પણ સાથે વર્જનીય છે.

## ૭.૫.૮ આય વ્યયનો મેળાપ કોષ્ટક [૩૨]

| આય / વ્યય | ધ્વજાય | ધૂમ્રાય | સિંહાય | શ્વાનાય | વૃષભાય | ખરાય | ગજાય | ધ્વાંક્ષાય |
|---|---|---|---|---|---|---|---|---|
| શાન્તા ૧ | ● | ● | ● | ● | ● | ● | ● | X |
| પ્રૌર ૨ | ○ | = | ● | ● | ● | ● | ● | X |
| પ્રદોત ૩ | ● | X | = | ○ | ○ | ● | ● | X |
| શ્રીયાનંદ ૪ | ○ | X | X | = | ○ | ○ | ● | X |
| મનોહર ૫ | ● | X | X | X | = | ○ | ● | X |
| શ્રીવત્સ ૬ | ○ | X | X | X | X | = | ● | X |
| વિભવ ૭ | ● | X | X | X | X | X | = | ○ |
| ચિંતાત્મક ૮ | ○ | X | X | X | X | X | X | = |

X દુઃખ

= સુખ, લાભ

○ લાભ

● ઈષ્ટ

## ૭.૫.૯વ્યયાધિકાર શુભ સ્થાનો [૩૩]

| અંક | આય | વ્યય | ફલ |
|---|---|---|---|
| ૧ | ધ્વજાય | શાન્ત | શ્રેષ્ઠ કલ્યાણકારી, દેવપ્રાસાદમાં આપવાથી ભોગ બલી, પૂજા, ફલ, શાંત, ગીત અને નૃત્યનો આનંદ આપે. |
| ૨ | ધૂમ્રાય | શાન્ત | સોનું, રત્ન અને અગ્નિકર્મ પર જીવનારને ધાતુ દ્રવ્ય મળે. |
| ૩ | સિંહાય | પૌર | સિંહના જેવા પરાક્રમી થાય. દુશ્મનના સૈન્યનો નાશ કરી પોતાના સ્થાને મહોત્સવ થાય. |
| ૪ | શ્વાનાય | પ્રદ્યોત | નિત્યભોગ આદિ સુખ મળે, ગૃહલાભ કામાદિ ભોગ મળે. |
| ૫ | વૃષાય | શ્રિયાનંદ | હંમેશા સુખ, શાંતિ, લક્ષ્મી, વ્યવહારકુશળતા અને ગુરૂ તથા દેવ અર્ચનનો અતિ લાભ મળે. |
| ૬ | ખરાય | મનોહર | મનોરથ સિદ્ધ થાય અને સર્વજાતનાં ભોગ મળે. પ્રસિદ્ધ તીર્થયાત્રા થાય. |
| ૭ | ગજાય | શ્રીવત્સ | સ્ત્રી આદિનાં ભોગ મળે, શૃંગાર, ભોગયુક્ત બલ અને પુષ્ટિની વૃદ્ધિ થાય. |
| ૮ | ધ્વાંક્ષાય | વિભવ | શિલ્પિને હિતકર્તા સૂત્ર તથા શાસ્ત્રમાં નિપુણ થાય. શ્રૃંગાર ભોગ નાશ ન થાય તેવા મળે. |

## ૭.૬ શિલાસંબંધી ફલાદેશ

## ૭.૬.૧ ભૂમિકા

જે ભૂમિ શિથિલ નરમ હોય અને શુદ્ધ વર્ણની હોય તો ત્યાંશી અંગુલની ઊંડાઈ કરી હોય નીચે શર્કરા, પત્થરની કાંકરીના થરો નાખી પાયો પૂરવો, તે ઉપર ખુર શિલા મૂકવી. એ રીતે શિલ્પ રચનાના વિષયમાં ભવન નિર્માણનો પ્રારંભ કરવો. તેવું વિદ્યાનિધિ એ કહેલ છે.

## ૭.૬.૨ શિલાના નામો

नंदा भद्रा जया रिक्ता चाजितावापराजिता ।
शुक्ला सौभागिनी चैव धरणी नवमी शिला ।। [३४]

ક્ષીરાર્ણવ, અપરાજિત, પંચશિલાપ્રમાણ, અગ્નિપુરાણ વગેરેમાં શિલાના નામો વર્ણવેલ છે.

પાષાણના પ્રાસાદને પાષાણની અને ઈંટનાં પ્રાસાદને ઈંટની શિલા કરવી. વળી, ઉપર્યુક્ત શિલાઓ પૂર્વ-પશ્ચિમ આદિ દિશાઓમાં પાયા નીચે મૂકવી, તેના ઉપર જંઘા શિખર વેદિ અને કલશના અંત સુધી પીઠ બંધન સમસ્ત પ્રાસાદની રચના થશે માટે યુક્તિ અને વિધિએ કરી શિલા સ્થાપન કરવું શુભ લક્ષણ છે.

## ૭.૬.૩ શિલા સ્વરૂપ વિવેચન

પ્રાસાદમાં શિલાઓ કરતી વખતે અગ્નિકોણથી આરંભી શિલાઓમાં નીચે મુજબ સ્વરૂપો કરવા.

| | શિલા | આયુધ | વસ્ત્ર |
|---|---|---|---|
| (૧) | પૂર્વ | વજ્ર | પીળું વસ્ત્ર |
| (૨) | અગ્નિ | શક્તિ | લાલ વસ્ત્ર |
| (૩) | દક્ષિણ | દંડ | શ્યામ વસ્ત્ર |
| (૪) | નૈઋત્ય | ખડ્ગ | વાદળી વસ્ત્ર |
| (૫) | પશ્ચિમ | પાશ | ગુલાબી વસ્ત્ર |
| (૬) | વાયવ્ય | અંકુશ | સફેદ વસ્ત્ર |
| (૭) | ઉત્તર | ગદા | લીલું વસ્ત્ર |
| (૮) | ઈશાન | ત્રિશુલ | સફેદ વસ્ત્ર |
| (૯) | ધરણી શિલાને | – | પીળું વસ્ત્ર |

વળી, પાષાણની શિલા ઉપર ઈંટની શિલા કદાપિ કરવી નહિ. અર્થાત્ પાષાણ પર પાષાણની શિલા સંપુટની જેમ ઢાંકવી. દિક્પાલોનું પૂજન કરી બલિદાન આપવું. દિવ્ય વસ્ત્રાભૂષણ આપી શિલ્પીને સંતુષ્ટ કરવા. પૂજન વગેરે પ્રયત્નથી કરી હોમ વગેરે માંગલિક કાર્ય કરવું. આ પ્રમાણે અનેકવિધ વિધાનોથી શિલાઓ સ્થાપિત કરવાથી સર્વ પાપોનો નાશ થાય છે.

### નવનિધિ કુંભો

ભૂમિમાં ખોદી નવ નિધિ કુંભો સંપુટ સહિત સ્થાપવા (૧) પદ્મ (૨) મહાપદ્મ (૩) શંખ (૪) મકર (૫) કચ્છપ (૬) મુકુંદ (૭) કુંદ (૮) નીલ (૯) ખર્વ અને

### નવ કુંભો

(૧) સુભદ્ર (૨) વિભદ્ર (૩) સુનંદ (૪) પુષ્પદંત (૫) જય (૬) વિજય (૭) કુંભ (૮) પૂર્ણ (૯) ઉત્તમ એ નવ કુંભો યોજના પૂર્વક ક્રમે સ્થાપવા.

शिला प्रतिष्ठा मानासु दैव तैस्त्र शुचते ।
स्वर्गे चा मिप्सितं स्थानं राज्यं च जन्मजन्मनि ।। [३५]

અષ્ટશિલાઓનું અષ્ટ દિશામાં સ્થાપન કરવાથી દેવો વિચારમાં પડે છે અને સ્થાપન કરનાર સ્વર્ગમાં ઈચ્છિત સ્થાન મેળવે છે અને જન્મોજન્મ રાજય પ્રાપ્તિ કરે છે.

### કૂર્મ પ્રતિષ્ઠા મહાફલ

કૂર્મ પ્રતિષ્ઠા કરી ખાતનો નાભિનાલ પૂર્ણ રીતે ચણી લેવાથી જન્મોજન્મ ભૂલોકમાં શાશ્વત રાજયનું શુભાશુભ પ્રાપ્ત થાય છે.

## ૭.૬.૪ શિલા પ્લવનું શુભાશુભ સમીક્ષા

શિલાન્યાસમાં શિલા કઈ તરફ ઢળતી રાખવી તેનો સ્થપતિએ પહેલા નિર્ણય કરવો. શિલા સ્થાપિત કર્યા પછી ચલાયમાન કરવી તે અશુભ છે, શિલાનો ઢાળ પૂર્વ-ઉત્તર તરફ કરવો શુભદાયક છે, વાસ્તુદ્વાર પૂર્વ તરફ હોય તો પૂર્વ તરફ ઢાળ રાખવો અને ઉત્તર તરફ દ્વાર હોય તો ઉત્તર તરફ ઢાળ રાખવો, પણ પશ્ચિમ તરફ મુખ વાસ્તુ હોય તો ઉત્તર તરફ અને દક્ષિણ મુખ વાસ્તુ હોય તો પૂર્વ તરફ ઢાળ રાખવો કારણ કે પશ્ચિમ દક્ષિણ ઢાળવાળી શિલા અશુભ છે.

### શિલાન્યાસ પછી શુભકર્મો

શિલાન્યાસ કરીને તે ખાડાને શુદ્ધ સુગંધી જલ વડે પૂરીને ઉપર પુષ્પો તથા અક્ષતો નાખીને, આવર્તોની પરીક્ષા કરવી, જો તે ખાતના જલમાં દક્ષિણાવર્ત ઉત્પન્ન થાય એટલે પુષ્પ અક્ષતાદિ સૃષ્ટિક્રમે ફરતા દેખાય તો નિમિત્ત બહું જ ઉત્તમ સમજવું, જલમાં એ થી વિપરિત વામાવર્ત ઉત્પન્ન થાય તો નિમિત્ત અશુભ જાણવું. દક્ષિણાવર્ત કે વામાવર્ત કંઈ ન થાય તો નિમિત્ત મધ્યમ જાણવું. અશુભ નિમિત્ત દષ્ટિગોચર થાય તો શિલાન્યાસ શુભ મુહૂર્ત જોઈ ફરી કરવો.

### ઉત્તમ નક્ષત્રો

ત્રણ ઉત્તરા, રોહિણી, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, અનુરાધા, શ્રવણ, મૃગશીર્ષ, સ્વાતિ, હસ્ત, મૂલ એ નક્ષત્રો ગૃહ અને દેવપ્રાસાદોમાં શિલા આદિ પ્રતિષ્ઠામાં શુભ છે. વિષ્ટિ યોગ ત્યજવા.

## ૭.૬.૫ શિલા પ્રતિષ્ઠા અને ચલાયમાન દોષ

શિલા પ્રતિષ્ઠા કર્યા પછી શિલ્પીએ પ્રત્યેક શિલા ઉપર ચાર થરો ચણી લેવા શિલા ઉપર સંપુટ મૂકવા જેથી શિલાનાં અંગો દબાય નહિ તે જોવું.

ભૂમિતલમાં પ્રથમ સ્થિર પ્રતિષ્ઠા કરેલી સમ અને સુસ્થિત શિલાઓને પાછળથી ચલિત

કરવી નહિ એમ કરવું તે ગૃહ સ્વામીને ભયકારક છે. એટલું જ નહિ પણ કંપાયમાન કરવાથી પણ ગૃહકારકને ભય ઉત્પન્ન થાય છે. એથી વિપરિત શિલાઓની સ્થિરતા શિલ્પિ તેમજ ગૃહપતિને બંનેને પરમ મંગલકારક છે. **અગ્નિકોણની શિલા ચલાયમાન કરવાથી ગૃહસ્વામીને ભય, નૈઋત્યમાં સ્ત્રીનું મરણ, વાયવ્ય શૂન્યતા ભય, ઈશાન અને મધ્ય સ્થિત શિલા કંપિત કરવાથી ગુઢને ભય એજ પ્રકારે પ્રકારે પ્રથમ વિધિપૂર્વક પ્રતિષ્ઠિત સ્થંભો ચલિત કરવાથી અશુભ ફળ આપે છે. શિલાન્યાસ અને સ્તંભનો વિધિ સમાન છે. સૂત્રધારે પ્રથમથી જ મનને સ્થિર કરી શિલાન્યાસ અને સ્તંભ રોપ ખૂબીથી કરવો જે પાછળથી ચલાયમાનની આવશ્યકતા ન રહે.**

### ૭.૬.૯ શિલાપ્રમાણ સંબંધી ફલાદેશ[૩૬]

ઈંટો અને પથ્થરની બનેલા મકાન અનંતગણુ ફળ આપવાવાળા હોય છે, ઋષિઓએ દરેક વર્ણઅનુસાર પંચશિલાઓના વ્યાસનું પ્રમાણ આપ્યું છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | બ્રાહ્મણો માટે | ૫ શિલાઓ | ૧૬'' લાંબી | ૮.૦ પહોળી | ૪.૦૦ મોટી |
| ૨ | ક્ષત્રિયો માટે | ૫ શિલાઓ | ૧૩'' લાંબી | ૬.૫ પહોળી | ૩.૨૫ મોટી |
| ૩ | વૈશ્યો માટે | ૫ શિલાઓ | ૧૦'' લાંબી | ૫.૦ પહોળી | ૫.૦ પહોળી |
| ૪ | શુદ્રો માટે | ૫ શિલાઓ | ૭'' લાંબી | ૩.૫ પહોળી | ૧.૭૫ પહોળી |

**વિભિન્ન ફળ**

ઉપરનાં વર્ણાનુસાર લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈવાળી ઈંટો કે પથ્થરોને શિલાન્યાસમાં કામમાં લેવા જોઈએ. એમાં ઓછા કે વધારે પ્રમાણનાં પથ્થરો કામમાં લેવાથી એ પથ્થર પુત્રનાશ કરવાવાળા હોય છે. મે આજ પથ્થરો વાંકી-ચૂકી રીતે પાયામાં લગાવી દેવામાં આવે તો આવકથી વધારે ખર્ચ થાય છે. જો આ શિલાઓ એકસમાન હોય તો ધનસંબંધી પીડા રહે છે. ભવનિર્માણ સમયે ઉપરની બાબતો કારીગરોએ ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ.

**નાગવાસ્તુ વિચાર**

કન્યા, તુલા અને વૃશ્ચિક આદિ ત્રણ રાશિઓની  સૂર્યસંક્રાંતિઓ તથા ભાદ્રપદ, અશ્વિન અને કાર્તિક આદિ ત્રણ-ત્રણ માસોમાં નાગવાસ્તુ (સર્પનું મુખ) અનુક્રમે પૂર્વાદિ એટલે પૂર્વ, દક્ષિણ, ઈત્યાદિ ચારેય દિશાઓમાં ગતિ કરે છે તેમ સમજવું માટે જે દિશામાં સર્પનું મુખ હોય તેમાં ખોદવાનું કાર્ય કરવું નહિ.

## ૭.૭ જલાશય સંબંધી ફલાદેશ

### ૭.૭.૧ ભૂમિકા

પ્લોટની પસંદગી-ખરીદી વગેરે થયા બાદ ભૂમિ પૂજન કરવું જોઈએ. ત્યારબાદ વસ્તુનાં

બાંધકામ માટે તથા ઘરવપરાશ માટે વિપુલ પ્રમાણમાં પાણીની જરૂરત રહે છે. જલ એ જ જીવન છે અને અતિ અગત્યનું અંગ છે. પાણી માટે પ્લોટમાં બોરીંગ કુવો વગેરે બનાવવાની જગ્યા શાસ્ત્રનાં આધારે નકકી કર્યા બાદ તે અંગે બોર માટે શારડાની ભૂમિમાં છિદ્ર કરવાનું કે ખોદકામ કરવું જોઈએ. આ માટે એવો નિયમ છે કે

પ્લોટના સામસામા ખૂણાઓથી કર્ણરેખાઓની આંકણી કરવી. કર્ણ રેખા ઉપર બોર કે કૂવો ન થવો જોઈએ. કર્ણ રેખાની જમણી કે ડાબી બાજુ ખોદકામ કે બોરીંગ કરી શકાય. આ માટે શુભતિથિ, શુભવાર અને શુભ નક્ષત્રો જોઈને તેવા દિવસોમાં શરૂઆત કરવી.

## ૭.૭.૨ કૂવા સંબંધી નક્ષત્રોનું શુભાશુભ ફલો

કૂવો અથવા બોરવેલ ખોદવા માટે અમુક નક્ષત્રોનો ખ્યાલ રાખીને ખોદકામ કરવાની આવશ્યકતા છે. એ રીતે ખોદકામ કરવાથી કૂવામાં સતત અને સદૈવ મીઠું પાણી મળે છે.

**શુભ નક્ષત્રો**

હસ્ત, પુષ્ય, ઘનિષ્ઠા, શતતારકા, અનુરાધા, મઘા, ઉત્તરા, ઉત્તરાભાદ્રપદા, ઉત્તરાષાઢા અને રોહિણી આ નક્ષત્રોમાં કૂપારંભ કરવાના શ્રેષ્ઠ નક્ષત્રો છે.

**અન્ય શુભ નક્ષત્રો**

સ્વાતિ, આશ્વિન, પુષ્પ, હસ્ત, પુનર્વસુ, રેવતી આ છ નક્ષત્રોમાંથી કોઈ એક નક્ષત્રમાં કુપારંભ કરવો શુભ છે.

વળી, પૂર્વા ફાલ્ગુન, ઉત્તરાફાલ્ગુન, પૂર્વાભાદ્રપદ, રોહિણી, ઘનિષ્ઠા, પૂર્વાષાઢા, પુષ્ય, મૂળ, અનુરાધા વગેરેમાં પણ કૂવો કે બોરિંગ કરાવવું ઉત્તમ છે. શકય હોય ત્યાં સુધી મંગળવાર અને ક્ષયતિથિના દિવસે કૂવો ખોદવાની શરૂઆત ન કરવી.

## ૭.૭.૩ કૂવા સંબંધી દિશાઓનું શુભાશુભ ફળ

ઉત્તર પશ્ચિમ અને અગ્નિ દિશામાં કૂવો ખોદયો હોય તો તેમાથી સારું પરિણામ મળે છે. વાયવ્ય અને દક્ષિણ દિશામાં ખોદેલા કૂવાનું પાણી લાંબો વખત ટકતું નથી જમીનનાં કયા ભાગમાં અને કઈ દિશામાં કૂવો ખોદવાથી, કયા પરિણામો આવે તે નીચેના શ્લોકમાં જોવા મળે છે.

कूपे वास्तोर्मध्यदेशडर्थनाश स्त्वैशान्यादौ पुष्टिरैश्वर्यवृद्धिः ।
सूनोर्नाशः स्त्रीविनाशो मृतिश्चं सम्पतीडा शत्रुतः स्याश्च सौख्यम् ।। [३७]

આ શ્લોકનું અર્થઘટન કરતા સમજાય છે કે ઘર અથવા જમીનનાં મધ્યભાગમાં કૂવો ખોદવાથી ધનનો નાશ થાય છે. મધ્યભાગ પછી ઘરની વિવિધ દિશાઓ અને ખૂણાઓમાં કૂવાનું પરિણામ નીચે મુજબ બતાવ્યું છે.

## ૭.૭.૪ કોણ સંબંધી શુભાશુભ

આગળ જોઈ ગયા છે તે મુજબ તેની વિશદ ચર્ચા કરીએ તો

(૧) પ્લોટના ઈશાન ખૂણામાંથી પસાર થતી કર્ણ રેખાની પૂર્વ તરફ બોર કે કૂવો કરવામાં આવે તો તે સર્વોત્તમ છે. તેનાથી અર્થ લાભ થાય છે.




(૨) આગળ કહ્યાઅનુસાર ઈશાન ખૂણામાંથી પસાર થતી કર્ણરેખાની ઉત્તરે બોર કે કૂવો કરવામાં આવે તો રહેનારની પ્રતિષ્ઠા ઓછી અને ધનવૃદ્ધિ થાય છે.

(૩) પૂર્વ દિશામાં કે ઉત્તરદિશામાં કૂવો કરવામાં આવે તો અનુક્રમે સમૃદ્ધિ અને ધનવૃદ્ધિ થાય છે. પરંતુ કૂવાનું સ્થાન દિશાની વચ્ચેની રેખાથી ઈશાન ખૂણા તરફ હોવું જોઈએ.

(૪) પ્લોટનાં અગ્નિખૂણામાંથી પસાર થતી કર્ણ રેખાની પૂર્વ કે દક્ષિણે કૂવો કે બોર કરવામાં આવે તો ઘરમાં અશાંતિ થાય છે કારણ કે અગ્નિ અને જલતત્વ સાથે થઈ જવાથી વિરુદ્ધ અસર થાય છે. ઘરના બાળકો માટે ભય રહે છે. ઘરમાં સ્ત્રીઓ માટે નુકશાન કારક છે. ઘરમાં એકબીજા સાથે સંઘર્ષ રહે છે. અર્થનાશ થાય છે.

(૫) પ્લોટમાં દક્ષિણમાં કૂવો કે બોર કરવામાં આવે તો ખોડ-ખાંપણનું નિર્માણ થાય, માનસિક બિમારી તથા વારંવાર અકસ્માત થવાના યોગ ઉદ્ભવે છે.

(૬) પ્લોટના નૈઋત્ય ખૂણામાંથી પસાર થતી કર્ણરેખાની દક્ષિણ કે પશ્ચિમ તરફ કૂવો કે બોર કરવામાં આવે તો ખૂબ જ ખરાબ ગણાય છે. મુખ્ય પુઢષનું અવસાન, ધનનાશ, આત્મહત્યા, રાક્ષસી પ્રવૃત્તિ વગેરેનું નિર્માણ થાય છે.

(૭) વાસ્તુ શાસ્ત્ર અનુસાર વાયવ્ય કોણ ઈશાનમાં દૈનિક ઉપયોગમાં લેવાતા જળને રાખવાનું વિધાન છે. તેનું વૈજ્ઞાનિક કારણ એ છે તેની ઉપર સૂર્યતાપ અધિક પડવાને કારણે પાણીમાં પ્રદૂષણ જલદી થતું નથી અને શુદ્ધ જલ પ્રાપ્ત થાય છે.

વળી, પશ્ચિમ તરફ બોર કે કૂવો કરવામાં આવે તો પૈસાનો બિનજરૂરી ખર્ચ થાય છે. માંદગી અને દુશ્મની આવે છે.

(૮) વાયવ્ય ખૂણામાં કૂવો કરવાથી જીવનમાં સમતુલા રહે નહી. વિના કારણે દુશ્મનો ઉભા થાય છે, ચોરીનો ભય રહે છે.

(૯) બોર કે કૂવો પ્લોટનાં મધ્યભાગમાં કરવામાં આવે તો મૃત્યુયોગ, કૂળનો નાશ થાય, રહેનારનું જીવન અસ્થિર થાય આવા વાસ્તુમાં લાંબો સમય કોઈ રહી શકતું નથી.

બોર કે કૂવો બનાવવા માટે આગળ કહેલી વિગતો સર્વ પ્રકારનાં વાસ્તુ જેવા કે રહેણાંક, વ્યાપારી ગૃહો, દવાખાના, સરકારી મકાનો, દેવાલયો, કારખાના, ખેતી તમામને લાગુ પડે છે.

## ૭.૭.૫રાશિ અને ગ્રહો પ્રમાણે ફળકથન

- બોરિંગ ચોમાસા પહેલા કરાવવું કારણ કે બોરની ગાડી ત્યારે વજનદાર હોવાથી ચોમાસામાં કીચડમાં ફસાઈ જવાનો ડર રહે છે.

- અંધારિયા પક્ષમાં કયારેય બોર ન કરાવવો. કારણકે તેમાં ચંદ્રનું બળ ક્ષીણ હોય છે, જળને ચંદ્ર સાથે સીધો સંબંધ છે, કારણ કે ચંદ્ર જળનો કારક દેવ છે માટે ચંદ્રનું બળ તો ખાસ જોવું.

- બોર કરાવવા માટે ઘેરથી નીકળતી વખતે ચંદ્ર સન્મુખ હોય તેમ ચંદ્ર જમણી બાજુ રહે તે દિશામાં ચાલવું. કારણ કે સન્મુખ ચંદ્ર ઈષ્ટલાભ આપે છે અને જમણો ચંદ્ર મિત્ર થાય છે. ડાબો ચંદ્ર શત્રુ ગણાય છે. જેથી બોરમાં પાણી આવતું નથી અને આવે તો પણ ખૂટી જાય છે, કડવું આવે છે જેથી કાયમ ચિંતા રહે છે. પાછળનો ચંદ્ર પણ સારું ફળ આપતો નથી.

મેષ, સિંહ, ધનનો ચંદ્ર – પૂર્વ દિશામાં હોય છે.

મિથુન, તુલા, કુંભનો ચંદ્ર પશ્ચિમમાં રહે છે.

કર્ક, વૃશ્ચિક, મીનનો ચંદ્ર ઉત્તરમાં રહે છે.

વૃષભ, કન્યા, મકરનો ચંદ્ર દક્ષિણમાં રહે છે.

દા.ત. જયારે મેષનો ચંદ્ર હોય ત્યારે ઘરેથી નીકળીને પ્રથમ પૂર્વ દિશામાં ચાલવું અને એ રીતે પ્લોટ પર પહોંચવું (પછી ગમે તે દિશામાં વળવું પડે તો ચાલે). મેષાના ચંદ્રમાં અથવા ઉત્તર દિશામાં પ્રયાણ કરી શકાય, કારણ કે તેથી ચંદ્ર જમણા હાથ તરફ થાય. જમણા હાથ તરફનો ચંદ્ર મિત્ર થાય છે તેથી જળ ઘણું જ નીકળે છે. વ્યવહારમાં પણ મિત્રને જમણો હાથ જ કહેવાય છે ને?

પરંતુ મેષનાં ચંદ્રમાં પશ્ચિમ તરફ પ્રયાણ ન કરવું. કારણ કે તેથી ચંદ્ર પીઠ તરફ થાય છે અને દક્ષિણ તરફ પ્રયાણ કરવાથી ચંદ્ર વામ અર્થાત ડાબો થાય છે એટલે કે શત્રુ થાય છે, માટે જળ ચિંતા રહે છે.

## ૭.૭.૬વ્યકિતઅનુસાર ફળ

- ઘરની જે વ્યકિતને જન્મકુંડળીમાં ચંદ્ર વૃષભ કે કર્ક રાશિનો હોય, તે વ્યકિતએ પ્રથમ બોર માટે નકકી કરેલ સ્થાને જઈ ગણપતિ દેવતા અને ચંદ્ર દેવતાનું સ્મરણ કરી કોશથી થોડું ખોદવું અને હાથ વડે માટી કાઢી પછી તેમાં તાંબાની લોટી પધરાવવી અને બાજુમાં મગનો સાથિયો કરી પછી વઢણ દેવને શ્રીફળ વધેરવું.

➢ આ રીતે યોગ્ય વ્યક્તિને હાથે મુહૂર્ત કર્યા પછી યાંત્રિક રીતે બોર ખોદવાનું કામ શરૂ કરી શકાય છે.

➢ કર્ક કે વૃષભનો ચંદ્ર હોય અને ચંદ્રાવળી ચોથ હોય, તો તેવી વ્યક્તિને હાથે મુહૂર્ત કરાવવું ઉત્તમ છે, કારણ કે ચોથું સ્થાન જમીન કે સ્થાવર મિલકતનું છે, જેમાં બળવાન ચંદ્ર જમીનમાં પાણીનું સુખ સારુ બતાવે છે. તેથી તેવી વ્યક્તિને હાથે પણ જળ માટે મુહૂર્ત કરાવવાથી જળ અવશ્ય નીકળે છે.

➢ વૃષભનો કે કર્કનો ચંદ્ર લાભ સ્થાને હોય તેવી વ્યક્તિનાં હસ્તે પણ જળ માટે મુહૂર્ત કરાવી શકાય છે.

➢ મકરનો ચંદ્ર ત્રીજે હોય તેવી વ્યક્તિ પણ જળ માટે મુહૂર્ત કરી શકે છે, કારણ કે આવો ચંદ્ર ભાગ્યસ્થાને પોતાની સ્વરાશિને જોતો હોઈ તેના ભાગ્યમાં પાણી ઘણું જ હોય છે.

➢ વૃષભ રાશિમાં ચંદ્ર, શુક્રની લગ્ને કે દસમે યુતિ હોય, તો વ્યક્તિ પણ મુહૂર્ત કરે તો, જળ ઘણું જ નીકળે છે.

➢ ગોળ ચહેરાવાળી, ખૂબ જ સૌમ્ય અને રૂપાળી સ્ત્રીનાં હાથે મુહૂર્ત કરાવવાથી પણ જળ નીકળે છે, કારણ કે તેવી દેખાતી વ્યક્તિઓનો ચંદ્ર બળવાન હોય છે.

➢ ડાબી કે જમણી આંખ ફાંગી હોય તેવી વ્યક્તિનાં હાથે કદી જ મુહૂર્ત ન કરાવવું, કારણ કે ચંદ્ર બારમો હોય કે જેમનો ચંદ્ર દુષિત હોય તેમની જ આંખ કાણી હોય છે. તેમના હાથે જળ નીકળતું નથી કારણ કે ચંદ્ર જળનો કારક ગ્રહ છે. ગુરૂ નબળો હોય કે ચંદ્ર બારમો હોય તો જ વ્યક્તિને વિદ્યા અધૂરી છોડવી પડે છે તેના હાથે મુહૂર્ત ન કરાવવું.

➢ જેની માતા હયાત હોય તેના હસ્તે જ બોરનું મુહૂર્ત કરાવવું. કારણ કે જેને માતાનું સુખ સારું હોય છે તેનો જ ચંદ્ર સારો હોય છે.

➢ જે વ્યક્તિના હાથે વારંવાર દૂધ બગડી જતું હોય કે ઉભરાઈ જતું હોય તેણે પોતાના હાથે મુહૂર્ત ન કરવું. કારણ કે ચંદ્ર દૂધનો કારક છે જેનો ચંદ્ર દુષિત હોય તેને હાથે જ દૂધ બગડે છે.

➢ જેમની જન્મકુંડળીમાં અમાવસ્યાયોગ હોય એટલે કે ચંદ્ર સૂર્ય ભેગા હોય તેમના હાથે મુહૂર્ત ન કરાવવું કારણ કે અમાસ અને તેની આજુબાજુના એક-બે દિવસોમાં જન્મનારને અમાવસ્યા યોગ આવે છે. આ દિવસોમાં ચંદ્રનું બળ હોતું નથી.

➢ જેમની કુંડળીમાં ચંદ્ર-શનિનો વિષયોગ હોય તેના હાથે મુહૂર્ત ન કરાવવું.

➢ બોરિંગ પ્રારંભ કરવા માટે સૌથી વધારે સારું મુહૂર્ત અક્ષય તૃતીયા છે. તે દિવસે ચંદ્રબલ જેને પ્રાપ્ત થયું હોય તેવી વ્યક્તિના હાથે બોરિંગ કરાવવું.

➢ જેની કુંડળીમાં ચંદ્ર-સૂર્ય ભેગા હોય તેના હાથે ન કરાવવું.

➢ જેની કુંડળીમાં 'ગજકેસરી યોગ' બને છે તેવી વ્યકિતના હાથે બોરિંગ કરાવવાથી વિપુલમાત્રામાં પાણી મળે છે.

➢ જેની કુંડળીમાં ધન, મીનનો ચંદ્ર હોય અથવા ગુઢની યુતિ હોય તેના હાથે કરાવવાથી શુભ મળે છે.

➢ જે વ્યકિતનો ગોચર ચંદ્ર છઠા, આઠમા અને બારમા હોય તે વ્યકિતને હાથે કરાવવું.

➢ શુકલપક્ષની ચતુર્થી સુધી ચંદ્ર ક્ષીણ ગણાય છે માટે તે પછી પૂનમ સુધીમાં મુહૂર્ત કરાવવું.

➢ હેન્ડ પંપ કે કૂવો વાસ્તુના બ્રહ્મસ્થાનમાં કરાવવું નહી કારણ કે મધ્યમાં કરાવવાથી કાર્ય ધનાગમનમાં અવરોધ ઉત્પન્ન થાય છે.

➢ કોઈપણ આશ્રમ, દેવાલય અથવા સાર્વજનિક ભવનોમાં કૂવા નિર્માણ ઈશાનકોણમાં કરાવવું જોઈએ. ઉત્તર પૂર્વ પણ શુભ છે. અંડરગ્રાઉન્ડ વોટર ટેન્ક તથા મુખ્ય પ્રવેશ દ્વાર બંનેની સ્થિતિ ઉત્તરી ઈશાન અથવા પૂર્વી ઈશાનમાં શુભ છે. વોટર ટેન્ક આકાર વર્ગાકાર, આયતાકાર હોય છે પરંતુ ગોળ રાખવો જોઈએ.

❋ **કૂવો કે નળ, બોરીંગ વગેરે ખોદાવવાનું મુહૂર્ત**

જળ જીવન છે, કવિવર રહીમ કહે છે કે,

रहिमन पानी राखिये, बिना पानी सब सून

શુભ તિથિ વગેરે અનુસાર તેનું મુહૂર્ત કરવું જોઈએ.

❋ **શુભ તિથિ**

શુકલપક્ષની બીજ, ત્રીજ, પાંચમ અને પૂર્ણિમા તિથિ શુભ છે.

❋ **શુભ નક્ષત્ર**

હસ્ત, અનુરાધા, રેવતી, ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરા ભાદ્રપદ, ઘનિષ્ઠા, શતભિષા, મઘા, રોહિણી, પુષ્ય, મૃગશિરા અને પૂર્વષાઢા

ઉપર્યુકત શુભ તિથિ, વાર, નક્ષત્રમાં કે વગેરે ખોદાવવા જોઈએ. શુભ ચોઘડિયું કે મુહૂર્તનો

પ્રયોગ કરવો જોઈએ. જલ પ્રભાવ ચક્ર જાણવું જોઈએ.

### ૭.૭.૭જલ પ્રભાવ ચક્રમ [૩૮]

| રાશિઓ | જલ પ્રભાવ |
|---|---|
| ૪, ૧૦, ૧૨ | બહું જ જલ |
| ૨, ૧૧ | અડધું જલ |
| ૭, ૮ | અલ્પમાત્રામાં જલ |
| ૧, ૩, ૫, ૬, ૯ | નિર્જલ |

## ૭.૮ ગૃહારંભ સંબંધી ફલાદેશ

### ૭.૮.૧ ભૂમિકા

નવા ઘરનું બાંધકામ થયા પછી ગૃહારંભ કરવા માટે વશિષ્ઠ, નારદ, સનત્કુમાર, વગેરે વાસ્તુશાસ્ત્રજ્ઞોએ તે ઘરમાં આરંભ સંબંધિત ચર્ચા કરી છે.

### ૭.૮.૨ ગૃહારંભના મુહૂર્તો

पतङ्गभात्सप्तभिरी शतुल्यैः रवेकैरसत्सद् वृषवास्तुचक्रे ।
सितेज्ययोर्दृश्य इने कुलीरनक्रालिकुम्भक्रियसिंहयाते ।।
सहोनमोराधतपस्यतैषमासे सितेन्दुज्ञरानीज्यवारे ।
हस्तश्रविष्ठाम्बुपमैत्रचित्रास्त्वात्युत्तरैज्यैन्दवकान्त्यभेषु ।।
विदशंरिक्ताद्यतिथीषु गेहारम्भः प्रशस्तो विचरे विभगे ।
शुभाढयद्दथे त्रिभवारियातैः खलैः शुभैः कण्टककोणलीनैः ।। [૩૯]

સૂર્યાકાન્ત નક્ષત્રથી ચંદ્ર નક્ષત્ર સુધી ગણીને ૭ નક્ષત્ર અશુભ, ૧૧ નક્ષત્ર શુભ, ૧૦ નક્ષત્ર અશુભ હોય છે. આ પ્રકારે ગૃહારંભ વૃષવાસ્તુચક્ર હોય છે. શુક્ર તથા ગુરૂ એ બંનેનો ઉદય હોય, કર્ક, મકર, વૃશ્ચિક, કુંભ, મેષ તથા સિંહ રાશિ સૂર્યમાં માગશર, શ્રાવણ, વૈશાખ, ફાગણ તથા પોષ માસમાં શુક્ર, ચન્દ્ર, બુધ, શનિ તથા ગુરૂવારમાં હસ્ત, ઘનિષ્ઠા, શતભિષા, અનુરાધા, ચિત્રા, સ્વાતિ, ત્રણેય ઉત્તરા, પુષ્ય, મૃગશીર્ષ, રોહિણી તથા રેવતી નક્ષત્રમાં અમાવસ્યા, રિક્તા તિથિ તથા પ્રતિપદા તેને છોડીને બાકીની તિથિઓમાં શુભ ગ્રહોથી યુક્ત તથા સ્થિર અને દ્વિસ્વભાવ રાશિનાં લગ્નમાં, તૃતીય, એકાદશ અને છઠ્ઠા સ્થાનમાં પાપગ્રહ હોય અને કેન્દ્ર તથા ત્રિકોણમાં શુભગ્રહ હોય તો 'ગૃહારંભ શુભ' ગણાય છે.

गेहे सिंहार्कास्त्रिभे देवगेहे पाठीनार्कात्काशये नक्रभानोः ।
राहोरास्यं शम्भुदिक्तो विलोमात्खाते पृष्ठाडडस्याद् विदिग्या शुभा सा ।। [૪૦]

સિંહાર્ક થી ત્રણ-ત્રણ રાશિ ગૃહારંભમાં મીનાર્ક થી ત્રણ-ત્રણ રાશિ દેવાલયનાં આરંભ અને મકરાર્કથી ત્રણ-ત્રણ રાશિ જલાશયનાં આરંભમાં ઈશાનાદિ વિદિશાઓમાં વિલોમવિધિથી રાહુનું મુખ હોય છે. ગૃહાદિના આરંભમાં રાહુની મુખ્ય દિશાથી જે પાછળની વિદિશા હોય તે ખાતારંભ માટે શુભ છે. અર્થાત્ રાહુની મુખ તથા પુચ્છ દિશામાં આરંભ ન કરવો.

## ૭.૮.૩ ગૃહારંભ માસનું ફળ કથન[૪૧]

चैत्रे शोककरं गृहादिरचितं स्यान्माधवेऽर्थप्रदं ।
ज्येष्ठे, मृत्युकरं शुचौ पशुहरं तद्वृद्धिदं श्रावणे ।।
शून्यं भाद्रपदेऽश्विने कलिकरं भृत्यक्षयं कार्त्तिके ।
धान्यं मार्ग सहस्ययोर्दहन भीर्माधेश्रियं फाल्गुने ।।

ચૈત્ર માસમાં ગૃહાદિનો આરંભ કરે તો શોક ઉત્પન્ન થાય, વૈશાખમાં ધનની પ્રાપ્તિ થાય, જયેષ્ઠ માસમાં મૃત્યુ થાય, અષાઢમાં પશુનો નાશ થાય, શ્રાવણે સર્વ પ્રકારની વૃદ્ધિ થાય, ભાદરવામાં આરંભ કરે તો ઘર શૂન્ય રહે, અશ્વિન માસમાં કલેશ થાય, કાર્તિકે ચાકરનો નાશ થાય, માગશર અને પોષમાં ધાન્યની વૃદ્ધિ થાય, માઘમાં અગ્નિ ભય થાય, ફાલ્ગુને લક્ષ્મીની પ્રાપ્તિ થાય.

અષાઢ, ચૈત્ર, અશ્વિન, કાર્તિક, માઘ, જયેષ્ઠ, ભાદ્રપદ એ મહિનાઓમાં યોગેશ્વરાચાર્યના મતે ગૃહાદિ આરંભ કરવા માટે નિષિદ્ધ કહ્યા છે.

| | માસ | પુરાતત્ત્વ | દેવતા | દેવી | ફળ |
|---|---|---|---|---|---|
| (૧) | ચૈત્ર | મધુ | વિષ્ણુ | રમા | શોક થાય |
| (૨) | વૈશાખ | માધવ | મધુસૂદન | મોહિની | ધનની પ્રાપ્તિ |
| (૩) | જેઠ | શુક્ર | ત્રિવિક્રમ | પદ્માક્ષી | મૃત્યુ |
| (૪) | અષાઢ | શુચિ | વામન | કમળા | પશુ નાશ |
| (૫) | શ્રાવણ | નભ | શ્રીધર | કાર્તિમોક્ષ | સર્વ પ્રકારે વૃદ્ધિ |
| (૬) | ભાદ્રપદ | નભસ્ય | ઋષિકેશ | અપરાજિત | શૂન્ય |
| (૭) | આસો | ઈષ | પદ્મનાભ | પદમાવતિ | કલેશ |
| (૮) | કારતક | ઉર્જ | દામોદર | રાધા | ઘરધણી નાશ |
| (૯) | માગશર | સહા | કેશવ | વિશાલાક્ષી | ધનધાન્ય પ્રાપ્તિ |
| (૧૦) | પોષ | સહસ્ય | નારાયણ | લક્ષ્મી | ધનની વૃદ્ધિ |
| (૧૧) | મહા | તપ | માધવ | રૂકમણી | અગ્નિ ભય |

(૧૨) ફાગણ	તપસ્યા	ગોવિંદ	ધાત્રી	લક્ષ્મીપ્રાપ્તિ

**શુભવાર**

સોમ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ શુભ અને મંગળ કે રવિવાર અશુભ.

## ૭.૮.૪ ગૃહારંભ રાશિના ફળકથન

गृहसं स्थापन सूर्य मेषस्थे शुभदं भवेत् ।
वृषस्थे धन वृद्धिः स्यान्मिथुने मरणं ध्रुवम् ।।
कर्कटे शुभदं प्रोक्तं सिहं भ्रृत्य विवर्धनम् ।
कन्यायां रूक तुले सोख्यं वृकिे धनवर्धनम् ।।
कार्मुके च महाहानि र्मकरे स्याद्नागमः ।
कुम्भे तु रत्न लाभः स्यान्मीने सदम भयावहम् ।।[૪૨]

**મેષ રાશિના સૂર્યમાં ગૃહાદિ આરંભ શુભ, વૃષભ રાશિના સૂર્યમાં ધનવૃદ્ધિ, મિથુન રાશિમાં સ્વામીનું મરણ, કર્ક રાશિમાં શુભ ફલ પ્રાપ્તિ, સિંહ રાશિમાં સુખ, વૃશ્ચિક રાશિમાં ધનલાભ, ધન રાશિમાં મોટી હાનિ, મકર રાશિમાં ધન લાભ, કુંભ રાશિમાં રત્ન લાભ, મીન રાશિમાં સૂર્યમાં ગૃહારંભ ભયકારક થાય.**

## ૭.૮.૫ ગૃહારંભની દિશા-તિથિ અને તેના ફળ-કથન

કન્યા, તુલા, વૃશ્ચિક એ ત્રણ રાશિના સૂર્યમાં વત્સનું મુખ, પૂર્વ દિશામાં હોય છે. ધન, મકર અને કુંભ રાશિમાં વત્સનું મુખ દક્ષિણે હોય છે. મીન, મેષ અને વૃષભ રાશિનાં સૂર્યમાં વત્સમુખ પશ્ચિમે હોય છે. મિથુન, કર્ક અને સિંહ એ રાશિના સૂર્યમાં વત્સમુખ ઉત્તરમાં હોય છે. માટે જે દિશામાં વત્સમુખ હોય તે દિશામાં દ્વાર મૂકાય તો આયુષ્યનો ક્ષય થાય. માટે બંને બાજુ દ્વાર મૂકવું પણ સિંહ, વૃષભ, વૃશ્ચિક અને કુંભ રાશિના સૂર્યમાં ચારે બાજૂ દ્વાર મૂકી શકાય. તેમાં વત્સ દોષ લાગે નહી.

**શુભપક્ષ**

કૃષ્ણપક્ષની એકમ (૧) બીજ (૨) ત્રીજ (૩) પાંચમ (૭) સાતમ (૧૦) દશમ (૧૧) એકાદશી, (૧૩) તેરસ એ તિથિઓ શુભ છે.

શુકલ પક્ષમાં ગૃહારંભ કરવાથી સુખની પ્રાપ્તિ થાય તથા કૃષ્ણ પક્ષમાં ગૃહારંભ કરવાથી ચોરનો વ્યય થાય, ચતુર્દશી, ષષ્ઠી, ચતુર્થી, અષ્ટમી, અમાવસ્યા, નવમી તિથિ તથા રવિવાર અને મંગળવારનો ત્યાગ કરવો અને બાકી રહેલ તિથિ તથા વારોમાં ગૃહારંભ કરવો શ્રેષ્ઠ છે.

વિષ્ણુધર્મોત્તર પુરાણના ત્રીજા ખંડમાં કહ્યું છે કે કૃષ્ણપક્ષના ત્રણ ભાગ કરતા પ્રથમ ભાગ ૧ થી ૫ શુભાવહા, મધ્યમભાગ ૬ થી ૧૦ મધ્યમ અને ૧૧ થી અમાસ તૃતીય ભાગ કર્તાનો નાશ કરે, શુકલ પક્ષમાં પ્રથમ ભાગ ૧ થી ૫ દેશનો નાશ કરનાર જાણવો, મધ્ય વિભાાગ ૬ થી ૧૦ મધ્યમ અને

ત્રીજો વિભાગ ૧૧ થી ૧૫ સુધી શુભ જાણવા.

### ❋ શુભતિથિઓ

બીજ, ત્રીજ, પાંચમ, છઠ, સાતમ, દશમ, અગિયારસ, બારસ, તેરસ અને પૂનમ ઘર બાંધવાની શરૂઆત કરતી વખતે શુભ છે.

### ❋ અશુભ

એકમ – દારિદ્રયકારક ચોથ – ધન સંપત્તિ નાશકારક આઠમ– સર્વ નુકશાનકારક

નોમ – ધાન્યનો નાશ ચૌદશ – સ્ત્રીનો નાશ કરનાર અમાસ – ભયકારક

વ્યતિપાત પણ ત્યજવો.

દીપાર્ણવના આરંભમાં વિશ્વકર્મા કહે છે કે દેવાલય કે ઘરનો આરંભ શુભ માસમાં અજવાળિયા પક્ષમાં અને ઉત્તરાયણનો સૂર્ય હોય ત્યારે કરવો. જે શુભ દિને ચંદ્રમા અને તારાનું બળ હોય તથા શુભ લગ્ન હોય તે દિવસે દેવોની અને ઋષિઓની પૂજા કરીને તેમજ શિલ્પીઓને સંતુષ્ટ કરીને, ઘરના પ્રારંભના નક્ષત્રને દિવસે જમીનનું માપ કરવા માટે સૂત્ર છોડવું.

### ❋ ગૃહરંભ તિથિ

प्रतिपत्कृष्णपक्षीया द्वितीया वास्तुकर्मणि ।
तृतीया पमी चैव सप्तमी दशमी तथा ।
एकादशी त्रयोदशी तिथयश्च शुभावहा ः ।। [४३]

ઘરનો આરંભ કરવામાં કૃષ્ણપક્ષની એકમ અને બંને પક્ષની બીજ, ત્રીજ, પાંચમ, સાતમ, દશમ, અગિયારસ અને તેરસ એ તિથિઓ શુભકારક છે.

વળી, જયારે કન્યા, તુલા અને વૃશ્ચિક રાશિનો સૂર્ય હોય ત્યારે પૂર્વ દિશા સન્મુખના દ્વાર વાળુ ઘર ન કરવું. ધન, મકર અને કુંભ રાશિના સૂર્ય હોય ત્યારે દક્ષિણ દિશાના મુખવાળું ઘર ન કરવું. મિથુન, કર્ક અને સિંહ રાશિનાં સૂર્ય હોય ત્યારે પશ્ચિમના દ્વારવાળુ ઘર ન કરવું. મિથુન, કર્ક અને સિંહ રાશિના સૂર્ય હોય ત્યારે ચારે દિશામાની કોઈપણ દિશાના દ્વારવાળા ભવનનો આરંભ કરી શકાય છે.

## ૭.૮.૬ વૃષ વાસ્તુ વિચાર

ગૃહારંભ કરતી વખતે શુભાશુભ વિચાર કરવા માટે બળદના આકારની કલ્પના કરીને તેના પ્રત્યેક અંગ પર સૂર્ય નક્ષત્રથી ગણીને નક્ષત્ર સ્થાપિત કરીને વિચાર કરવો જોઈએ કે ગૃહારંભ કયા નક્ષત્રમાં શરૂ કરવું શુભ રહેશે.

સૂર્ય જે નક્ષત્રમાં હોય તેના ત્રણ નક્ષત્ર મસ્તક પર તેના આગલા ચાર નક્ષત્ર પાછળના પગ ઉપર, તેના આગળના ત્રણ નક્ષત્ર પીઠ ઉપર, તેના આગળના ચાર ડાબા પડખા પર, તેના પછીના

ત્રણ નક્ષત્ર પૂંછડી પર, તેના પછીના જમણા ભાગનાં અને તેના પછીના ત્રણ નક્ષત્ર મુખ પર સ્થાપિત કરીને પ્રત્યેક અંગ નકકી થયેલા નક્ષત્રોમાં ગૃહારંભ કરવાનું ફળ નીચે મુજબ છે.

- મસ્તક પર રહેલ નક્ષત્રોમાં ગૃહારંભ કરવાથી ઘરમાં આગ લાગે છે.
- આગલા પગમાં રહેલા નક્ષત્રોમાં ગૃહારંભ કરવાથી ઘરમાં સ્થિરતા બની રહે છે.
- પીઠ પર રહેલ નક્ષત્રોમાં ગૃહારંભ કરવાથી ઘરમાં સ્થિરતા બની રહે છે.
- ડાબી બાજુમાં રહેલ નક્ષત્રોમાં ગૃહારંભ કરવાથી લાભ થાય છે.
- પૂંછ પર રહેલ નક્ષત્રોમાં ગૃહારંભ કરવાથી સ્વામીનો નાશ થાય છે.
- જમણી બાજુમાં રહેલ નક્ષત્રોમાં ગૃહારંભ કરવાથી દરિદ્રતા આવે છે.
- મુખ પર રહેલ નક્ષત્રોમાં ગૃહારંભ કરવાથી ઘરમાં સદૈવ રોગ, પીડા અને ભય વ્યાપેલો રહે છે.

## ૭.૮.૭ નક્ષત્ર સંબંધી ફળકથન

વૃષ વાસ્તુ વિચાર કરતી વખતે અન્ય નક્ષત્રોનો પણ વિચાર કરવો પડે છે.

માનવ આવશ્યકતાનુસાર અનુકૂળ પરિસ્થિતિ અનુસાર કોઈપણ સ્થાન પર શુભ લગ્નનો વિચાર કરીને ગૃહારંભ કરી શકાય છે. આ વાત સત્ય છે કે જયા મન શુદ્ધ છે ત્યાં કાર્યો હંમેશા શુભ થાય છે. તિથિ, નક્ષત્રાદિ શુભ ન મળે તો માત્ર લગ્ન શુદ્ધિ કરીને કાર્ય કરવું જોઈએ.

જન્મરાશિ થી ૩, ૬, ૧૦, ૧૧મી રાશિમાંથી કઈ લગ્ન રાશિ હોય અને લગ્નનાં આઠમા અને બારમું સ્થાન ગૃહરહિત હોય, લગ્નમાં શુભગ્રહની દૃષ્ટિ હોય અથવા તો શુભગ્રહ હોય અને ચંદ્રમાં ૩, ૬, ૧૦, ૧૧માં ભાવમાં હોય તો કાર્યસિદ્ધિ થાય છે.

ગૃહારંભ સમયે જો સૂર્ય નિર્બળ અને અશુભ ભાવમાં હોય તો ગૃહસ્વામીનું મૃત્યુ થાય છે. ચંદ્રમા નિર્બળ યા તો અસ્તભાવમાં હોય તો તેની સ્ત્રીનું મૃત્યુ થાય છે. ગુરૂ નિર્બળ અસ્ત યા અશુભ ભાવમાં હોય તો ધનનો નાશ થાય છે. શુક્ર ગ્રહ નિર્બલ હોય તો સુખનો નાશ થાય છે.

ગૃહારંભ કરતી વખતે ચંદ્ર નક્ષત્ર ઘરના નક્ષત્રની આગળ પડે છે તો ગૃહસ્વામી ઘર પર રહેતો નથી જો તે પાછળ પડે તો ચોરીનો ભય રહે છે.

### ગૃહારંભ નક્ષત્ર વિચાર

ગૃહા નિર્માણનો મુહૂર્ત વિચાર કરતી વખતે તે જોવું જોઈએ કે સૂર્ય કયા નક્ષત્રમાં છે, જે નક્ષત્રમાં હોય તેનાથી સાવ નક્ષત્ર અશુભ, તેના આગળના અગિયાર નક્ષત્ર શુભ અને પછીના અશુભ હોય છે.

**નક્ષત્ર ચક્રમ ૪૪**

| સૂર્ય નક્ષત્રથી | પ્રથમ સાત નક્ષત્ર | પછીના અગિયાર નક્ષત્ર | પછીના દસ નક્ષત્ર |
|---|---|---|---|
| ફળ | અશુભ | શુભ | અશુભ |

## ૭.૮.૮ ઘરની આયુ અને તેનું ભવિષ્ય

### ખાતમુહૂર્ત અને ઘરની આવરદા તથા ભવિષ્ય

➢ ખાતમુહૂર્ત વખતે જે કુંડળી બને છે, ત્યારે જ ઘરનું આયુષ્ય અને ભવિષ્ય નકકી થઈ જાય છે. જો ખાતમુહૂર્તની કુંડળીમાં કેન્દ્રમાં ગુઢ, શુક્ર જેવા શુભગ્રહો તેમજ શનિ, મંગળ, સૂર્ય જેવા પાપગ્રહો ત્રીજે, છઠ્ઠે કે ૧૧મે હોય, ચંદ્ર ૧૦મા સ્થાને હોય તો આવા ગ્રહયોગો ઘરનો દીર્ઘાયુષ્ય આપે છે.

➢ તેમાંય ગુઢ, શુક્ર જો ઉચ્ચના હોય કે ત્રીજે, છઠ્ઠે અથવા ૧૧માં રહેલા મંગળ, શનિ કે સૂર્ય પણ ઉચ્ચના હોય તો તે ઘર ખૂબજ લાંબાકાળ સુધી ટકે છે.

➢ મંગળ, મૂળ, પૂષ્ય, રેવતી, મઘા, શુક્રનું નક્ષત્ર પૂ.ષા. કે ચંદ્રના નક્ષત્રોમાં હોય અને તે દિવસે મંગળવારનો પણ યોગ થતો હોય, તો તે સમયમાં કરેલ ખાતમુહૂર્ત ઘરને અગ્નિથી બાળે છે. કારણ કે મંગળ અગ્નિગ્રહ છે.

➢ શુક્ર, ચિત્રા, વિશાખા, કેતુનું નક્ષત્ર અશ્વિની, ઘનિષ્ઠા કે આર્દ્રામાં હોય અને ખાતમુહૂર્ત વાર પણ શુક્ર હોય તો ઘરમાં સર્વ પ્રકારના રસ વધે છે. સ્ત્રી સુખ મળે છે.

➢ ગુઢ, પુષ્ય, શ્રવણ, મૃગશીર્ષ, પૂર્વાષાઢા નક્ષત્રમાં હોય અને ગુરૂવારનો પણ યોગ હોય ત્યારે ખાતમુહૂર્ત થાય, તો ઘરમાં ગુઢની કારક બાબતો જેમ કે ધન-સંપત્તિ, પુત્ર સુખ, વિદ્યા, સંસારસુખ મળે છે.

➢ ઘરમાં સુખ માટે બુધ પણ જોવો જોઈએ. બુધ ચિત્રા, હસ્ત, અશ્વિની કે પોતાની પુત્રવધુ રોહિણીના નક્ષત્રનો હોય અને ખાતમુહૂર્તના દિવસે બુધવાર હોય તો ઘરમાં ચતુરપુત્ર થાય છે, સુખ મળે છે. શનિ ભરણી જેવા ક્રૂર નક્ષત્રો હોય કે રાહુના સ્વાતિ નક્ષત્રમાં હોય, કે પૂર્વાષાઢા, જયેષ્ઠા, રેવતી કે અનુરાધામાં હોય અને શનિવાર હોય તો તે દિવસે ખાતમુહૂર્ત થાય તો ઘરમાં દારિદ્રય, શોક અને ભૂતપ્રેતનો વાસ થાય છે કારણ કે શનિ તામસી ગ્રહ છે.

➢ કૃતિકા નક્ષત્રમાં સૂર્ય હોય અને રવિવાર હોય કે કૃતિકામા ચંદ્ર હોય અને સોમવાર હોય ત્યારે ખાત ન કરવું, કારણ કે તેમ કરવાથી ઘરમાં આગ લાગે છે.

ઉપરોકત બધા વમળોમાંથી બચીને ખરેખર શુભ સમય શોધીને ઘર બાંધવાની શરૂઆત કરનાર વ્યકિત દીર્ઘકાલીન સમૃદ્ધિ અને જીવનના આનંદને પામે છે.

## ૭.૮.૯ દેવતા વિષયક (ફળકથન)

પ્રતિષ્ઠામાં લેવાના માસ

> मासे तपस्ये तर्पासप्रतिष्ठा धनायुरारोग्य करी च भुर्तुः ।
> चैत्रे महारूग्भयदा च शुक्रे समाधवे पुत्रधनाप्तये स्यात ।। [૪૫]

માઘ અને ફાગણ માસમાં દેવતાઓની પ્રતિષ્ઠા કરી હોય તો પ્રતિષ્ઠા, ધન, આયુષ્ય અને આરોગ્ય કરનારી છે. ચૈત્ર મહિનામાં મહારોગ અને ભયને આપનારી છે તથા જયેષ્ઠ અને વૈશાખ મહિનામાં કરનારનો પુત્ર અને ધન આપનારી જાણવી.

**દેવતાવિષયક માસ વિશેષ**

દક્ષિણાયાનમાં વારાહ મૂર્તિ, માતૃકા, ભૈરવ, વામન, દુર્ગાદેવી અને નૃસિંહ એ દેવતાઓની પ્રતિષ્ઠા કરવી શુભ છે. શ્રાવણ માસમાં શિવલિંગની પ્રતિષ્ઠા કરવી. આસોમાં જગદંબાની અને માર્ગ શીર્ષમાં વિષ્ણુની પ્રતિષ્ઠા કરવી તથા પોષ માસમાં સર્વ દેવતાઓની પ્રતિષ્ઠા કરવી એમ કેટલાક આચાર્યોએ કહ્યું છે. [૪૬]

**પ્રતિષ્ઠાના વાર**

> तेजस्विनी क्षेमकृदग्निदाह विद्यायिनी स्वाद्वरदां द्दढा च ।
> आनंदकृत्कल्पनिवासिनी च सूर्यादिवारेषु भवेत्प्रतिष्ठा ।। [૪૭]

રવિવારે પ્રતિષ્ઠા કરવાથી તેજસ્વી, સોમવારે મંગલ કરવાવાળી, મંગળવારે અગ્નિદાહ, બુધવારે મનોવાંછિત ફળ આપવાવાળી, ગુરૂવારે સ્થિર, શુક્રવારે આનંદ આપવાવાળી, શનિવારે પ્રતિષ્ઠા કરવામાં આવે તો કલ્પપર્યન્ત અર્થાત્ સૂર્ય, ચંદ્ર રહે ત્યાં સુધી સ્થિર રહેવાવાળી થાય છે.

**દેવાલય નક્ષત્ર**

રોહિણી અને ઉત્તરાત્રય એટલે ઉત્તરાફાલ્ગુની ઉત્તરાષાઢા તથા ઉત્તરા ભાદ્રપદ આ નક્ષત્રો ધ્રુવ અને સ્થિર સંજ્ઞાવાળા છે તેમાં દેવાલય બનાવવા.

**દેવતા અનુકૂળ લગ્નબળ**

> सिहे सूर्यः शिवो द्वंदे लग्ने स्थाप्यः स्त्रियां हरिः ।
> कुंभे वेधारे क्षुद्रा द्वयङ्गे देव्यः स्थिरेऽखिलाः ।। [૪૮]

અર્થાત્ સિંહ લગ્નમાં સૂર્યની મિથુન લગ્નમાં શિવની, કન્યા લગ્નમાં વિષ્ણુની, કુંભ લગ્નમાં બ્રહ્માની, ચર લગ્નમાં ક્ષુદ્રા અર્થાત્ ચોસઠ યોગિણીઓની, દ્વિસ્વભાવ લગ્નમાં દેવીઓની તથા સ્થિર લગ્નમાં સર્વ દેવતાઓની પ્રતિષ્ઠા કરવી.

### દેવતા પ્રતિકૂળ ગ્રહો

પાપગ્રહ (રવિ, મંગળ, શનિ, રાહુ, કેતુ) જો પહેલા, આઠમા, પાંચમા અને સાતમાં સ્થાનમાં રહ્યા હોય અને શુભ ગ્રહ આઠમાં સ્થાનમાં રહ્યા, ચંદ્રમા પહેલા, છઠ્ઠા તથા આઠમા સ્થાનમાં હોય એવી રીતે કુંડળીમાં ગ્રહો બેઠેલા હોય તે લગ્ન દેવની પ્રતિષ્ઠામાં ત્યાગવા યોગ્ય છે.

### પ્રતિષ્ઠા કુંડળીમાં ગ્રહ સ્થાપના

પ્રતિષ્ઠાના સમયે લગ્નકુંડળીમાં સૂર્ય જો ઉપચય (૩-૬-૧૦-૧૧) સ્થાનમાં હોય તો શ્રેષ્ઠ છે. ચંદ્રમાં ધન અને ધર્મસ્થાન સહિત પૂર્વોકત સ્થાનોમાં (૨-૩-૬-૯-૧૦-૧૧) રહ્યો હોય તો શ્રેષ્ઠ છે. મંગળ તથા શનિ ત્રીજે, અગિયારમે, છઠ્ઠા સ્થાનમાં રહયા હોય તે શ્રેષ્ઠ છે. બુધ, ગુરૂ, બારમું અને આઠમું સ્થાન છોડી કોઈપણ સ્થાને રહયા હોય તે સારા છે. શુક્ર લગ્નથી પાંચમા સ્થાન સુધી (૧-૨-૩-૪-૫) તથા ૯-૧૦ અને ૧૧માં સ્થાને રહ્યો હોય તો શ્રેષ્ઠ ગણવો.

### ચંદ્રમાનું ફળ (પ્રતિષ્ઠા)

પ્રતિષ્ઠા કુંડળીનાં વિષે લગ્નમાં (પહેલા ભુવનમાં) ચંદ્રમા હોય તે મૃત્યુ કરે, ધનભુવનમાં બીજામાં ધાન્યની વૃદ્ધિ કરે, પરાક્રમ (ત્રીજામાં) હોય તો કલેશ કરાવે, પાંચમામાં હોય તો સંતાન અને ગોત્રનો ક્ષય કરે, છઠ્ઠા ભુવનમાં હોય તો શત્રુનો ભય કરે, સાતમાં ભુવનમાં હોય તો દુઃખ કરે, આઠમામા હોય તો મૃત્યુ કરે, અગિયારમાં ભુવનમાં હોય તો ધન અને બારમાં ભુવનમાં હોય તો વ્યય ખર્ચ કરાવે.

### દેવકર્મમાં પક્ષતિથિ જ્ઞાન

> शुक्ल कृष्णा वुभौ पक्षौ देव पित्रे च कर्मणि ।
> प्रतिपच्च्व द्वितीया च तृतीया तदन्तरम् ।।
> चतुर्थी पंचमी षष्ठी सप्तमी चाष्टमी तथा ।
> नवमी दशमी चैव कौदशी द्वादशी ततः ।।
> त्रयोदशी ततो ज्ञेया ततः प्रोक्ता चतुर्दशी ।
> पौर्णिमा शुक्लपक्षे तु कृष्णपक्षेत्वमा स्मृता ।।[૪૧]

દેવ કર્મમાં શુકલ પક્ષ અને પિતૃકર્મમાં કૃષ્ણ પક્ષ (૧) પ્રતિપદા (૨) દ્વિતિયા (૩) તૃતિયા (૪) ચતુર્થી (૫) પંચમી (૬) ષષ્ઠી (૭) સપ્તમી (૮) અષ્ટમી (૯) નવમી (૧૦) દશમી (૧૧) એકાદશી (૧૨) દ્વાદશી (૧૩) ત્રયોદશી (૧૪) ચતુર્દશી (૧૫) શુકલ પક્ષમાં પૂર્ણિમા (૩૦) કૃષ્ણ પક્ષમાં અમાવસ્યા કહી છે.

## ૭.૯ ગૃહપ્રવેશ સંબંધી ફલાદેશ

### ૭.૯.૧ ભૂમિકા

**ગૃહ પ્રવેશ**

જ્યોતિષમાં મુહૂર્તનં મહત્ત્વ વધારે છે. મુહૂર્ત વગર કોઈપણ કાર્ય યશદાયક બનતું નથી. મકાનની ચાર દિવાલમાં પ્રવેશ કર્યા પછી કઈ દિશામાં વળીને પ્રવેશ કરવામાં આવે છે તેને આધારે પ્રવેશના પ્રકાર પડે છે.

### ૭.૯.૨ પ્રવેશ પ્રકાર વિચાર:

❋ **પ્રતીકાત્મક પ્રવેશ**

મકાન (વાસ્તુઘર)નું દ્વાર પશ્ચિમાભિમુખ હોય અને પૂર્વ દિશામાં પ્રવેશ કર્યા પછી પ્રાકૃતિક માર્ગે ચાલ્યા પછી વાસ્તુઘરમાં પ્રવેશ થતો હોય તો તેવા ઘરને પ્રતીકાત્મક પ્રવેશ કહેવાય છે.

જમણી બાજુ તરફ વળતો માર્ગ સૃષ્ટિ માર્ગ કહેવાય છે અને ડાબા હાથ તરફ માર્ગ સંહારમાર્ગ કહેવાય છે.

શકુનશાસ્ત્રમાં પણ જમણા હાથને મિત્ર કહેલ છે. તેથી ગાય, બ્રાહ્મણ, જળનો ઘડો, દૂધ વગેરે માર્ગના જમણા હાથ તરફ મળે, શુભ શુકન કહેવાય છે. જયારે ગાય વગેરે જો માર્ગ પર ડાબા હાથ તરફ સ્થિત હોય તો અશુભ ગણાય છે. પરંતુ સર્પ, બિલાડી, ગાય, બ્રાહ્મણ વગેરે પ્રાણીમાર્ગ ઉપર ચાલતી વ્યકિતની આ જો ડાબા હાથ તરફથી જમણા હાથ તરફ જાય તો શુભ શુકન ગણાય છે. આમ, જે ઘરના ફળિયામાં પ્રવેશ્યા પછી જમણી તરફ વળીને ચાલવામાં આવે અને ત્યારપછી વાસ્તુઘરમાં પ્રવેશ થાય તે સૃષ્ટિમાર્ગીય પ્રવેશ છે તે શુભ છે.

❋ **હીનબાહુ પ્રવેશ**

જે ઘર દક્ષિણાભિમુખ હોય તેમા ફળિયામાં પ્રવેશી ડાબી તરફ (સંહારમાર્ગે) વળી તે ઘરમાં પ્રવેશ થતો હોય તો આવા પ્રવેશને હીનબાહું પ્રવેશ કહેવાય છે.

❋ **ઉત્સંગ પ્રવેશ**

જે ઘર ઉત્તરાભિમુખ હોય તેમાં ખડકીમાં પ્રવેશી ત્યારબાદ સૃષ્ટિમાર્ગે ચાલીને તે ઘરમાં પ્રવેશ થતો હોય તો આવા પ્રવેશને ઉત્સંગ પ્રવેશ કહે છે. જે શુભ છે.

❋ **પૂર્ણબાહુ પ્રવેશ**

જે ઘર પૂર્વાભિમુખ હોય અને ખડકીમાં પશ્ચિમ તરફ પ્રવેશ કરી કયાંય વળ્યા વિના સીધો

વાસ્તુઘરમાં દ્વારમાં પ્રવેશ કહેવામાં આવે છે. આવા પ્રવેશવાળા ઘરમાં રહેનારાઓને પુત્ર-પૌત્ર, ધન-ધાન્ય વગેરે દરેક પ્રકારનું સુખ પ્રાપ્ત થાય છે.

વામબાહુ પ્રવેશ

પૂર્વાભિમુખ મકાનમાં ડાબી ભૂજા તરફ વળીને પ્રવેશ થાય તો તેને વામબાહુ પ્રવેશ કહે છે. આવા ઘરમાં પડતી, રોગ, ધનનાશ, કુમતિ અને પ્રમાદ થાય છે. આવું મકાન મહેલ જેવું હોય તો પણ અંતે ભાંગી જાય છે. આમ, તો આ મકાન હીનબાહું પ્રવેશવાળુ મકાન જ છે.

## ૭.૯.૩શુભાશુભ માસ

'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ'માં અને શિલ્પરત્નાકરઃમાં પણ શુભાશુભ માસનું ફળકથનનો ઉલ્લેખ થયેલો છે. જેની ચર્ચા આગળના મુદ્દામાં વિસ્તૃત રીતે થઈ ગયેલ છે.

| | |
|---|---|
| ચૈત્ર – શોક | શ્રાવણ – ધન અને પશુવૃદ્ધિ |
| વૈશાખ – લાભ | ભાદરવો – ઘર ઉજજડ |
| જયેષ્ઠ – મૃત્યુ, ગ્રહપીડા | આસો – ગૃહ કલેશ |
| અષાઢ – પશુનાશ | કારતક – નોકરોથી શનિ |
| માગશર – ધનલાભ | પોષ – ધન પ્રાપ્તિ |
| મહા – અગ્નિામય | ફાગણ – લક્ષ્મીવૃદ્ધિ |

## ૭.૯.૪શુભવાર, શુભ નક્ષત્રો, શુભ લગ્નો

**વાર**

| | | |
|---|---|---|
| સોમવાર – સારો | ગુરૂવાર – સારો વૃદ્ધિ | |
| બુધ – વ્યાપારવર્ધક | શુક્ર – રસવૃદ્ધિ | |
| રવિવાર – અશુભ | મંગળવાર – ઉગ્ર | શનિ – ચોર ભય |

**શુભ નક્ષત્ર**

ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ, રોહિણી, મૃગશિરા, ચિત્રા, અનુરાધા અને રેવતી નક્ષત્ર શુભ છે.

### શુભલગ્ન

વૃષભ, સિંહ, વૃશ્ચિક, કુંભ રાશિનું લગ્ન ઉત્તમ માનવામાં આવે છે. મિથુન, કન્યા, ધનુ અને મીન રાશિનું લગ્ન મધ્યમ છે. લગ્નેશ બલિ કેન્દ્ર ત્રિકોણમાં શુભગ્રહ અને ૩, ૬, ૧૦ અને ૧૧માં ભાવમાં પાપગ્રહ હોવો જોઈએ.

એ ધ્યાન રાખવું જોઈએ કે ગૃહપ્રવેશ સમયે સૂર્ય ડાબા ભાગમાં હોય તે શુભ છે. લગ્નથી ૮, ૯, ૧૦માં અને ૧૨માં ભાવમાં સૂર્ય હોય તો પૂર્વ મુખના દ્વારવાળા ભવનમાં ૫, ૬, ૭, ૮ના ત્રીજા ભાવમાં સૂર્ય હોય તો દક્ષિણ મુખના દ્વારવાળા ભવનમાં ૧૧, ૧૨, ૧, ૨ અને (ત્રીજ)ના ભાવમાં સૂર્ય હોય તો ઉત્તરમુખના દ્વારવાળા ભવનમાં રવિ ડાબા ભાગમાં હોય છે.

જો ગૃહારંભ કરતી વખતે વાસ્તુ પુઢષનું પૂજન કર્યુ હોય તો વિધિપૂર્વક ગૃહપ્રવેશ કરતી વખતે વાસ્તુશાંતિ માટે યજ્ઞાદિ કરીને, બ્રાહ્મણો, મિત્રો પરિજનોને ભોજન આપવું જોઈએ. તુલસીનો છોડ સ્થાપિત કરવો જોઈએ.

### ગૃહ પ્રવેશ નક્ષત્રો

સૂર્યના નક્ષત્રથી ગૃહપ્રવેશના દિવસના નક્ષત્ર સુધીના ગણતા ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૨૪, ૨૫, ૨૬ ૨૭ આટલા શુભ બાકીના અશુભ.

સૂર્યના નક્ષત્રથી ગણતા પહેલા ચંદ્ર નક્ષત્રમાં ગૃહપ્રવેશ થાય તો તેનું ફળ અગ્નિદાહ, ત્યાર પછીના નક્ષત્રોમાં ગૃહ પ્રવેશ કરે તો ઘર વસવાટ વગરનું થાય. પછીના ચાર શુભ નક્ષત્રો પછી ચાર નક્ષત્રો લાભ થાય. પછીનાં પાંચ નક્ષત્રનો ગૃહ પ્રવેશ કલેશ કરાવો તે પછીના ચાર નક્ષત્રોનું ફળ વિનાશરૂપ ત્યારબાદનાં ત્રણ નક્ષત્ર સ્થાયી વસવાટ આપે અને તે પછીનું નક્ષત્ર ઘરમાં દીર્ઘકાલીન સ્થિતિ કરાવે.

## ૭.૯.૫ તિથિઓ અને ગૃહપ્રવેશ – શૂલવિચાર

### ગૃહ પ્રવેશ – શૂલ વિચાર

### શુભ તિથિ

શુકલપક્ષની દ્વિતીય, ત્રીજ, પંચમી, છઠ, સાતમ, દશમ, અગિયારસ, તેરસ વગેરે શુભ તિથિ છે.

- જયેષ્ઠા નક્ષત્રને શનિ કે સોમવાર શૂલવાસ પૂર્વમાં હોય છે.
- પૂ. ભાદ્રપદ નક્ષત્ર ગુરૂવાર હોય, દક્ષિણમાં શૂળ હોય
- ઉ. ફાલ્ગુની નક્ષત્ર મંગળ કે બુધવાર હોય ત્યારે ઉત્તરમાં શૂળવાસ હોય છે. જે દિશામાં શૂળ હોય ત્યારે ગૃહ પ્રવેશ માટે ન નીકળવું.

### ડાબા સૂર્યનો વિચાર

પૂર્વાભિમૂખ ઘરમાં પ્રવેશકાળ કુંડળીમાં ૮ મો, ૯મો, ૧૦ મો, ૧૧ મો સૂર્ય હોય તો ડાબો ગણાય, પશ્ચિમમાભિમુખ ઘરમાં બીજો, ત્રીજો, પાંચમો, છઠ્ઠો સૂર્ય ડાબો ગણાય.

ઉત્તરાભિમુખ ઘરમાં ૧૧, ૧, ૨, ૩ સ્થાનમાં સૂર્ય ડાબો ગણાય. દક્ષિણાભિમુખ ઘરમાં ૫મો, છઠો, ૭, ૮, ૯મો સૂર્ય ડાબો ગણાય. ગૃહ પ્રવેશમાં ડાબો સૂર્ય સાથે ગણાય અને ચંદ્ર જમણો સારો ગણાય છે.

## ૭.૯.૬ દ્વાર વિચાર, રાહુ વિચાર, યોગ વિચાર

### દ્વાર વિચાર

| | |
|---|---|
| પૂર્વાભિમુખ દ્વાર હોય તો | ૫, ૧૦ પૂનમનો ગૃહપ્રવેશ શુભ |
| પશ્ચિમ દ્વાર હોય તો | બીજ, સાતમ, બારસ, તિથિ શુભ |
| ઉત્તર દ્વાર હોય તો | ૩, ૮, ૧૩, ગૃહપ્રવેશ માટે શુભ |
| દક્ષિણ દ્વાર હોય તો | પડવો, છઠ, અગિયારસ શુભ |

### રાહુ વિચાર

| | | |
|---|---|---|
| રવિવાર | નૈઋત્યમાં રાહુ | વાયવ્યમાં રાહુ |
| સોમ | ઉત્તરમાં રાહુ | મૃગશીર્ષ, પોષ, માઘામાસ પૂર્વમાં રાહુ |
| મંગળ | અગ્નિમાં રાહુ | ફાગણ, ચૈત્ર, વૈશાખ, – દક્ષિણમાં રાહુ |
| બુધ | પશ્ચિમમાં રાહુ | જેઠ, અષાઢ, શ્રાવણ – પશ્ચિમમાં રાહુ |
| ગુરૂ | ઈશાનમાં રાહુ | ભાદરવો આસો, – ઉત્તરમાં રાહુ |
| શુક્ર | દક્ષિણમાં રાહુ | કારતક |
| શનિ | વાયવ્યમાં રાહુ | કારતક માસ |

### યોગ વિચાર

રવિવાર મઘા નક્ષત્ર હોય તો યમઘંટ યોગ થાય, આ યોગમાં ગૃહપ્રવેશ નિષેધ છે. ઘરધણીનું મૃત્યુ થાય. અન્ય રીતે યમઘંટ યોગ થાય છે.

| **નક્ષત્ર** | **વાર** | **યોગ** |
|---|---|---|
| હસ્ત | સોમવાર | વિશાખા નક્ષત્ર યોગ |
| મૃગશિરા | મંગળવાર | આર્દ્રા નક્ષત્ર યોગ |
| અશ્વિન | બુધવાર | મૂળ નક્ષત્ર યોગ |
| અનુરાધા | ગુરૂવાર | કૃતિકા નક્ષત્ર યોગ |
| પુષ્ય | શુક્રવાર | રોહિણી નક્ષત્ર યોગ |
| રેવતી | શનિવાર | હસ્ત નક્ષત્ર યોગ |
| રોહિણી | રવિવાર | અમૃતસિદ્ધિ નક્ષત્ર યોગ |

એ સિવાય શુભયોગની શરૂઆતની પાંચ ઘડી (૧૨૦ મિનિટ) છોડવી તે પછી ગૃહ પ્રવેશ કરી શકાય.

**એક વિશિષ્ટ યોગ**

શનિવાર, સ્વાતિ નક્ષત્ર, સિંહ લગ્ન, સુદ પક્ષ, સાતમ તિથિ, શ્રાવણ મહિનો અને શુભ યોગ એમ સાત સકાર જયારે મળે તે સમયે જો કોઈ વ્યકિત ઘર બાંધવાની શરૂઆત કરે તો તેને ઘરના વાસ્તુપુઢષ થકી ધન-ધાન્ય, પુત્ર-પૌત્રૌ વગેરે સર્વ પ્રકારના સુખ અને સમૃદ્ધિ મળે છે.

इज्योत्तरात्रयाहीन्दु विष्णुधातृजलोहेषु ।
गुरूणा सहितेष्वेषु कृतं गेहेश्रिया ध्रुतम् ।।
द्विदेवत्वाष्टावारेशरूद्रारित्य वसुङ्क्षु ।
शुक्रेण सहितष्वेषु कृतं धान्यप्रदं गृहम् ।।
हस्तार्यमत्वाष्ट्र दस्त्र चतुरास्येन्दुभेषु च ।
बुधेन सहितेष्वेषु धन-पुत्र सुख प्रदम् ।।[५०]

પુષ્ય, ત્રણે ઉત્તરા, આશ્લેષા, મૃગશીર્ષ, શ્રવણ, રોહિણી અને પૂર્વાષાઢા આ નક્ષત્રો ઉપર બૃહસ્પતિ હોય અથવા ગુરૂવાર હોય તો ગૃહ લક્ષ્મીથી પૂર્ણ રહે.

વિશાખા, ચિત્રા, અશ્વિની, આર્દ્રા, પૂનર્વસુ, ઘનિષ્ઠા નક્ષત્રો ઉપર શુક્ર અથવા શુક્રવાર હોય તો ગૃહારંભ કરવાથી ગૃહ ધન-ધાન્યથી ભરપૂર રહે, હસ્ત, ઉત્તરા, ફાલ્ગુની, ચિત્રા, રોહિણી, અશ્વિની એ નક્ષત્ર ઉપર બુધ અથવા બુધવાર હોય તો ગૃહારંભ કરવાથી ગૃહ, ધન, પુત્ર આપવા વાળું થાય.

**અશુભ ફળ**

મઘા, પુષ્ય, પૂર્વા ફાલ્ગુની, હસ્ત, રેવતી એ નક્ષત્ર ઉપર મંગળ કે મંગળવાર હોય તો ગૃહારંભ કરે તો ગૃહ અગ્નિથી બળી જાય, પૂર્વા ભાદ્રપદ, ઉત્તરા ભાદ્રપદ, ભરણી, અનુરાધા, જયેષ્ઠા, સ્વાતિ કોઈ નક્ષત્ર ઉપર હાનિ હોય અથવા શનિવાર હોય તે ગૃહમાં બાળકને હાનિ થાય છે.

**શુભ સમય**

ખાતમુહૂર્ત હંમેશા સવારે કરવું. મધ્યાહ્‌ને ખાતમુહૂર્ત કરવાથી માલિકનો નાશ થાય છે. સંધ્યાકાળે ખાતમુહૂર્ત કરવાથી કુટુંબકલહ થાય છે.

**શુભપક્ષ**

ગૃહ નિર્માણમાં શુકલપક્ષ જ ગ્રાહ્ય છે. તે શ્રેષ્ઠ છે. કૃષ્ણપક્ષમાં ગૃહનિર્માણ કરવાથી ચોરીનો ભય રહે છે.

## ૭.૯.૭જીર્ણોદ્ધાર થયેલ ગૃહમાં પ્રવેશઃ એક વિવેચન

કોઈપણ કારણોસર પડી ગયા પછી જીર્ણોર્દ્ધાર કરાયેલા અથવા સમારકામ બાદ, ઘરનું નૂતનીકરણ થયા પછી, પ્રવેશ કરવાનો હોય તો માગશર, કારતક અને શ્રાવણ મહિનામાં પ્રવેશ કરવામાં કોઈ હરકત નથી. પરંતુ તુ સમયે શતતારકા, સ્વાતિ, પુષ્ય અથવા ઘનિષ્ઠા નક્ષત્રમાં સૂર્ય હોવો જોઈએ. નવા બંધાયેલા વાસ્તુસ્થાનકમાં જયારે પ્રવેશ કરવો હોય, ત્યારે સમયશુદ્ધિ અવશ્ય જોઈ લેવી અને સર્વેના ક્ષેમકલ્યાણ માટે વાસ્તુશાંતિ કરાવવી.

**જીર્ણોદ્ધાર ગૃહપ્રવેશ**

કોઈપણ કારણોસર ઘરને ફરીથી બનાવડાવ્યુ હોય તો પણ ઘરમાં પ્રવેશતી વખતે નિમ્ન બાબતોનું ધ્યાન રાખવું જોઈએ.

**શુભ નક્ષત્ર**

શતભિષુ, પુનર્વસુ, સ્વાતિ, ઘનિષ્ઠા, અનુરાધા, રોહિણી, મૃગશિરા, રેવતી, ઉત્તરા ફાલ્ગુન, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર શુભ છે.

**શુભવાર**

સોમવાર, બુધવાર, ગુરૂવાર, શુક્ર, શનિ

**શુભતિથિ**

શુકલપક્ષની બીજ, ત્રીજ, પાંચમ, સાતમ, દશમ, એકાદશી, બારસ અને તેરસ.

**શુભ લગ્ન**

નવા ઘર પ્રવેશની જેમ જ પ્રવેશ કરવાનો છે.

**અન્ય વિચાર**

ચંદ્રબળ લગ્ન શુદ્ધિ અને ભદ્રાદિનો વિચાર કરવો જોઈએ. નવા બંધાયેલા વાસ્તુસ્થાનકમાં જયારે પ્રવેશ કરવો હોય ત્યારે સમય શુદ્ધિ અવશ્ય જોઈ લેવી અને સર્વેના ક્ષેમકલ્યાણ માટે વાસ્તુશાંતિ કરાવવી.

## ૭.૧૦ ગૃહમાં દેવસંબંધી ફલાદેશ

### ૭.૧૦.૧ ભૂમિકા

જેવી રીતે ગૃહમાં પ્રવેશ સંબંધી ફલાદેશો આગળ ચર્ચાયેલા છે તેવી જ રીતે ગૃહમાં દેવ સંબંધી ફલાદેશ અર્થાત્ કઈ પ્રતિમા પૂજવી, તેનું પ્રમાણ કેટલું રાખવું, વળી કઈ પ્રતિમાઓ પૂજવાનું નિષેધ છે તેના સંબંધી ફલાદેશો આપેલા છે.

### ૭.૧૦.૨ ઘરમાં પ્રતિમા પૂજવાનું પ્રમાણ

आरभ्यैकाङ्गुलादूर्ध्वं पर्यन्तैकादशाङ्गुलम ।
गृहेषु प्रतिमा पूज्या नाधिका शस्यते ततः ।। [૫૧]

ઘરમાં એક આગળથી ૧૧ આંગળ સુધીની પ્રતિમાઓ પૂજવી. એથી અધિક પ્રમાણની પ્રતિમાઓ પૂજવી સારી નથી.

દક્ષિણ દિશામાં રહેલો ભૈરવ લોકમાં સુખકારી છે પરંતુ મુખ્ય પ્રાસાદ કરી ભૈરવની પ્રતિષ્ઠા કરવી નહિ. કારણ કે ભૈરવ મહાભયંકર દેવતા છે.

તેવી જ રીતે નરસિંહ, વરાહ ભગવાન, વગેરે બીજા દેવો પણ ભયંકર છે. તેથી તેમનાં પણ મુખ્ય દેવાલયો કરી સ્થાપન કરવા નહિ. તેમજ દેવતાઓની પ્રતિમાઓ અધિક અંગવાળી અને હીન અંગવાળી કદાપિ કરવી નહિ.

### ૭.૧૦.૩ ઘર-મંદિરમાં મૂર્તિ સ્થાપન નિષેધ

વૈરાગ્યવાન નેમિનાથ, મલ્લિનાથ અને મહાવીર સ્વામી આ ત્રણ તીર્થંકરોની દેવાલયોમાં જ સ્થાપના કરવી. ઘરમંદિરમાં સ્થાપના કરવા શુભકર્તા નથી. કર્ણ, પ્રતિરથ, ભદ્ર આદિ અંગવાળું તથા તિલક, ઉઢશૃંગથી વિભૂષિત બનાવેલો લાકડાનો શિખરબંધ પ્રાસાદમાં ઘરમાં પૂજવો નહિ તેમ ઘરમાં રાખવો પણ નહિ.

## ૭.૧૦.૪ ધ્વજવેધ

न कदापि घ्वजादंडो स्थाप्यो वै गृहमंदिरे ।
कलशामरसारौ च शुभदौ परिकीर्तितौ ।। [૫૨]

ઘરમંદિર ઉપર ધ્વજાદંડ કદી ચઢાવવો નહિ. પરંતુ આમલસારો તથા કળશ ચઢાવવો શુભકર્તા છે.

ઘર પર મંદિરની ધજાનો છાંયો પડે તો વેધ કહેવાય છે. ઘર પર કોઈપણ મંદિરની ધજાનો છાયો ન પડવો જોઈએ. ધ્વજાવેધ લીધે, અર્થાત્ મંદિરની સમીપ વસવાથી આજીવિકાના પ્રશ્ન, રોગો, અંધાપો, બ્લડપ્રેશર, હૃદયરોગ, સંધિવા, પેરેલીસીસ, ઘરનાં કોઈ સભ્યમાં મંદબુદ્ધિત્વ, પાગલપન, વળગાડ, શરીરમાં દેવનો આવેશ પિત્ત-વાયુના દર્દો પ્રજાનો નાશ વગેરે થાય છે.

મંદિરમાં શિવાલયની સમીપ વસવું ખતરનાક છે. રૂદ્રની સાથે તેના ગણો ભૂત-પ્રેત પણ મંદિરમાં વસતા હોય છે. તઓ મંદિરની બાજુમાં રહેતા લોકોને જાત-જાતનાં ઉપદ્રવો કરી શકે છે. દોષમાં આવનારને પણ દંડ દે છે. ઢદ્ર દેવ ઉગ્ર હોવાથી શિવાલયની નજીકમાં રહેનારા લોકનાં સ્વભાવ રૂદ્ર જેવા ઉગ્ર અને ક્રોધી થઈ જાય છે. ઘરમાં ભાઈ કે બાપ દીકરામાં પણ લડાઈ થાય છે. ઉગ્ર તાવ, શસ્ત્રક્રિયા પણ થાય છે. આધિદૈવિક ઉત્પાતો થાય છે.

હનુમાનજીના મંદિરની પાસે રહેનારનાં ઘરમાં શોક-દુઃખ દારિદ્રય અને કેન્સર અને વાતરોગો પણ થઈ શકે છે. હનુમાનજીના મંદિરની આજુબાજુના ઘર જીર્ણ થઈને પડી જાય છે. હનુમાનજીના શનિનો અંશ રહે છે અને શનિ તેના દોષમાં આવ્યાથી દુઃખ શોક, મૃત્યુ અને દારિદ્રય આવી જાય છે.

જિન તીર્થકરના પ્રાસાદ પાછળ શિવ-સૂર્યની આગળ, બ્રહ્મા વિષ્ણુના વામદક્ષિણ અને ચંડીદેવીના ચારે બાજુમાં ગૃહ કરવું નહી.

જો પ્રતિમા કાષ્ઠની, લેપની, પથ્થરની, દાંતની રંગથી ચિત્રેલી અને લોહની હોય તેમજ જે અધિક માનવાળી તથા દેવ પરિવાર રહિત હોય તે પ્રતિમા ઘરમાં પૂજવી નહિ.

ખોડિયારમાં, અંબા-વાઘેશ્વરી જેવા મંદિરો અને માતાજીના મઢો, શૂરાપૂરા, સતી-સૂરધનના સ્થાનકોની બાજુમાં ઘરોમાં પણ ધ્વજાવેધ લાગે છે, ઘરમાં પણ જો માતાજીનો મઢ, શૂરાપૂરા કે સતી-શિકોતેર અથવા મેલડી વગેરે હોય તો ત્યારે દોષ લાગે છે.

ઘરમાં દેવમંદિર ન બનાવવું, કારણ કે વારંવાર દેવના દોષમાં આવવાનું થાય છે. મંદિરમાં બને ત્યાં સુધી લક્ષ્મી, વિષ્ણુ, કૃષ્ણ, રામ-સીતા જેવા સાત્ત્વિક પાત્રોનાં જ ફોટાઓ રખાય.

ઘરમાં રાખેલ મંદિરમાં રહેલ દેવની પ્રાણપ્રતિષ્ઠા ન કરવી. માત્ર બને ત્યાં સુધી ફોટાઓ જ રાખવા. જો ઘર મંદિરમાં ઉગ્ર પ્રકારના દેવ સ્વરૂપ ધરાવતા હોય તો તે વધારે કષ્ટ આપે છે. વળી, આત્મહત્યા પરિવારના ઝઘડા વગેરે બને છે.

જે ઘરમાં કોઈ દેવ-દેવી હોય તો માત્ર તેનો પૂજાપાઠમાં જ ઉપયોગ કરવો, નહિ તો તે ઘરમાં રહેવાથી જન્મ કુંડળી શાપિતયોગ કે કાળસર્પયોગ જેવા ભયાનક યોગો આવે છે.

ગૃહસ્થના ઘરમાં ગૃહમંદિર હોય તો તે પર કદાપિ ધ્વજદંડ ન ચઢાવવો. આમલસારા અને કલશ ચઢાવવાથી શુભ કીર્તિદાયક છે.

બ્રાહ્મણને ૧૨ અંગુલ મૂર્તિ પ્રમાણ, ક્ષત્રિયને નવ અંગુલ, વૈશ્યને સાત અંગુલ, શુદ્રને પાંચ અંગુલ પ્રમાણની મૂર્તિ ગૃહે પૂજવી.

ગૃહસ્થના ગૃહે પૂજામાં બે લિંગ, ત્રણ ગણપતિ, ત્રણ દેવમૂર્તિ, ત્રણ શંખ, મત્સ્યાદિ દશ અવતારો, દ્વારકાના બે શાલિગ્રામ, દ્વારકાના બે શંખ અને બે સૂર્યમૂર્તિ આ સર્વ એકપૂજામાં રાખવા નહિ. તેથી ઉદ્વેગની પ્રાપ્તિ થાય છે.

ગૃહસ્થે પોતાના ગૃહમાં મૂર્તિ કે લિંગની સ્થિર પ્રતિષ્ઠા કરવી નહિ, સ્થિર પ્રતિષ્ઠા કરવાથી દુ:ખદાયક થાય છે.

પ્રતિમા કાષ્ઠ, લેપ, પાષાણ, હસ્તિદંત, ચિત્ર, લોહપંચધાતુ જો માનથી ન્યુનાધિક હોય કે પરિવાર રહિત હોય તો તે ગૃહસ્થના ઘરે પૂજવી નહિ.

વળી ગૃહમંદિરમાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઈન્દ્ર, સૂર્ય અને કાર્તિકેયનું મુખ, સદૈવ પૂર્વ અથવા પશ્ચિમ  તરફ હોવું જોઈએ. ગણેશ, કુબેર અથવા દુર્ગાનું મુખ સદૈવ દક્ષિણ તરફ હોવું જોઈએ. હનુમાનજીનું મુખ નૈઋત્ય ખૂણામાં હોવું જોઈએ. પૂજાગૃહમાં મૂર્તિઓ એકબીજાની સામે મુખ કરીને રાખવી જોઈએ નહી. દેવી-દેવતાઓ અથવા મૂર્તિઓ ઉત્તરી અથવા દક્ષિણી દિવાલની નજીક રાખવી જોઈએ નહિ.

ઘરમાં બે શિવલિંગ, ત્રણ ગણેશની મૂર્તિઓ, ત્રણ શકિતની મૂર્તિઓ અને માછલુ વગેરે દશ ચિહ્નોથી અંકિત થયેલો શંખ પૂજવો નહિ.

ઉપર કહેલા દેવતાઓનું પૂજન કરવાથી ગૃહસ્થ ઉદ્વેગને પામે છે.

આમ, આ પ્રકરણમાં વાસ્તુ શાસ્ત્રના ફલાદેશોનું વિવરણ થયું.

## પાદ ટીપ

| | | |
|---|---|---|
| (૧) | ભારતીય વાસ્તુ અને ફેંગશૂઈ | દ્વિતીય પ્રકાશ પૃ.-૨૧ |
| (૨) | ભારતીય વાસ્તુ અને ફેંગશૂઈ | દ્વિતીય પ્રકાશ પૃ.-૨૩ |
| (૩) | वास्तु शुभम् एवं व्यावसायिक वास्तुशास्त्र | प्रकरणः २, पृ. २० |
| (૪) | ભૃગુસંહિતા ભાગ - ૨ | પ્રકરણ - ૩૮, પૃ. - ૧૩૪૨ |
| (૫) | शिल्परत्नाकरः | तृतीय रत्न १२१, १२२ |
| (૬) | शिल्प स्मृति वास्तु विद्यायाम् | अ. १, श्लोक ४०, ४१ |
| (૭) | शिल्प स्मृति वास्तु विद्यायाम् | अ. १, श्लोक ४४, ४५ |
| (૮) | बृहद् संहिता | अ. ५३, श्लोक ८८ |
| (૯) | शिल्प स्मृति वास्तु विद्यायाम् (उतरार्ध) | अ. १, श्लोक ६१, ६२ |
| (૧૦) | शिल्प स्मृति वास्तु विद्यायाम् (उतरार्ध) | अ. १, श्लोक ६३ |
| (૧૧) | शिल्प स्मृति वास्तु विद्यायाम् (उतरार्ध) | अ. १, श्लोक ६४ |
| (૧૨) | शिल्प स्मृति वास्तु विद्यायाम् (पूर्वार्ध) | अ. १, १७ |
| (૧૩) | शिल्प स्मृति वास्तु विद्यायाम् (पूर्वार्ध) | अ. १, १८ |
| (૧૪) | शिल्प स्मृति वास्तु विद्यायाम् (पूर्वार्ध) | अ. १, १९ |
| (૧૫) | शिल्प स्मृति वास्तु विद्यायाम् (पूर्वार्ध) | अ. १, २० |
| (૧૬) | शिल्प स्मृति वास्तु विद्यायाम् (पूर्वार्ध) | अ. १, २१ |
| (૧૭) | અક્ષય વાસ્તુ અરવિંદ | પ્રકરણ ૨૧, પૃ.-૯૧ |
| (૧૮) | શ્રીમદ્ ભગવદ્ ગીતા | અ. ૧૫, ૧ |
| (૧૯) | પ્રાર્થના પ્રીતિ | શ્લોક ૧૫, પૃ. ૨૫ |
| (૨૦) | અક્ષય વાસ્તુ અરવિંદ | પ્રકરણ : ૨૧, પૃ.-૯૫ |
| (૨૧) | દીપાર્ણવ | પ્રસ્તાવના, પૃ. ૩૪ |
| (૨૨) | शिल्परत्नाकरः | प्रस्तावना, पृ.- २६ |
| (૨૩) | शिल्प स्मृति वास्तु विद्यायाम् | अ. १, ५५ |

| | | |
|---|---|---|
| (૨૪) | शिल्प स्मृति वास्तु विद्यायाम् (उतरार्ध) | अ. १- ४१ थी ५१ |
| (૨૫) | शिल्प स्मृति वास्तु विद्यायाम् | अ. २, ७१ |
| (૨૬) | शिल्परत्नाकरः | प्रथम रत्न, पृ- ८ |
| (૨૭) | शिल्परत्नाकरः | अ. १, ३५ |
| (૨૮) | शिल्प स्मृति वास्तु विद्यायाम् | अ. ७, १० |
| (૨૯) | शिल्प स्मृति वास्तु विद्यायाम् | अ. ७, पृ. १८१ |
| (૩૦) | शिल्परत्नाकरः | अ. १, श्लोक ६२ |
| (૩૧) | शिल्परत्नाकरः | अ. १ श्लोक ९२ |
| | | दीपार्णव - १-७० |
| | | शि.स्मृ.वा.वि. ७-६१ |
| (૩૨) | ભારતીય વાસ્તુશાસ્ત્ર-એક વૈજ્ઞાનિક દષ્ટિએ | પૃ. - ૧૧૦ |
| (૩૩) | शिल्प स्मृति वास्तु विद्यायाम् | अ. ७, पृ. - १९५ |
| (૩૪) | शिल्प स्मृति वास्तु विद्यायाम् | अ. २, १०३ |
| (૩૫) | शिल्प स्मृति वास्तु विद्यायाम् | अ. २, ८२ |
| (૩૬) | વિશ્વકર્માપ્રકાશ | ૭૫/૨ |
| (૩૭) | અક્ષયવાસ્તુ અરવિંદ | પ્રકરણ-૬, પૃ.-૪૫ |
| (૩૮) | वास्तु शुभम् एवं व्यावसायिक वास्तुशास्त्र | पृ. - ८० |
| (૩૯) | ज्योतिस्तवम् | प्रकरण-१७,पूर्वार्ध ७१,७२, ७३ |
| (૪૦) | ज्योतिस्तवम् | प्रकरण-१७, पूर्वार्ध श्लोक ७४ |
| (૪૧) | शिल्प स्मृति वास्तु विद्यायाम्(पूर्वार्ध) | अ. ४, पृ.- ८४ |
| | शिल्परत्नाकरः | अ. १४, श्लोक १३, १४, १५ |
| (૪૨) | शिल्प स्मृति वास्तु विद्यायाम् | अ. २, श्लोक- २५, २६, २७ |
| (૪૩) | દીપાર્ણવ | અ.૧, શ્લોક- ૬,૭ |
| (૪૪) | वास्तु शुभम् एवं व्यावसायिक वास्तुशास्त्र | पृ.- ६९ |

| | | |
|---|---|---|
| (४५) | शिल्परत्नाकरः | अ. १४, श्लोक १९ |
| (४६) | शिल्परत्नाकरः | अ. १४, श्लोक २०, २१ |
| (४७) | शिल्परत्नाकरः | अ. १४, श्लोक ३७ |
| (४८) | शिल्परत्नाकरः | अ. १४, श्लोक १७१ |
| (४९) | शिल्प स्मृति वास्तु विद्यायाम् | अ. ४, श्लोक २४, २५, २६ |
| (५०) | शिल्प स्मृति वास्तु विद्यायाम् | अ. ४, श्लोक २१८, २१९, २२० |
| (५१) | शिल्परत्नाकरः | अ. ११, १० |
| (५२) | शिल्परत्नाकरः | अ. १२, २०८ |